MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨


વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૨૧-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૧૮ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વડાપ્રધાને તાલકટોરા સ્ટેડિયમમાં વિદ્યાર્થીઓ સાથે 'પરીક્ષા પે ચર્ચા' કરી

ટેકનોલોજીના ગુલામ નહિ મિત્ર બનો: વિદ્યાર્થીઓને મોદી મંત્ર

પરીક્ષાના માર્કસ જ એકમાત્ર જિંદગી નથી,કદી કંઈક બનવાની નહીં પણ કંઈક કરવાના સપના જુઓ,મુડ ઓફ થવો જ ન જોઈએ,નિષ્ફળતાઓમાં પણ આપણે સફળતાનું શિક્ષણ મેળવી શકીએ



શિક્ષણ સિવાયની ઈતર પ્રવૃતિ નહીં કરીએ તો દેશના યુવાનો રોબોટ થઈ જશે,તમારી સાથે-સાથે તમારા વાલીઓનું ટેન્શન પણ હળવું કરવું જરૂરી છે,તમામ કાર્યક્રમોમાંથી આ કાર્યક્રમ મારા મનની સૌથી વધુ નજીક

ન્યુ દિલ્હી

દેશની માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓમાં ટૂંક સમયમાં પરીક્ષાઓની મોસમ શરૂ થવાની છે ત્યારે ગયા વર્ષ જેમ આ વખતે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં દેશભરમાંથી આવેલા વિદ્યાર્થીઓને પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં એક મિત્ર તરીકે સોનેરી સલાહો આપીને તેમને તણાવમુક્ત બનીને પરીક્ષા આપવા તથા ચંદ્રયાન મિશનની નિષ્ફળતાનો દાખલો આપીને એક વડીલ અને શિક્ષક તરીકે પ્રેરણા આપી હતી કે જીવનમાં નિષ્ફળતા એ સફળતાની પ્રથમ સીડી છે તેથી તેનાથી નાસીપાસ ન થતાં પ્રયત્નો ચાલુ રાખવા જણાવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાને પોતાના બાળકોને પરીક્ષામાં સારા ગુણ લાવવા દબાણ કરતાં વાલીઓને અને વિદ્યાર્થીઓને પણ સલાહ આપી હતી કે પરીક્ષામાં સારા ગુણ જ સર્વેસર્વા નથી. કોઈ એક પરીક્ષા આખી જિંદગી નથી. આ એક મહત્વપૂર્ણ પડાવ છે. પરંતુ આ જ બધુ છે એવુ ન માનવુ જોઈએ. હું માતાપિતાને પણ આગ્રહ કરુ છુ કે બાળકોને એવી વાતો ન કરો કે પરીક્ષા જ બધુ છે.

દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે અંદોજે ૨ હજાર વિદ્યાર્થીઓને દેશશના વિવિધ રાજ્યોમાંથી પસંદ કરીને આમંત્રિત કરવામાં આવ્યાં હતા. કાર્યક્રમને પરીક્ષા પે ચર્ચા એવું નામ આપવામાં હતું.

પીએમ નરેન્દ્ર મોદીએ વિવિધ માધ્યમો દ્વારા થઈ રહેલા જીવંત પ્રસારણમાં સંબોધનની શરૂઆતમાં વાતાવરણને હળવુ બનાવવા કહ્યું હતું કે તેઓ આજે બધા છાત્રો સામે એક પીએમની જેમ નહિ પરંતુ એક દોસ્તની

અનુસંધાન પાના નં. ૮

મોદીએ કુંબલેનું પણ ઉદાહરણ આપ્યું

મોદીએ કહ્યું કે, ૨૦૦૨ની મેચમાં કુંબલેને જડબાંમાં બોલ વાગ્યો હતો. બધા વિચારી રહ્યા હતા કે તે બોલિંગ કરી શકશે કે નહીં. જો તે મેદાન પર પાછા ન આવત તો કોઈ તેની સામે પ્રશ્ન કરત નહીં. પરંતુ તેણે નક્કી કર્યું કે તે રમશે અને પટ્ટી લગાવીને બોલિંગ કરવા આવ્યા હતા. તે સમયે બ્રાયન લારાની વિકેટ લેવી મોટી વાત હતી. કુંબલેએ તેને આઉટ કર્યો હતો. એક વ્યક્તિ હિમ્મતથી પરિસ્થિતિનો સામનો કઈ રીતે કરે છે તે જોવા મળ્યું હતું. એક વ્યક્તિનો સંકલ્પ ઘણાને પ્રેરણા આપે છે.

કેન્દ્ર સરકારની કાર્યશૈલીની ટીકા કરતાં સરકારના જ મંત્રી

મોદી સરકાર પાસે પૈસાની કોઈ કમી નથી,નિર્ણય શક્તિનો અભાવ: ગડકરી



નાગપુર

કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ એક કાર્યક્રમમાં એક નિવેદન કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને એમની સરકારને આંચકો આપ્યો છે. કેન્દ્ર સરકારની કાર્યશૈલીની ટીકા કરતાં ગડકરીએ કહ્યું હતું કે, હું સાચું કહું છું, સરકાર પાસે પૈસાની તંગી નથી, પણ સરકારમાં નિર્ણય લેવાની હિંમત નથી.

સરકારી યોજનાઓ પૂરી કરવા માટે સરકાર પાસે પૈસાની કોઈ તંગી નથી, પણ નિર્ણય લેવા માટે જે હિંમત, માનસિકતા જોઈએ એ સરકાર પાસે નથી. ગડકરીએ કહ્યું કે સરકારી યોજનાઓમાં કામ ન થવા માટે સરકારની માનસિકતા અને નકારાત્મક વલણ જ જવાબદાર છે.

ગડકરીએ દાવો કર્યો કે છેલ્લા પાંચ વર્ષમાં મેં ૧૭ લાખ કરોડ રૂપિયાનાં સરકારી કામકાજો કરાવ્યા છે અને આ વર્ષમાં પાંચ લાખ કરોડ રૂપિયાનાં કામકાજો

અનુસંધાન પાના નં. ૮

દિલ્હીની સાકેટ કોર્ટે ચૂકાદો આપ્યો,૨૮ જાન્યુ.એ સજાની દલીલો થશે

મુઝફ્ફરપુર બાલિકા ગૃહ કાંડ: બ્રજેશ ઠાકુર સહિત ૧૯ યૌનશોષણના દોષી

ન્યુ દિલ્હી

બિહારના મુઝફ્ફરપુર બાલિકા ગૃહ કાંડમાં દિલ્હીની સાકેત કોર્ટના શેલ્ટર હોમના સંચાલક બ્રજેશ ઠાકુર સહિત ૧૯ લોકોને યૌનશોષણના દોષિત જાહેર કરવામાં આવ્યા છે. એક આરોપીને કોર્ટે નિર્દોષ જાહેર કર્યો છે. દોષિતોની સજા મામલે હવે ૨૮ જાન્યુઆરીએ દલીલો કરવામાં આવશે. આ કેસ ૭ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ સુપ્રીમ કોર્ટના આદેશથી મુઝફ્ફરપુરની સ્થાનીક કોર્ટથી સાકેત પોક્સો કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ચુકાદા માટે સોમવાર ચોથી તારીખ હતી. આ ચુકાદો એડિશનલ સેશન્સ જજ સૌરભ કુલશ્રેષ્ઠાની અદાલતે આપ્યો હતો. આ કેસમાં સીબીઆઈ પહેલાથી જ ૨૧ આરોપીઓ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી ચૂકી છે. મુખ્ય આરોપી બ્રજેશ ઠાકુર, સૈસ્તા પરવીન ઉર્ફે મધુ સહિત ૨૦ આરોપી જેલમાં છે.

સીબીઆઈ દ્વારા કોર્ટમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં આ આરોપીઓ પર બળાત્કાર નિવારણ અને બાળ લૈંગિક દુર્વ્યવહાર અધિનિયમ (પીઓસીએસઓ) ની કલમ ૬ હેઠળ આરોપ મૂકવામાં

અનુસંધાન પાના નં. ૮

જમ્મુ-કાશ્મીરના શોપિયામાં અથડામણ: હિઝ્બુલના ત્રણ આતંકવાદી ઠાર



શોપિયા

જમ્મુ-કાશ્મીરમાં આજે જવાનો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં સેનાને સફળતા હાથ સાંપડી છે. શોપિયાંમાં થયેલી આ અથડામણમાં જવાનોએ હિઝ્બુલના ત્રણ આતંકવાદીઓને ઠાર કરી દીધા છે. જેમાં પોલીસના એક ભાગેડુનો પણ સમાવેશ થાય છે. આ અથડામણ શોપિયાંના વાચી વિસ્તારમાં થઈ હતી. આતંકવાદીઓને ઠાર કર્યા બાદ જવાનોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાની જાણકારી મળતાની સાથે જ સુરક્ષાકર્મીઓએ શોપિયાં જિલ્લાના વાચી વિસ્તારમાં નાકાબંધી કરીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તેમણે જણાવ્યું કે અમે આતંકવાદીઓને આત્મસમર્પણ કરવા માટે કહ્યું હતું પરંતુ તેમ છતા તેઓએ અમારા પર ગોળીબાર કરવાનું ચાલું રાખ્યું હતું. બંને બાજુથી થઈ રહેલા અંધાધૂંન ગોળીબારમાં ભારતીય જવાનોને હિઝ્બુલના ત્રણ આતંકવાદીઓને ઠાર કરવામાં

અનુસંધાન પાના નં. ૮

નડ્ડા ભાજપના ૧૧મા અધ્યક્ષ તરીકે સર્વાનુમતે ચૂંટાયા

બીજેપીની બાગડોર હવે જે.પી.નડ્ડાના હાથમાં

તેઓ ત્રણ વર્ષ સુધી આ પદ ઉપર રહેશે,નડ્ડાના નામનો પ્રસ્તાવ વિદાયમાન શાહે મૂક્યો,વડાપ્રધાન સહિત તમામ દિગ્ગજ નેતાઓ હાજરી આપી અભિનંદન પાઠવ્યા

ન્યુ દિલ્હી

જેપી નડ્ડા ભારતીય જનતા પાર્ટીના ૧૧માં અધ્યક્ષ બની ગયા છે. તેઓ બિનહરીફ રીતે અધ્યક્ષ પદે ચૂંટાઈ આવ્યા છે. નામ વાપસીની સમય મર્યાદા પૂર્ણ થઈ ગયા બાદ રાધામોહન સિંહે નડ્ડાના નામની જાહેરાત કરી હતી. નડ્ડા ૨૦૨૨ સુધી ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ તરીકે પાર્ટીની કમાન સંભાળશે. પાર્ટીએ સંગઠન ચૂંટણી અધિકારી રાધામોહન સિંહે નડ્ડાને બિનહરીફ તરીકે ચૂંટ્યા હતા. ભાજપના હાલના અધ્યક્ષ અમિત શાહે સંગઠન ચૂંટણી પ્રભારી રાધામોહન સિંહને નવા અધ્યક્ષના નામાંકનનો પ્રસ્તાવ સોંપ્યો હતો. આ દરમિયાન રાધામોહન સિંહે કહ્યું કે 'ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની તમામ બંધારણીય પ્રક્રિયાઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. જગત પ્રકાશ નડ્ડાને ૨૦૧૯થી ૨૦૨૨ સુધી સર્વાનુમતિથી અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે. નડ્ડાની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પસંદગી થવાથી પૂર્વ પાર્ટી અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સહિત પાર્ટીના તમામ નેતાઓએ નડ્ડાને

અનુસંધાન પાના નં. ૮

ભાજપ પરિવારવાદથી નથી ચાલતોઃ શાહ

પાર્ટીના પૂર્વ અધ્યક્ષ અમિત શાહ કાર્યકર્તાઓને સંબોધિત કરી કોંગ્રેસ પર કટાક્ષ કરતા કહ્યું કે, ભાજપ પરિવારવાદથી નથી ચાલતી. આજે આપણા સૌ માટે આનંદની વાત એ છે કે ભાજપે ફરી એક વખત પોતાની પરંપરાનું નેતૃત્વ કરીને એક સામાન્ય કાર્યકર્તાના રૂપમાં તેમની કારકિર્દીની શરૂઆત કરનારા જેપી નડ્ડા બિનહરીફ ચૂંટાયા છે. તેમણે કહ્યું કે, ભાજપ દેશની તમામ પાર્ટીઓથી અલગ એટલા માટે છે કારણ કરે આ પાર્ટી ન તો ધર્મ-જાતિ પર ચાલે છે અને ન તો વંશવાદના આધારે ચાલે છે.



પક્ષના પ્રતિકને ભારતના ખૂણે-ખૂણે સુધી પહોંચાડીશઃ નડ્ડાનો હૂંકાર

નડ્ડા સર્વશ્રેષ્ઠ કામગીરી કરીને બતાવશેઃ મોદીનો વિશ્વાસ

કાર્યકર્તાઓને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, નડ્ડાએ પાર્ટીના વિકાસમાં ઘણું યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે, હું નડ્ડાજી સાથે સ્કૂટર પર બેસીને કામ કરી ચુક્યો છું. જે આદર્શો અને મૂલ્યો સાથે પાંચ પાંચ પેઢીઓ આગળ વધી ગઈ, એ જ આદર્શો અને મૂલ્યો લઈને ભાજપ રાષ્ટ્રની આશા અને અપેક્ષાની અનુરૂપ પોતાને ઢાળવાનો પ્રયાસ કરશે. પાર્ટી હોરિજેન્ટલ વિસ્તાર કરતી રહે છે અને કાર્યકર્તાઓનો વર્ટિકલ વિકાસ થતો રહે છે. આ પરંપરાનું પરિણામ છે. આજે પણ ભાજપને સતત નવી પેઢીઓ મળી આવે છે. આ પેઢીઓ તેમના કાલખંડમાં પાર્ટીને આગળ વધારવામાં સફળ થાય છે અને ઉત્તમ સેવા કરે છે.

WEFની શરૂઆત પહેલા ઓક્સફેમે ટાઈમ ટૂ કેયર રિપોર્ટ જાહેર કર્યો

અંબાણી-અદાણી સહિત ૬૩ અબજોપતિ પાસે દેશના પૂર્ણ બજેટ કરતા વધુ પૈસા

● ભારતમાં ૧ ટકા ધનિક પાસે ૭૦ ટકા ગરીબો કરતાં ૪ ગણી વધુ અધધ...સંપત્તિ

● ૬૩ અબજપતિઓ પાસે બજેટથી પણ વધુ સંપત્તિ,અમીરોની સંપત્તિ એક દશકમાં બમણી થઈ

● વિશ્વના ૨૧૫૩ ધનવાનો પાસે વિશ્વની વસ્તીના ૬૦ ટકા લોકો કરતા વધુ પૈસા,ગરીબ - અમીર વચ્ચે આર્થિક અસમાનતા વધુ પ્હોળી બની

● આજથી પાંચ દિવસની ગ્લોબલ સમિટિ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દાવોસમાં શરૂ થશે

દાવોસ

દેશના ૧ ટકા અમીરોની સંપતિ ૯૫.૩ કરોડ લોકો એટલે કે ૭૦ ટકા વસ્તીની કુલ સંપતિથી પણ ચાર ગણી વધુ છે. દેશના ૬૩ અબજપતિઓની સંપતિ દેશના એક વર્ષના બજેટથી પણ વધુ છે. ૨૦૧૮-૧૯માં દેશનું બજેટ ૨૪ લાખ ૪૨ હજાર ૨૦૦ કરોડ રૂપિયા હતું. વિશ્વમાંથી ગરીબી ખત્મ કરવા માટે કામ કરનારી સંસ્થા ઓક્સફેમે સોમવારે બહાર પાડેલા રિપોર્ટ ટાઈમ ટૂ કેયરમાં આ આંકડાઓ પ્રકાશમાં આવ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઘરનું કામ કરનાર મહિલાને ટેક કંપનીના ટોપ CEOના એક વર્ષના વેતન બરાબર કમાવવામાં ૨૨,૨૭૭ વર્ષ લાગી જશે. ટેક કંપનીના સીઈઓ પ્રતિ સેકન્ડ ૧૦૬ રૂપિયાના હિસાબથી ૧૦ મિનિટમાં એટલુ કમાઈ લેશે, જેટલું ઘરેલું કામ કરના મહિલા એક વર્ષમાં કમાય છે. મહિલાઓ અને છોકરીઓ પ્રત્યેક દિવસે ૩.૨૬ અબજ કલાક પેમેન્ટ વગર કામ કરે છે. તે દેશની ઈકોનોમિમાં ૧૯ લાખ કરોડ રૂપિયાના યોગદાનને બરાબર છે. આ રકમ ૨૦૧૯માં દેશના શિક્ષા બજેટ(૯૩ હજાર કરોડ રૂપિયા)થી ૨૦ ગણી વધારે છે. ઓક્સફેમ ઈન્ડિયાના સીઈઓ અમિતાભ બેહરનું કહેવું છે કે હાલની આર્થિક વ્યવસ્થામાં મહિલાઓ અને છોકરીઓને સૌથી ઓછો ફાયદો મળે છે. તે જમવાનું બનાવવા, સાફ-સફાઈ અને ઘરડાઓની સંભાળ માટે ઘણા કલાકો બગાડે છે. તેમનું આ પેમેન્ટ વગરનું યોગદાન આપણી અર્થવ્યવસ્થા, કારોબાર અને સમાજની ગાડીનું છુપું એન્જિન છે. અસમાનતા ખત્મ કરવાની નીતિઓ વગર અમીરો અને ગરીબો વચ્ચેનો ભેદ દૂર ન કરી શકાય. જોકે કેટલાક દેશ આ માટે પ્રતિબદ્ધ છે.

ઓક્સફેમના રિપોર્ટ મુજબ વિશ્વના ૨,૧૫૩ અબજપતિઓની સંપતિ ૪.૬ અબજ એટલે કે વિશ્વની ૬૦ ટકા વસ્તીની કુલ સંપતિથી પણ વધુ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ખૂબ જ વધુ વૈશ્વિક અસમાનતાની સ્થિતિ ચોંકાવનારી છે. છેલ્લા ૧૦ વર્ષમાં અબજપતિઓની સંખ્યા બે ગણી થઈ ચૂકી છે, જોકે ગત વર્ષે તેમની કુલ નેટવર્થમાં ઘટાડો આવ્યો છે.

ઓક્સફેમે ટાઈમ ટૂ કેયર રિપોર્ટ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ શરૂ થતા પહેલા બહાર પાડ્યો છે. પાંચ દિવસની ગ્લોબલ સમિટિ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ મંગળવારથી દાવોસમાં શરૂ થશે. તેમાં વિશ્વના ૧૧૯ અબજપતિઓ સામેલ થશે. સાથે જ રાજકીય અને અન્ય ક્ષેત્રોના મહાનુભવો પણ હાજર રહેશે. સમિટિમાં સતત અને મળીને ચાલનાર વિશ્વ પર ચર્ચા થશે.

વિશાખાપટ્ટનમ, કુર્નૂલ અને અમરાવતીના નામ સામેલ

આંધ્રપ્રદેશના ત્રણ પાટનગર હશે: વિધાનસભામાં ભારે વિરોધ વચ્ચે પ્રસ્તાવ પાસ

હૈદરાબાદ

છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહેલા ભારે વિરોધ વચ્ચે પણ આંધ્રપ્રદેશમાં વિધાનસભા દ્વારા રાજ્યમાં ત્રણ પાટનગર બનાવવાના પ્રસ્તાવને મંજુરી આપી દેવામાં આવી છે.

હવે આંધ્રપ્રદેશમાં વિશાખપટ્ટનમ, કુરનુલ અને અમરાવતી એમ ત્રણ પાટનગર હશે. આ પ્રસ્તાવને આંધ્રપ્રદેશના વિકેન્દ્રીકરણ તેમજ રાજ્યના તમામ વિસ્તારોના સમાન વિકાસ અધિનિયમ હેઠળ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યો હતો.

દરેક પાટનગરના ઝોનમાં ચાર થી પાંચ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવશે. રાજ્ય સરકાર નવી ફોર્મ્યુલા રજૂ કરીને રાજ્યને ચાર ઝોનમાં વહેંચીને વિકાસ કરવા માંગે છે તેમ રાજ્યના નાણા મંત્રી બી રાજેન્દ્રનાથે વિધાનસભામાં કહ્યુ હતુ .

તેમના કહેવા પ્રમાણે દરેક ઝોનમાં ડેવલપમેન્ટ બોર્ડ બનાવીને જે તે ઝોનના વિકાસ પર ધ્યાન અપાશે. અમરાવતી રાજયનુ નાણાકીય પાટનગર રહેશે. વિશાખાપટ્ટનમ કાર્યકારી પાટનગર અને અને કુરનુલ શહેરી વિકાસનુ પાટનગર રહેશે. રાજભવન અને સચિવાલય વિશાખાપટ્ટનમમાં સ્થાપિત થશે. જોકે મુખ્ય વિરોધી પાર્ટી અને પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુની પાર્ટી ટીડીપી દ્વારા સરકારની નવી ફોર્મ્યુલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.

ચીન સૈનિકોનો નવો પેંતરો,ઘૂસણખોરી માટે ઘેટા-બકરા ચરવા જતા ચરવૈયાઓને આગળ કર્યા

લદ્દાખમાં ચીની સૈનિકોએ ઘૂસણખોરી કરતાં ભારતીય સૈનિકોએ ખદેડ્યા

ન્યુ દિલ્હી

ડોકલામ બાદ એક વખત ફરીથી ચીની સૈનિકો સામ-સામે આવી ગયા છે. આ સ્થિતિ ચીની સૈનિકોની ઘૂસણખોરી બાદ સામે આવી છે. આ ઘૂસણખોરી ચીની સૈનિકોએ લદ્દાખમાં કરી છે. કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં ડિસેમ્બરના છેલ્લાં સમાહમાં થયેલી આ ઘૂસણખોરીને લઇ ચીની સેનાએ નવી ટ્રિક અપનાવી છે. આ વખતે તેમણે ભારતીય વિસ્તારમાં પોતાના ઘેટા-બકરા ચરવા જતા ચરવૈયાઓને આગળ કર્યા છે. પરંતુ ભારતીય સૈનિકોએ આ ચરવૈયાઓ અને તેમની સેનાને ખદેડી મૂક્યા છે.

કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં ચીનને અડીને આવેલી સરહદ એટલે કે લાઇન ઓફ એક્ચુઅલ કંટ્રોલ પર ચીની સેનાએ ઘૂસણખોરી કરી છે. લદ્દાખના ચતુર વિસ્તારમાં ચીની સૈનિકોએ આ ઘૂસણખોરી કરાવી છે. તેના માટે તેમણે પોતાના ચરવૈયાઓને ઘેટા-બકરાની સાથે ભારતીય સરહદમાં જવા દીધા.

ચીની વિસ્તારના ચરવૈયા ભારતીય વિસ્તારના ચરવૈયાઓને માત્ર આ વિસ્તારમાં આવવા પર જ નારાજગી વ્યક્ત કરી રહ્યા નથી પરંતુ ખુદ ભારતીય વિસ્તારમાં ઘૂસણખોરી કરી રહ્યા છે. આ ચરવૈયાઓને ચીની સૈનિક મદદ કરે છે.

ઘટના ચતુર વિસ્તારના ખુલે સેકટરમાં બની. જ્યાં ભારતીય ચરવૈયાઓ ઘેટા-બકરાને ચરાવા માટે લઇ જઇ રહ્યા હતા. ત્યારે ચીની સૈનિકોએ તેમને આ વિસ્તારમાં આવવાથી રોકયા, પરંતુ થોડીક વારમાં ચીનના ચરવૈયા આ વિસ્તારમાં ફરતા દેખાયા.

ઇન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસએ સરહદ પર જ આ મામલાને ઉકેલવાની કોશિષ કરી. ત્યારબાદ ભારતીય ચરવૈયાને વિશ્વાસ અપાવ્યો કે તેમનો આ મુદ્દો ચીની સેનાની સાથે બોર્ડર મીટિંગમાં ઉઠાવાશે. ત્યાં જ તેનો ઉકેલ લાવી દેવામાં આવશે. ચીન ઘણા વર્ષોથી લાઇન ઓફ એક્ચુઅલ કંટ્રોલ પર જમીન પચાવી લેવાના નાપાક ષડયંત્ર રચી રહ્યું છે. તેના માટે તેઓ નવી-નવી ટ્રિક અજમાવતા રહે છે. ૨૦૧૯મા ચીની સેનાએ કેટલીય વખત લદ્દાખના ભારતીય વિસ્તારમાં ઘૂસણખોરીની કોશિષ કરી છે.

૨૪ જાન્યુઆરીથી શરૂ થનાર બજેટ સત્ર વખતે

રાજસ્થાનની કોંગ્રેસ સરકાર સીએએના અમલના વિરુદ્ધમાં ઠરાવ પસાર કરશે

જયપુર

રાજસ્થાનની કોંગ્રેસ સરકારે આગામી ૨૪ જાન્યુઆરીથી શરૂ થનાર બજેટ સત્ર વખતે સીએએ કાયદાનો અમલ ન થાય એ માટે ઠરાવ પસાર કરવાનો નિર્ણય લીધો છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર સત્રના પહેલા દિવસે જ આ ઠરાવ પસાર કરવામાં આવશે.

ગયા વર્ષે બસપના વિધાનસભ્ય વાજીબઅલી પક્ષપલટો કરીને કોંગ્રેસમાં ભળ્યા હતા. એમણે શુક્રવારે મુખ્ય પ્રધાન અશોક ગેહલોતને સીએએના વિરોધમાં ઠરાવ પસાર કરવાની વિનંતી કરતો પત્ર મોકલ્યો હતો.

વિરોધ પક્ષ ભાજપે જણાવ્યું હતું કે સરકારના આ ઠરાવનો તેઓ જોરશોરથી વિરોધ કરશે. ભાજપના રાજ્ય પ્રમુખ અને વિધાનસભ્ય સતીશ પુનિયાએ જણાવ્યું હતું કે અમે સરકારના આવા કોઇપણ પગલાંનો વિરોધ કરીશું. મુખ્ય પ્રધાન હોય કે સરકાર હોય કાયદાથી મોટું કોઇ નથી.

કેન્દ્ર સરકાર પર આ કાયદો પાછો ખેંચવા માટે દબાણ વધારવા માટે કેરળ અને પંજાબની વિધાનસભાએ આ પ્રકારનો ઠરાવ પસાર કર્યો છે. કોંગ્રેસના નેતાઓ વારંવાર સીએએ અને એનઆરસીનો વિરોધ કરી રહ્યા છે.

વૈશ્વિક કક્ષાના એક ક્ધસલ્ટન્ટે આ રિપોર્ટ બહાર પાડ્યો

સૌથી ગતિશીલ શહેર: હૈદ્રાબાદ પ્રથમ, બેંગ્લૂરુ બીજા સ્થાને

૧૩૦ શહેરોની યાદીમાં ભારતના સાત શહેરને સ્થાન,ગુજરાતના એક પણ શહેરને સ્થાન ન મળ્યું

ન્યુ દિલ્હી

વિશ્વના ૧૩૦ ગતિશીલ શહેરોની યાદીમાં હૈદ્રાબાદને પ્રથમ અને બેંગ્લૂરુને દ્વિતીય ક્રમ મળ્યો છે. વૈશ્વિક કક્ષાના એક ક્ધસલ્ટન્ટે આ રિપોર્ટ બહાર પાડ્યો છે. જીડીપી, વૃદ્ધિ, છૂટક વેચાણ અને એરપોર્ટ પેસેન્જર વૃદ્ધિ વિગેરે પાસાઓમાં હૈદ્રાબાદને પ્રથમ, બેંગ્લૂરુ દ્વિતીય, ચેન્નાઈ પાંચમા ક્રમે, દિલ્હી છઠ્ઠા સ્થાને, પૂણે બારમા, કોલકતા ૧૬મા અને મુંબઈને ૨૦મો ક્રમ મળ્યો છે. ગયા વર્ષે બેંગ્લૂરુને પ્રથમ અને હૈદ્રાબાદને બીજો ક્રમ મળ્યો હતો. વિશ્વના 'ટોપ ટ્વેન્ટી' શહેરોમાંથી પોણા ભાગના શહેરો એશિયા પેસિફિક ક્ષેત્રમાં આવેલા છે.

આર્થિક મંદી હોવા છતાં ૨૦૧૯ના 'ટોપ ટ્વેન્ટી'માં ભારતના સાત શહેરને સ્થાન મળ્યું છે. અહેવાલ બહાર પાડનારી કંપનીના ભારતના સીઈઓ રમેશ નાયરે કહ્યું કે, 'ભારતીય શહેરોના વિકાસમાં વિદેશી રોકાણકારો રસ લઈ રહ્યા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નીતિઓમાં સુધારાઓ કરવામાં આવ્યા છે તેના ફળ હવે મળી રહ્યા છે.'

કાર્બન ફૂટપ્રિન્ટ (પ્રદૂષણ) ઘટાડવામાં હૈદ્રાબાદ સહિતના શહેરો શહેરી વાતાવરણમાં મહત્ત્વના બદલાવ દાખલ કરી રહ્યા છે. હૈદ્રાબાદમાં કોરલરૂફનો ઉપયોગ કરીએ રકંડિશનિંગની જરૂરિયાતમાં ઘટાડો કરવાના પ્રયત્ન ચાલી રહ્યા છે. સૂર્ય-પ્રકાશને પાછો ફેંકવાથી અને આમ ઓછી ગરમી શોષવામાં કોરલરૂફ ઉપયોગી નીવડે છે. સ્માર્ટ બાઈક અને ઈલેક્ટ્રિક વાહનો અપનાવી હૈદ્રાબાદમાં પ્રદૂષણ સ્તરનો ઘટાડો થઈ રહ્યો છે.

અત્યાર સુધી આ વાયરસની ચપેટમાં ૧૪૦ લોકો

ચીનમાં ભેદી વાયરસનો હાહાકાર: ત્રણ લોકોના મોત

બેઇજિંગ

ચીનમાં એક ભેદી વાયરસના ચેપના લીધે કુલ ત્રણ વ્યક્તિના મોત થયા છે. અત્યાર સુધી આ વાયરસની ચપેટમાં ૧૪૦ લોકો આવી ચૂક્યા છે. સૌથી પહેલો કેસ ચીનના વુહાન શહેરમાં નોંધાયો હતો અને હવે તે આખા દેશમાં ફેલાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ચીનમાં ૨૫ જાન્યુઆરીએ નવા વર્ષની ઉજવણી થવાની છે તેથી આ સ્થિતિ જોતા ત્યાં ગંભીર પરિસ્થિતિ સર્જાઇ છે.

તબીબી જાણકારોના મતે આ કોરોના વાયરસનો જ એક પ્રકાર છે પણ તેની ચોક્કસ માહિતી મેળવવામાં હજુ પ્રયાસો ચાલુ છે. સમસ્યા એ વાતની છે કે આ વાયરસથી સિવિયર એક્યુટ રેસ્પીરેટરી સિન્ડ્રોમ (જીછઈજી) થઇ રહ્યો છે. આ બીમારી ગંભીર પ્રકારનો ન્યૂમોનિયા કહેવાય જેમાં મોત પણ થઇ શકે છે. કોરોના વાયરસથી સામાન્ય રીતે સામાન્ય કક્ષાની શ્વાસને લગતી તકલીફ થાય જેમ કે શરદી. તે ક્યારેક ન્યૂમોનિયા સુધી પહોંચી શકે. એસએઆરએસ ચીનમાં ૨૦૦૨માં ઉદ્ભવ્યો હતો અને હોંગકોંગ સહિત વિશ્વભરમાં ફેલાઇને હજારો લોકોને ચપેટમાં લીધા હતાં. તેના લીધે ૮૦૦ લોકોનું મૃત્યુ થયું હતું.

ચીનના વુહાન શહેરમાં સૌથી પહેલા આ વાયરસનો કેસ આવ્યો હતો અને લોકલ હેલ્થ કમિશનના કહેવા પ્રમાણે ૧૩૬ નવા કેસ સામે આવ્યા છે. આ ઘટનામાં કોનું મૃત્યુ થયું તેની જાણકારી આપવામાં આવી નથી. બેજિંગમાં સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓએ કહ્યું કે ડેક્સીંગ જિલ્લામાંથી બે લોકો વુહાન ગયા હતા જેમને ન્યૂમોનિયાની સારવાર આપવામાં આવી હતી.

એક અખબારી અહેવાલમાં ઘટસ્ફોટ

દેવુ ચૂકવવા માટે પાકિસ્તાન પોતાના કબ્જા હેઠળના કાશ્મીરનો હિસ્સો ચીનને સોંપશે..?

ઈસ્લામાબાદ

પાકિસ્તાનની ઈકોનોમી અત્યંત ખરાબ હાલતમાં છે. દેવા નીચે દબાયેલા કંગાળ પાકિસ્તાનના માથે ચીનનુ જંગી દેવુ ચઢી ગયુ છે.

આ સંજોગોમાં એવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે કે, દેવુ ચુકવવા માટે પાકિસ્તાન પોતાના કબ્જા હેઠળના કાશ્મીરનો કેટલોક હિસ્સો ચીનને સોંપી દેશે.

એક અખબારી અહેવાલમાં ઉપરોક્ત ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. જે પ્રમાણે પાકિસ્તાન જો આ પ્રકારની કાર્યવાહી કરશે તો ભારત સ્વાભાવિક રીતે આકરો વિરોધ કરશે.કારણકે ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર પ્રોજેક્ટને પીઓકેના કેટલાક હિસ્સામાં લાગુ કરવા અંગે ભારત પહેલા પણ વિરોધ નોંધાવી ચુક્યુ છે.

આ પ્રોજેક્ટના ભાગરુપે ચીનના શિનજિયાંગ પ્રાંતને પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ સુધી જોડવાની યોજના છે. ૬૦ અબજ ડોલરના આ પ્રોજેક્ટ માટે પાકિસ્તાન ચીન પાસેથી અત્યાર સુધીમાં ૨૧.૭ અબજ ડોલર લોન લઈ ચુક્યુ છે. જેમાંથી ૧૫ અબજ ડોલરની લોન ચીનની સરકારે આપી છે. જ્યારે બીજી રકમ ચીનની નાણાકીય સંસ્થાઓએ આપી છે.

જોકે પાકિસ્તાન માટે લોન પાછી વાળવી મુશ્કેલ બની ગઈ છે. તબાહ થઈ રહેલી ઈકોનોમી વચ્ચે પાકિસ્તાન પાસે માત્ર ૧૦ અબજ ડોલરનો વિદેશી મુદ્રા ભંડાર બચેલો છે.

પ્રોજેક્ટ નિર્માણની કામગીરી પણ ચીનની કંપનીઓ પાસે છે અને આ માટેનો સામાન પણ ચીનથી આવી રહ્યો છે. તેના પર કામ કરનારા લોકો પણ ચીનના જ નાગરિકો છે.

હલવા સેરેમની સાથે દેશના બજેટની તૈયારીઓ શરૂ

ન્યુ દિલ્હી

વર્ષો જુની પ્રથા પ્રમાણે કેન્દ્ર સરકારના નાણા મંત્રાલયમાં હલવા સેરેમની સાથે બજેટ તૈયાર કરવાની શરુઆત થઈ ગઈ છે. જેમાં નાણા મંત્રી નિર્મલા સિતારમનની સાથે રાજય કક્ષાના નાણા મંત્રી અનુરાગ ઠાકુર, ફાઈનાન્સ સેક્રેટરી રાજીવ કુમાર સહિતના અધિકારીઓ હાજર હતા.

હલવા સેરેમની બાદ નાણા વિભાગના ૧૦૦ જેટલા કર્મચારીઓ અને અધિકારીઓ નોર્થ બ્લોકમાં બંધ થઈ જશે અને બજેટ રજૂ થાય ત્યાં સુધી તેમનો બહારની દુનિયા સાથે સંપર્ક કપાઈ જશે.એક ફેબ્રુઆરીએ નાણા મંત્રી બજેટ લઈને સંસદ પહોંચશે અને બજેટ રજૂ કરાશે.જેના પર બજેટ તૈયાર થવાનુ છે તે કોમ્પ્યુટરને બાકીના કોમ્પ્યુટર અને અન્ય સંચાર વ્યવસ્થાથી ડીસકનેક્ટ કરી દેવામાં આવશે.

વર્ષોની પરંપરા પ્રમાણે હલવાને કોઈ પણ સારા કામની શરુઆત કરવા માટે શુભ માનવામાં આવે છે.

ટેલિકોમ વિભાગે ઓલ ઈન્ડિયાને ૪૮૦૦૦ કરોડની ડિમાન્ડ નોટિસ ફટકારી

ન્યુ દિલ્હી

ટેલિકોમ વિભાગે હવે કાયદાકીય બાકી ચૂકવણી પેટે સરકારી માલિકીની અગ્રણી ઓઈલ કંપની ઓઈલ ઈન્ડિયા લિમિટેડને રૂ. ૪૮,૦૦૦ કરોડની માંગણી કરતી ડિમાન્ડ નોટિસ ફટકારી છે. ઓઈલ ઈન્ડિયાએ આ નોટિસને ટેલિકોમ ડિસ્પુટ્સ સેટલમેન્ટ અને એપલેટ ટ્રિબ્યુનલમાં પડકારવા વિચારણા કરી રહી છે.

હવે બિન-ટેલિકોમ કંપની પાસેથી જાહેર ક્ષેત્રની કંપનીઓ પાસેથી સરકારના બાકી નીકળતા લેણાંની વસૂલાત અંગેના સુપ્રીમ કોર્ટના ચૂકાદાને પગલે ડીઓટીએ ઓઈલ ઈન્ડિયા પાસે ઈન્ટરનલ કોમ્યુનિકેશન્સ માટે ઓપ્ટિક ફાઈબર નેટવર્કનો ઉપયોગ કરવા બદલ વ્યાજ અને દંડ સહિત કુલ રકમ પેટે રૂ. ૪૮,૦૦૦ કરોડની ચૂકવણી કરવા નોટિસ પાઠવી છે. નોંધનિય છે કે, ડીઓટી દ્વારા જેટલી રકમની માંગણી કરી છે તે ઓઈલ ઈન્ડિયાની નેટવર્થ કરતા બમણી છે.

ઓઈલ ઈન્ડિયાના ચેરમેન અને એમડી સુશિલચંદ્ર મિશ્રાએ જણાવ્યું કે, અમને ૨૩ જાન્યુઆરી સુધીમાં ચૂકવણી કરવા માટે ડિમાન્ડ નોટિસ મોકલી છે. અમે આ નોટિસને ટીડીએસએટીમાં પડકારવા યોજના બનાવી રહ્યા છે.

ઓઈલ ઈન્ડિયા બાદ બીજા ક્રમને ઓઈલ-ગેસ કંપની ગેઈલ ઈન્ડિયાને પણ ડિમાન્ડ નોટિસ ફટકારી છે. ગેઈલ ઈન્ડિયા પાસે ડીઓટીએ રૂ. ૧.૭૨ લાખ કરોડની માંગણી કરી છે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીએશનથી

મગજ, કાન, આંખ, ગળા, હૃદયને થતાં નુકશાનથી બચવા

એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઇલ પર લગાડી આપ રોગ મુક્ત રહો

તેમજ બિઝનેસમાં એજન્ટ બની

ઓછા રોકાણથી

મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથી વધુ કમાવા ફોન કરો.

ZAVERI

7574888861

MARKET 4U BHARUCH - SURAT market4u.in

ZAVERI

કોઇપણ પ્રકારનું સેલ્સ માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઇલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેઇડ સીમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો

મોબાઇલ એન્ટી રેડીએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરો

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨૬ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

વસ્તી વિસ્ફોટ સમસ્યા

સંઘના વડા મોહન ભાગવતે વસ્તી વિસ્ફોટને લઈને ફરી એકવાર જોરદાર ચર્ચા જગાવી છે. ભાગવતે કહ્યુ છે કે સરકાર આ મામલે નીતિ બનાવી શકે છે. કઈ વ્યક્તિના કેટલા બાળકો રહે તે અંગે સરકાર નક્કી કરે તેવા નિવેદનથી જોરદાર ચર્ચા છેડાઈ છે. રોકટે ગતિથી દેશની વસ્તી વધી રહી છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે વિકાસ પર માઠી અસર થઈ રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વિશાળ વસ્તીના ભરણપોષણ પર ખર્ચ થઈ જાય છે. જે ગતિથી વસ્તી વદી રહી છે તે ગંભીર સમસ્યા તરીકે છે.વસ્તીની વધતી વર્તમાન ગતિને રોકીને અથવા તો તેને સ્થિર કર્યા વગર ભારત પોતાની અનેક જટિલ સમસ્યાઓમાંથી બહાર આવી શકે તેમ નથી. ભારતમાં વર્તમાન સમયમાં અનેક સમસ્યા છે. જે પૈકી મોટી સમસ્યા ગરીબી, ભ્રષ્ટાચાર અને સુશાસનની સમસ્યા પણ છે. સાથે સાથે ધાર્મિક વિવાદો પણ એક મોટી સમસ્યા તરીકે રહી છે. આવી સ્થિતીમાં વધતી જતી વસ્તીને લઈને એટલી ચિંતા કરવાની જરૂર શુ છે તે અંગે કેટલાક લોકો પ્રશ્ન કરે છે. આ સવાલનો સીધો જવાબ એ છે કે તમામ સમસ્યા વસ્તી સાથે જોડાયેલી છે. ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે તમામ પ્રકારની સુવિધા લોકો સુધી પહોંચાડી દેવાની બાબત સરળ નથી. રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વસ્તીના ભરણપોષણમાં ખર્ચ થઈ જાય છે. જ્યારે આ સંશાધનોનો ઉપયોગ મુડીરોકાણ અને ઉત્પાદનને વધારી દેવામાં કરવામાં આવી શકે છે. શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સુરક્ષિત પાણી જેવી મુળભુત અને જરૂરી સેવા પાછળ આ સંશાધનોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તી દેશના વિકાસ પર અવિરત અને સીધી રીતે માઠી અસર કરે છે. વસ્તીની વર્તમાન ગતિને સ્થિર કરીને કેટલીક સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. ભારતની વસ્તીને જોઈને દિમાગ ઘુમી જાય છે. વર્ષ ૧૯૪૭માં ભારતની વસ્તી ૩૩ કરોડ હતી. આ વસ્તી હવે માર્ચ ૨૦૧૯માં ૧૩૫ કરોડ સુધી પહોંચી ગઈ હતી. છેલ્લા ૭૦ વર્ષના ગાળમાં ભારતની વસ્તીમાં ચાર ગણો વધારો થયો છે. દુનિયાની કુલ વસ્તીમાં હવે ભારતની હિસ્સેદાર ૧૭.૮ ટકાની આસપાસ છે. એટલે કે દુનિયામાં દરેક છઠ્ઠી વ્યક્તિ ભારતીય છે. ચીન જ એકમાત્ર એવુ દેશ છે જેમાં વસ્તી ભારત કરતા વધારે છે. ચીનની વસ્તી ભારત કરતા માત્ર સાત કરોડ જ વધારે છે. જ્યારે વર્ષ ૧૯૯૦માં ભારતની વસ્તી ૩૦.૨ કરોડ વધારે હતી. ભારતમાં વસ્તીનો વાર્ષિક વૃદ્ધિ દર ૨૦૧૦-૧૫માં ૧.૨૪ ટકા પ્રતિ વર્ષ રહ્યો હતો. જ્યારે આ જ અવધિમાં ચીનનો વસ્તીનો વૃદ્ધિ દર વાર્ષિક ૦.૬૧ ટકા રહ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી વિભાગના લોકો કહે છે કે ૨૦૩૦ સુધીમાં ભારતની વસ્તી ચીન કરતા વધારે થઈ જશે. ચીન વસ્તીના મામલે પણ બીજા સ્થાને ફેંકાઈ જશે. વસ્તીના વૃદ્ધિ દરના આધાર પર મુકવામાં આવેલા અંદાજ મુજબ ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ૧૪૭.૬ કરોડથી વધારે થઈ જશે. જ્યારે ચીનની વસ્તીના સંબંધમાં અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે આ વસ્તી એ વખતે ૧૪૫.૩ કરોડ સુધી પહોંચી ગયા બાદ ઘટવાની શરૂઆત થઈ જશે.

મોહન ભાગવતના નિવેદન બાદ હવે વસ્તી મામલે ફરી એકવાર નવી ચર્ચાઓ છેડાઈ

વોર્નર બ્રધર્સ, ડીસી કોમિક્સે કેટલીક ફિલ્મો કરવાની જાહેરાત કરી

કેટલીક સુપરહિરોની ફિલ્મો આવશે

વર્ષ ૨૦૦૮થી ચાલી રહેલી સિરિઝ એવન્જર્સ ભલે શરૂ થઈ ચુકી છે પરંતુ ત્યારબાદ પણ ચાહકોને સુપરહિરોવાળી ફિલ્મોને લઈને ઉત્સાહ ખતમ થનાર નથી. આ વર્ષે પણ શ્રેણીબદ્ધ સુપરહિરોવાળી ફિલ્મો રજૂ થનાર છે. આ વર્ષે માર્વલ પિકચર્સ દ્વારા કેટલાક નવા પ્રોજેક્ટની જાહેરાત કરી છે જેમાં ફિલ્મો અને વેબસિરિઝ સામેલ છે. આ ઉપરાંત વોર્નર બ્રધર્સ, ડીસી કોમિક્સ અને અન્ય કંપનીઓ પણ સુપરહિરોની ફિલ્મ બનાવવા માટે જાહેરાત કરી ચુક્યા છે. આ વર્ષે સુપરહિરોવાળી જે ફિલ્મો રજૂ થનાર છે તેની વાત કરવામાં આવે તો બડર્સ ઓફ પ્રે સામેલ છે. ડીસી એક્સટેન્ડેડ યુનિવર્સની ફિલ્મ બડર્સ ઓફ પ્રે ફેબ્રુઆરી મહિનામાં રજૂ થનાર ફિલ્મ તરીકે છે. આ ફિલ્મ વર્ષ ૨૦૧૬માં આવેલી ફિલ્મ સુસાઈડ સ્કવોડ પર આધારિત ફિલ્મ છે. તેના પાત્રનુ નામ માર્ગોટ રોબી છે. તે શાનદાર રોલ કરવા માટે તૈયાર છે. માર્ગોટ રોબી ઉપરાંત ફિલ્મમાં સુપરહીરોના રોલમાં અન્ય મહિલા સુપરહીરો પણ જોવા મળનાર છે. તેનુ નિર્દેશન કેથી યાન કરી રહી છે. આવી જ રીતે વંડર વુમન ૧૯૮૪ને લઈને પણ તૈયાર છે. વર્ષ ૨૦૧૭માં ડીસી કોમિક્સની સુપરહિટ ફિલ્મ વંડર વુમનની સિક્વલ ફિલ્મ વંડર વુમન હવે રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મમાં હોલિવુડ અભિનેત્રી ગેલ ગેડોટ મુખ્ય ભૂમિકામાં કામ કરી રહી છે. ફિલ્મના લોગોની બાબત સપાટી પર આવી

બડર્સ ઓફ પ્રે, વંડર વુમન ૧૯૮૪, બ્લડશોટ, બ્લેક વિડો, મોરબિયસ તેમજ ધ એટરનલ્સ જેવી ફિલ્મો રજૂ કરવામાં આવનાર છે

ચુકી છે. તેનુ નિર્દેશન પેટી જેનકિન્સ કરી રહી છે. ફિલ્મમાં કેટલીક સ્ટાર અન્ય પણ જોવા મળનાર છે. વંડર વુમન ૧૯૮૪માં ગેડોટની સાથે સાથે ક્રિસ્ટન વિંગ, પેડ્રો પાસ્કલ અને ક્રિસ પાઈન જેવા કલાકારો મુખ્ય ભૂમિકામાં જોવા મળી શકે છે. આવી જ રીતે બ્લડશોટ નામની ફિલ્મ પણ આવી રહી છે. હોલિવુડ સ્ટાર વિન ડીઝલની ફિલ્મ બ્લડશોટ આ વર્ષે માર્ચમાં સિનેમાઘરમાં રજૂ કરવામાં આવનાર છે. આમાં એક સુપરહિરોની ભૂમિકામાં વિન નજરે પડનાર છે. જે મરી ચુક્યો છે અને આ ભાગમાં ફરી જીવિત થનાર છે. બ્લડશોટનુ નિર્દેશન ડેવ વિલ્સન દ્વારા કરવામાં આવ્યુ છે. આવી જ રીતે બ્લેકવિડો નામની ફિલ્મ પણ આવી રહી છે. એંડગેમમાં બ્લેક વિડોની ભૂમિકા કર્યા બાદ મૌત બાદ માર્વલ દ્વારા એક સોલો ફિલ્મની જાહેરાત કરી છે. આ ફિલ્મ માટે અભિનેત્રી સ્કારલેટ જોન્સન નજરે પડનાર છે. તે આ ફિલ્મમાં ફરી એકવાર બ્લેક વિડોના રોલમાં નજરે પડનાર છે. આ ફિલ્મ મે મહિનામાં રજૂ કરવામાં આવનાર છે. આવી જ રીતે ધ એટરનલ્સ નામની ફિલ્મ પણ આવી રહી છે. આ વર્ષે આવનાર ફિલ્મમાં માર્વલ દ્વારા આની જાહેરાત ખુબ પહેલા કરી દીધી હતી. ફિલ્મમાં હોલિવુડ સ્ટાર રિચર્ડ મેડેન, એન્જેલિના જોલી અને સલમા હાયેક કામ કરી રહી છે. ફિલ્મ નવેમ્બર મહિનામાં રજૂ કરવામાં આવનાર છે. આવી જ રીતે અન્ય એક સુપરહિરોની ફિલ્મ મોરબિયસ પણ આવી રહી છે. ગયા વર્ષે રજૂ કરવામાં આવેલી ફિલ્મ જોકરને મળેલી સારી પ્રતિક્રિયા બાદ ડીસી કોમિક્સની નવી ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં વિલેનની પટકથા દર્શાવવામાં આવી હતી. જે જીવત વેમ્પાયર તરીકે છે. ફિલ્મ જુલાઈમાં રજૂ કરવામાં આવનાર છે. આવી જ રીતે માર્વલ કોમિક્સની ક્લાસિક હોરર ફિલ્મ ધ મ્યુટેન્ટસ આ વર્ષે એપ્રિલ મહિનામાં રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મનુ નિર્દેશન અન્યા ટેલર જોય કરનાર છે. વેનમ-૨ ફિલ્મને લઈને પણ ચાહકો ઉત્સુક દેખાઈ રહ્યા છે. વેનમ-૨ મારફતે ટોમ હાર્ડી ફરી એકવાર વાપસી કરી રહ્યા છે. ફિલ્મમાં હવે હાર્ડી દુશ્મનોનો ખાતમો કરતા નજરે પડનાર છે. આ ફિલ્મ ઓક્ટોબર મહિનામાં રજૂ કરવામાં આવનાર છે. ટુંકમાં કહેવામાં આવે તો આ વર્ષે સુપરહિરોની કેટલીક ફિલ્મો રજૂ કરવામાં આવી રહી છે. આ વર્ષે રજૂ કરવામાં આવનાર હોલિવુડ ફિલ્મો ખુબ જંગી બજેટ સાથે તૈયાર કરવામાં આવી ચુકી છે. હવે નિર્માણ બાદ રજૂઆતને લઈને તમામ તૈયારી ચાલી રહી છે.

સમગ્ર દેશમાં આને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આવશે

શિક્ષણ મંત્રાલયની કસ્તુરીરંગન કમિટીની ભલામણો અને તેના પર દેશની જનતા તરફથી મળી રહેલા સુચનોથી લાગે છે કે હવે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર ટુંક સમયમાં જ અંતિમ મોહર લાગી જનાર છે. સમગ્ર દેશની ઉત્સુકતા આમાં જોવા મળી રહી છે. તે આ બાબતથી જાહેર થાય છે કે જનતા પાસેથી લાખો સુચન મળી રહ્યા છે. જો કે યુનિવર્સિટીઓમાં ભરતીના પ્રશ્ને જે રીતે યુનિવર્સિટીઓના શિક્ષકોમાં મૌનની સ્થિતી જોવા મળી રહી છે તેનાથી લાગે છે કે શિક્ષકો આ ફેરફારની તરફેણમાં નથી. યોગ્ય યુવાન પેઢી, શોધમાં સામેલ રહેલા વિદ્યાર્થીઓ આના કારણે ખુશ નથી. તેમનુ કહેવુ છે કે પૂર્વ કેબિનેટ સચિવ ટીએસઆર સુબ્રમણ્યમ દ્વારા સ્પષ્ટ ભલામણ કરવામાં આવી છે કે જ્યાં સુધી યુનિવર્સિટીઓમાં ભરતીની પ્રક્રિયાને પારદર્શી બનાવી દેવામાં આવતી નથી ત્યાં સુધી યુનિવર્સિટીના શિક્ષણના સ્તરને સુધારી શકાશે નહીં. આ બાબત સંઘ લોક સેવા આયોગ જેવા બોર્ડ બનાવી દેવાની બાબતથી જ શક્ય છે. જો કે કેટલાક પ્રકારના જુગાડના કારણે નોકરી મેળવી ચુકેલા લોકો આના કારણે નારાજ થાય તે સ્વાભાવિક છે. યુનિવર્સિટીના શિક્ષણના સ્તરને ચાર ભાગમાં વિભાજિત કરી શકાય છે. આ વર્ગમાં આશરે ચાલીસ કેન્દ્રિય યુનિવર્સિટીઓ છે. જેમાં જેએનયુ, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, વારાણસી હિન્દુ અલ્હાબાદ, જામિયા મિલિયનો સમાવેશ થાય છે. બીજા વર્ગમાં સરકારી કોલેજ સામેલ છે.

જનતા પાસેથી લાખો સુચન મળી ચુક્યા છે : યુનિવર્સિટીઓમાં ભરતીના પ્રશ્ને શિક્ષકો મૌન દેખાઈ રહ્યા છે જેથી લાગે છે કે તેમનામાં નારાજગી છે

જેમાં યુપી, રાજસ્થાન, હરિયાણા અને પંજાબનો સમાવેશ થાય છે. ત્રીજા વર્ગમાં સરકારી સહાય મેળવનાર સંસ્થાઓ છે. જેને ખાનગી સંસ્થાઓ ચલાવે છે પરંતુ સરકાર પાસેથી નાણાં મળતા રહે છે. ચોથા વર્ગમાં ખાનગી યુનિવર્સિટીઓ રહેલી છે. મોટા ભાગના મામલામાં સ્વતંત્ર હોય છે. છેલ્લા દિવસોમાં કેન્દ્રિય દિલ્હી યુનિવર્સિટીના શિક્ષકોની ભરતીને લઈને સંસ્થા એક મહિના સુધી બંધ રહી હતી. પરોક્ષ રીતે નારાજગી હજુ પણ અકબંધ રહેલી છે. જે પરીક્ષા ઉત્તરવાહિઓની ચકાસણીથી સ્પષ્ટ થઈ જાય છે. તેમની મુખ્ય માંગ છે કે પાછળના બારણેથી જે શિક્ષકો મુકવામાં આવ્યા છે તેમને જ સ્થાયી કરી દેવાની જરૂર છે. જેથી જ્યારે શિક્ષણ મંત્રાલય દ્વારા કેટલાક મુળભુત માળખા પર ફેરફાર કરવા માટે વિચારણા કરી રહ્યુ છે ત્યારે શિક્ષકોમાં દુવિધા છે. શિક્ષકોની ભરતીના પ્રશ્ને પણ હવે ખાસ ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે. હાલના દિવસોમાં ન્યાયાલયોની સક્રિયતાના કારણે કેટલાક રાજ્યોમાં સુધારના પગલા લેવામાં આવ્યા છે. જેમ કે ઉત્તરપ્રદેશમાં સરકારી ડિગ્રી કોલેજમાં શિક્ષકોની ભરતીની પ્રક્રિયાને વર્ષ ૨૦૧૬થી ઉત્તરપ્રદેશ સેવા આયોગને સોંપી દેવામાં આવી છે. આવી જ રીતે સેંકડો એડિડ કોલેજમાં શિક્ષકોની ભરતીને ઉચ્ચ શિક્ષણ સંસ્થા દ્વારા કરવામાં આવી રહી છે. બંનેમાં પ્રક્રિયા એક જેવી છે. એટલે કે આશરે ૮૦ ટકા લેખિત પરીક્ષા અને બાકી ઈન્ટરવ્યુ મારફતે ભરતી કરવામાં આવે છે. આશરે બે દશક સુધી જુદી જુદી યુનિવર્સિટીઓમાં કાયદાકીય મોરચે લડત ચાલી ચુકી છે. નવેસરના હેવાલ એવા આવ્યા છે કે ઉત્તરપ્રદેશમાં ડિગ્રી કોલેજમાં ૩૦૦ પ્રોફેસરોની ભરતી ઉચ્ચતર શિક્ષણ આયોગ દ્વારા કરવામાં આવનાર છે. પરીક્ષા માર્ચ ૨૦૨૦માં યોજાનાર છે. પરિણામ જુનમાં આવનાર છે. આની પાછળ પણ કાનુની જંગ કારણરૂપ છે. યોગ્ય રસ્તો એ છે કે કેન્દ્રિય યુનિવર્સિટીઓના તમામ શિક્ષકોની ભરતી સંઘ લોક સેવા આયોગ દ્વારા કરવામાં આવે તે જરૂરી છે. આવી જ રીતે રાજ્યની યુનિવર્સિટીઓના વિભાગોની ભરતી એ રાજ્યોના આયોગ દ્વારા કરવામાં આવે તે જરૂરી છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નિતીને લઈને તમામ સુચનો પર અભ્યાસની પ્રક્રિયા ચાલી રહી છે. યોગ્ય રસ્તો હાલમાં એ હોઈ શકે છે કે કેન્દ્રિય યુનિવર્સિટીઓના તમામ શિક્ષકોની ભરતી સંઘ લોક સેવા આયોગ દ્વારા કરવામાં આવે તે જરૂરી છે. નિષ્ણાંતોના કેટલાક અન્ય અભિપ્રાયો પણ રહેલા છે. હાલમાં ઉત્સુકતા દેખાય છે.

એક્યુપ્રેશર ટિપ્સ : માનસિક ઉપચાર થાય છે

તાળી વગાડવાથી રોગ દુર

હાલમાં જ કરવામાં આવેલા માહિતીસભર અભ્યાસમાં દાવો કરવમાં આવ્યો છે કે તાળી વગાડવાથ પણ જુદા જુદા પ્રકારના રોગ દુર થાય છે. એક્યુપ્રેશરથી માનસિક અને ભાવનાત્મક ઉપચાર પણ થાય છે. તે શરીરમાંથી નકારાત્મકતાને દુર કરે છે. આના કારણે નકારાત્મકના આવેગ ખતમ થાય છે. નિયમિત રીતે બે મિનિટ હાથથી તાળી વગાડવાથી ટેનશન દુર થાય છે. આના કારણે સ્વાભાવિક રીતે બોય ઈલેક્ટ્રોનિક ઉર્જા અને લોહીના પરિભ્રમણમાં વધારો થાય છે. એક્યુપ્રેશર તબીબી પદ્ધિતી વ્યક્તિના માનસિક, શારિરિક અને ભાવનાત્મક રીતે ઉપચાર કરે છે. એક્યુપ્રેશરપોઈન્ટના મરેડિયન રેખાઓન સાથે શરીરના બીજા અંગની સાથે સંબંધ રહે છે. આ મરેડિયન ઉર્જા મસ્તિષ્કને પણ ઉર્જા આપે છે. આના સંબંધ અમારામાં જન્મ લેતી ભાવનાઓની સાથે પણ સીધી રીતે રહેલો છે. છાતીમાં દુખાવા માટે અંગુઠા પર કેટલાક એક્સુપ્રેશર કેન્દ્ર રહેલા છે. જેને દબાવીને તાત્કાલિક રાહત માટે ઉપયોગ કરવામાં આવે છે. આ પોઈન્ટ પીડાને તરત જ ખતમ કરે છે. સાથે સાથે માનસિક ટેન્સનને દુર કરવામાં ભૂમિકા અદા કરે છે. જાણકાર નિષ્ણાંતો અને એક્યુપ્રેશર નિષ્ણાંત તબીબો કહે છે કે તાળી વગાડવાથી પણ કેટલીક તકલીફ અને રોગ દુર થાય છે. આના કારણે માનસિક અને ભાવનાત્મક રીતે ઉપચાર થાય છે. નિયમિત રતે બે મિનિટ તાળી વગાડવાથી અનેક પ્રકારના લાભ થાય છે.

ચાઈલ્ડ કેર : શારિરિક સક્રિયતા ઘટવા, ખરાબ જીવનશેલી કારણરૂપ

બાળકોનુ વજન કેમ વધી રહ્યુ છે

વર્તમાન સમયમાં બાળકોનુ વજન ચિંતાજનક રીતે વધી રહ્યુ છે. બાળકોના વધતા જતા વજનને લઈને કેટલાક અભ્યાસ પણ સતત કરવામાં આવી રહ્યા છે. ચાઈલ્ડ કેરને લઈને કરવામાં આવેલા અભ્યાસ બાદ દાવો કરવામાં આવ્યો છે કે ભોજન કરવાની બગડતી જતી ટેવ, જીવનશેલી અને શારિરિક સક્રિયતા ઘટી જવાના કારણે વજન વધી રહ્યુ છે. વધતા જતા વજનના કારણે કેટલીક બિમારી પણ આવે છે. દેશના ૨૬ રાજ્યો અને ૮૬ શહેરોમાં સાત વર્ષથી લઈને ૧૮ વર્ષના કિશોરને આવરી લઈને કરવામાં આવેલા હેલ્થ સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે ત્રણ માંથી બે બાળકોના બીએમઆઈ સામાન્ય કરતા વધારે છે. દરેક બીજા બાળકના શારિરિક લચીલાપણાના કારણે સ્થિતી સારી નથી. અભ્યાસ અને સર્વેમાં એવી બાબત પણ જાણવા મળી છે કે ત્રણ પૈકી બે બાળકોમાં ભાગવાની ક્ષમતા નથી. સાથે સાથે ૪૦ ટકા બાળકોના બોડી માસ ઈન્ડેક્સ છોકરીઓ કરતા સારા છે. બાળકોમાં સ્થુળતા ઝડપથી વધતા કેટલીક અન્ય સમસ્યા પણ ઉભી થઈ રહી છે. આઉટડોર ખેલ થતમ થઈ રહ્યા છે તે પણ એક વજન વધવા માટેનુ કારણ છે. કિશોરોમાં ૨૫ ટકા સ્થુળતાનો વધારો થયો છે. વજનના માપદંડ બીએમઆઈ (બોડી માસ ઈન્ડેક્સ) એચલે કે શરીરનુ વજન અને લંબાઈ મુજબ હોય છે. બાળકોમાં અનિયંત્રિત રીતે વધતા વજનના કારણે અમેરિકામાં પણ મોટી સમસ્યા સર્જાઈ રહી છે. ત્યાંના તબીબોએ તો આને મહામારી તરીકે લેવાની ચેતવણી પણ

સરેરાશ બાળકનુ વજન દર વર્ષે બે કિલોગ્રામ વધે તે જરૂરી છે : ૮૦ ટકા બાળકોમાં હવે ચોકલેટ, પિજ્જા અને જંક ફુડ્સનો કેઝ થયો છે

જારી કરી દીધી છે. અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે એક સરેરાશ સ્વસ્થ બાળકનુ વજન તેની ૩થી સાત વર્ષની વય સુધી પ્રતિ વર્ષ બે કિલોગ્રામ વધે તે જરૂરી છે. ત્યારબાદ પુખ્તવયના થાય ત્યાં સુધી વજન પ્રતિ વર્ષ ત્રણ કિલો સુધી વધે તે જરૂરી છે. હાલના સમયમાં ૧૧થી લઈને ૨૦ વર્ષની વયના તમામ બાળકોપૈકી ૮૦ ટકા બાળકો કેન્ડી, હાઈ બ્લડપ્રેશર, પીસીઓડી, સ્કીન સંબંધિત બિમારી થાય છે. ફેન્ટી લિવર, ડાયાબિટીસ, હાઈપરટેન્સનન જેવી તકલીફ પણ રહે છે. બાળકોના માતા પિતા દ્વારા કેટલાક સવાલો કરવામાં આવે છે. વજન કઈ રીતે વધે છે તે બાબતને ધ્યાનમાં લેવામાં આવે તો કહી શકાય છે કે ખાવાપીવાની ખરાબ ટેવ પણ એક કારણ છે. વધતા જતા વજનને રોકવા માટે જંક ફુડની ટેવને બદલી નાંખવામાં આવે તે જરૂરી છે. સપરિવારની સાથે ભોજન કરવાથી ફાયદો થાય છે. ટીવી નિહાળતી વેળા પણ કઈ ન ખાવાની સલાહ આપવામાં આવી છે. કોઈ પણ સમય ભોજન કરવાની ટેવ પણ પાડવી જોઈએ નહીં. ભોજન કરતા પહેલા ભુખ ન લાગે ત્યાં સુધી કોઈ ભોજન કરવા માટેની પણ સલાહ આપવામાં આવી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય નવા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ત્રણ પૈકી એક સ્થૂળ છે. આ બાબત ખૂબ જ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. સ્થૂળતા ઘણી બિમારીઓને પણ આમંત્રણ આપી રહ્યું છે. અભ્યાસમાં જાણવા મળી રહ્યું છે કે ભારત સ્થૂળતા સામેની લડાઈમાં નબળું પડી રહ્યું છે. કારણ કે દેશના ત્રણ નાગરિકો પૈકી એક વધુ વજનથી પરેશાન છે. તેમના આદર્શ વજનથી વધુ વજન ધરાવે છે. આના માટે જુદા જુદા કારણો જવાબદાર છે. ટાયર-૨ શહેરો પણ આમા આવરી લેવામાં આવ્યા છે. કોચી, લુઢિયાણા અને નાગપુર જેવા ટાયર-૨ શહેરમાંથી વધુ વજન ધરાવતાં લોકોની સંખ્યા વધારે હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ એવું માનવામાં આવતું હતું કે મેટ્રો શહેરોમાં આ આંકડો વધારે છે પરંતુ હવે એવું જાણવા મળ્યું છે કે ટાયર-૨ શહેરોમાં પણ આ આંકડો ઓછો નથી. નવા ૧૧-શહેર સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ૩૬ ટકાથી વધુ લોકો આદર્શ વજન કરતા વધુ વજન ધરાવે છે. સ્થૂળતાથી તમામ લોકો ગ્રસ્ત છે. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો બોડીમાસ ઈન્ડેક્સના આધાર ઉપર આંકડો આદર્શ દેખાઈ રહ્યો નથી. કોચી જેવા મિની મેટ્રો શહેરોમાં ૪૬ ટકા સર્વેમાં ભાગ લેનાર લોકો સામાન્ય કરતા વધુ વજનના હતા. સ્થૂળતાથી અમારા નોન મેટ્રો શહેરો પણ અસરગ્રસ્ત છે તે બાબત જાણવા મળી છે. સર્જન રામન ગોહિલે આ મુજબની વાત કરી છે. સ્થૂળતા હવે એક મોટી સમસ્યા બની ચૂકી છે. સ્થૂળતાના કારણે ઘણી બિમારીઓ પણ આકર્ષિત થઈ છે.

સીડીએસ જનરલ રાવત,એરફોર્સ ચીફ ભદોરિયા હાજર રહ્યા

દક્ષિણ ભારતમાં બ્રહ્મોસથી સજ્જ ઘાતક સુખોઈ-૩૦ વિમાનો તૈનાત કરાયા

ચેન્નાઇ

દક્ષિણ ભારતના તટીય વિસ્તારોના સંરક્ષણને મજબૂત બનાવવા માટે વાયુસેનાએ પોતાના સૌથી ઘાતક સુખોઈ-૩૦ વિમાનોને તૈનાત કરી દીધા છે.

તામિલનાડુના તંજાવુર એરબેઝ પર સોમવારે સુખોઈ-૩૦ વિમાનોની ૨૨મી ટાઈગર શાર્ક તરીકે ઓળખાતી સ્કવોર્ડ્રનની તૈનાતી કરી દેવામાં આવી છે.

આ સમારોહમાં ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત અને એરફોર્સ ચીફ આરકેએસ ભદોરિયા સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.સૌથી મહત્વની વાત એ છે કે, સુખોઈ વિમાનોને ભારે મારકણા બ્રહ્મોસ મિસાઈલથી સજ્જ કરાયા છે.

જ્યાં સુખોઈની સ્કવોડ્રન તૈનાત કરાઈ છે તે તંજાવુર એરબેઝની સ્થાપના ૨૦૧૩માં થઈ હતી.ભારતીય વાયુસેનાનો સુખોઈ વિમાનોને અહીંયા મોકલવા પાછળનો હેતુ દક્ષિણ વિસ્તારના સમુદ્રી કિનારાઓની સુરક્ષાને વધારે મજબૂત બનાવવાનો છે.તામિલનાડુના કોઈમ્બતુર એરબેઝ પર તેજસ વિમાનોની એક ટુકડી પણ તૈનાત છે.

બ્રહ્મોસના ડાયરેકટર જનરલ સુધીર મિશ્રાએ અગ્રણી મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે આ એક રીતે અમારા સપનાને સાકાર કરવા જેવું છે. ભારતીય વાયુસેના સમુદ્ર અને જમીન બંને પર લાંબા અંતરના લક્ષ્ય પર અચૂક પ્રહાર કરવામાં સક્ષમ મિસાઈલોથી લેસ કરવાની કોશિષ હતી. હવે આ સપનું પૂરું થવા જઈ રહ્યું છે. નવા સુખોઈ સ્કવાડ્રનનું નામ ટાઈગર શાર્કસ રાખ્યું છે. આ વર્ષના અંત સુધીમાં બેડામાં ૧૮ સુખોઈ ફાઈટર જેટ સામેલ કરવાની યોજના છે. સુખોઈ ફાઈટર જેટ હવામાં ૧૫૦૦ કિલોમીટર સુધી માર કરવામાં સક્ષમ છે તો બ્રહ્મોસ મિસાઈલ પર ૨૯૦ કિલોમીટરની રેન્જ સુધી લક્ષ્ય પર અચૂક નિશાન સાંધવાની ક્ષમતાથી લેસ છે.

આ યુવકે પાર્ટીમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો

રાજસ્થાનમાં ટ્રક-કાર વચ્ચે ભયંકર અકસ્માતઃ સાત યુવકોના મોત

સીકર

સીકર જિલ્લાના ફતેહપુર વિસ્તારના સાત યુવકોના રોડ અકસ્માતમાં મોત નિપજયા છે. તમામ યુવકો એકબીજાના મિત્રો હતા. તેઓ પાર્ટીમાંથી પરત ફરી રહ્યાં હોવાનું મનાઈ રહ્યું છે. સાલાસર વિસ્તારમાં એન.એચ. ૫૮ પર આ લોકોની કાર અથડાઈ હતી. આ ગંભીર અકસ્માતમાં તેમના અન્ય ૧ મિત્રની ગંભીર હાલતમાં છે. આ દુર્ઘટના મુદ્દે રાજયના મુખ્ય પ્રધાન અશોક ગેહલોતે ટ્વિટ કરી દુઃખ વ્યક્ત કર્યુ છે.

મળતી વિગત અનુસાર સીકર જિલ્લાના રોલ સાહેબ સર ગામ પાસે યુવકો સાલાસર વિસ્તારમાં ગયા હતા. આ લોકો સાથે ફતેહપુરના બે યુવકો પણ સામેલ હતા. રવિવારે મોડી રાત્રે તેઓ પરત ફરી રહ્યા હતા, ત્યારે સાલાસર ટોલ નાકા પાસે ફોર્ચ્યૂનર કાર ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ઘટનામાં ટક્કટ એટલી જબરદસ્ત હતી કે, કારનું કચ્ચરઘાણ વળી ગયુ હતુ. તેમજ કારમાં બેઠેલા સાત યુવકોના મૃત્યુ થયા હતા. જ્યારે એક યુવાન ગંભીર રૂપથી ઘાયલ થયો હતો. સાલાસર પોલીસને મળેલી માહિતી અનુસાર, મૃત્યુ પામેલા લોકોમાં રોલ સહબ સર ગામનો ગાઝી ખાન પુત્ર રમઝાનખાન, ઈમરાન ખાન પુત્ર નજીર ખાન, ઈમરાન ખાન ઉર્ફે ગાંધી, ઈકબાલ ખાન અને ઈસ્લામ ખાનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ અકસ્માતમાં ફતેહપુરના રફીક અને બાબુ ખાનનું પણ મોત નીપજયું હતું.

રોડ-શોના કારણે કેજરીવાલ સમયસર ન પહોંચી શક્યા: આજે ઉમેદવારી ફોર્મ ભરશે

ન્યુ દિલ્હી

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સોમવારે નવી દિલ્હીની વિધાનસભા સીટ માટે ઉમેદવારી ફોર્મ ભરવાના હતા, પરંતુ રોડ શોના કારણે તેઓ ઉમેદવારી ફોર્મ ભરવા માટે નક્કી કરેલા સમય ૩.૦૦ વાગ્યા સુધી ઈલેક્શન કમિશનની ઓફિસ પહોંચી શક્યા નહીં. હવે અરવિંદ કેજરીવાલ મંગળવારે ૨૧ તારીખે ઉમેદવારી ફોર્મ ભરશે.

આજે રોડ શો પહેલાં સીએમ કેજરીવાલ વાલ્મીકી મંદિર પહોંચ્યા હતા. અહીંથી તેઓ રોડ શો કરીને ઉમેદવારી ફોર્મ ભરવા માટે નીકળ્યા હતા. રોડ શો દરમિયાન ભેગી થયેલી ભીડના કારણે તેમનો કાફલો નક્કી કરેલા સમય સુધી ઈલેક્શન કમિશનની ઓફિસ પહોંચી શક્યા નહતા. આજે ઉમેદવારી ફોર્મ ભરવા જતા પહેલાં કેજરીવાલે ઘરેથી નીકળતા તેમના માતાના આશીર્વાદ પણ લીધા હતા.

ભાજપ અને કોંગ્રેસમાં કેજરીવાલની સામે કયા ઉમેદવાર ઉતારવા તે માટે ચર્ચા-વિચારણાં ચાલી રહી છે. કોંગ્રેસ પૂર્વ સીએમ શીલા દીક્ષિતની દીકરી લતિકા દીક્ષિત અથવા બહેન રમા ધવનને નવી દિલ્હીની સીટ પરથી ચૂંટણી લડાવવા માંગે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભાજપ કેજરીવાલની સામે કુમાર વિશ્વાસને ઉતારવાનો વિચાર કરી રહી છે. આ સિવાય રાજ્યસભા સાંસદ વિજય ગોયલ, શાઝિયા ઈલ્મી, સુનીવ યાદવનું નામ પણ રેસમાં સામેલ છે.

કોંગ્રેસમાં કેજરીવાલ સામે ચૂંટણી લડવા માટે રવિવારે મોડી રાત સુધી લતિકા દીક્ષિત અને રમા ધવનને મનાવવાનો પ્રયત્ન ચાલતો હતો. આ સિવાય નવી દિલ્હીની સીટ માટે અજય માકનના અંગત મહેન્દ્ર મંગલા, સુભાષ ચોપડાના ખાસ રમેશ સબ્બરવાલ અથવા યુથ કોંગ્રેસ સાથે જોડાયેલા અશોક ચોપડાનું નામ પણ સામેલ છે.

અમે જવાબી કાર્યવાહી કરવાની દ્રષ્ટિથી ખૂબ નાના છીએ

ભારત સામે કાર્યવાહી કરવાનુ અમારું ગજુ નથીઃ મલેશિયા વડાપ્રધાન

કુઆલાલામ્પુર

મલેશિયાના વડાપ્રધાન મહાતિર મોહમ્મદે સોમવારના રોજ સ્પષ્ટતા કરી કે તેમનો દેશ પોતાના પામ ઓઈલની આયાતના બહિષ્કાર કરવા પર ભારતની વિરૂદ્ધ કોઈ જવાબી કાર્યવાહી કરશે નહીં. તેમણે માની લીધું કે ભારત જેવા વિશાળ અર્થતંત્રની સામે મલેશિયા કયાંય ટકી શકશે નહીં. આથી જવાબી કાર્યવાહીનો પ્રશ્ન જ ઉભો થતો નથી. મલેશિયન પીએમે કહ્યું કે અમે જવાબી કાર્યવાહી કરવાની દ્રષ્ટિથી ખૂબ નાના છીએ. તેમણે સંવાદદાતાઓ સાથે વાત કરતાં કહ્યું કે આપણે તેમાંથી બહાર નીકળવાના બીજા સાધન શોધવા પડશે. ચીન-પાકિસ્તાનને ખુલ્લે આમ સાથ આપનાર મલેશિયાની શાન હવે ઠેકાણે આવી ગઈ.

ભારત ખાદ્ય તેલોની દુનિયાનો સૌથી મોટો આયાતકાર છે જયારે મલેશિયા ભારતને સૌથી વધુ ખાદ્ય તેલ નિકાસ કરે છે. જો કે મલેશિયાના વડાપ્રધાને જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને નિષ્પ્રભાવી કરવા અને નાગરિકતા સંશોધન કાયદામાં સંશોધન કરવા પર ભારત સરકારની આલોચના કરી તો જવાબમાં ભારતે આ મહિનાથી મલેશિયાના પામ ઓઈલની આયાતને રોકી દીધી. મલેશિયા દુનિયાનું સૌથી મોટું પામ તેલનું ઉત્પાદક દેશ છે એવામાં તેનો સૌથી મોટો આયતકાર દેશ બહિષ્કાર કરતાં મોટો ઝાટકો લાગ્યો છે.

સીએએના પ્રદર્શનોની વચ્ચે પોસ્ટર વૉર શરૂ

વારાણસીમાં મુસ્લિમોને 'ઘર વાપસી'ની સલાહ આપતા પોસ્ટર લાગતા વિવાદ

વારાણસી

નાગરિકતા સંશોધન કાયદો સંસદમાંથી પાસ થયા બાદથી દિલ્હીનાં શાહીન બાગ સહિત દેશનાં ઘણા હિસ્સાઓમાં વિરોધ અને સમર્થનમાં પ્રદર્શન થઈ રહ્યા છે. તો આ પ્રદર્શનોને લઈને પોસ્ટરવોર પણ શરૂ થઈ ગયા છે. આ જ ક્રમમાં હવે વારાણસીમાં એક પોસ્ટર સામે આવ્યું છે, જેમાં મુસ્લિમોને ઘરે પાછા ફરવાની સલાહ આપવામાં આવી છે. હિન્દુ સમાજ પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ રોશન પાંડેએ આ પોસ્ટરો જાહેર કર્યા છે. રોશન પાંડેએ આ પોસ્ટર ઇંગ્લિશ લાઇન તિરાહ પર મુક્યા છે, જેમાં મુસ્લિમ મહિલાઓને હિન્દુ ધર્મમાં રૂપાંતરિત થવાનો સંદેશો તેમજ મુસ્લિમોને હિન્દુ ધર્મમાં પાછા ફરવા પર એનઆરસી અને સીએએથી છૂટકારો મેળવવાનો સંદેશ આપવામાં આવ્યો છે.

રોશન પાંડેએ શાહીન બાગમાં કથિતરીતે લાગેલાં હિંદુ વિરોધી પોસ્ટરનું શીર્ષક 'અમે જોઈશું'ને પણ પોસ્ટરનાં માધ્યમથી 'અમે પણ જોઈશું અને અમે જોઈ રહ્યા છીએ.' શાહીન બાગના વિરોધને હિંદુ વિરોધ ગણાવતાં રોશન પાંડેએ જણાવ્યું હતું કે શાહીન બાગમાં ત્રણ મહિલાઓને મુસ્લિમો દ્વારા કપાળ પર ચાંદલા અને બુરખો પહેરેલી બતાવવામાં આવી હતી. આ સિવાય પોસ્ટરની નીચે, ફેઝની કવિતા હમ દેખેંગે' શીર્ષકની કેટલીક લાઈનો પણ લખી છે. અંતે, સ્વસ્તિક ખંડિત કરીને તેનું વિઘટન રૂપ દર્શાવવામાં આવ્યુ છે.

રોશન પાંડેએ કહ્યું કે આ પોસ્ટર સ્પષ્ટપણે હિન્દુઓ ઉપર ઈસ્લામિક વર્ચસ્વ સ્થાપિત કરવા અને હિન્દુઓનો દ્વેષ વ્યક્ત કરવાના ઉદ્દેશથી ઉશ્કેરવામાં આવ્યા હતા.

બે બીજેપી કાર્યકરો સામે અલગથી ફરિયાદ

ડેપ્યૂટી કલેક્ટર થપ્પડકાંડઃ ૬૫૦ લોકો વિરુદ્ધ ફરિયાદ, ૧ની ધરપકડ

રાજગઢ

મધ્ય પ્રદેશના રાજગઢ જિલ્લામાં ડેપ્યૂટી કલેક્ટર પ્રિયા વર્મા સાથે થયેલા અભદ્ર વર્તન મામલે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે આ મામલે ૬૫૦ લોકો સામે કલમ ૧૪૪ના ઉલ્લંઘનનો કેસ દાખલ કર્યો છે. જ્યારે આ મામલે બીજેપીના બે કાર્યકરો વચ્ચે અલગથી કેસ નોંધવામાં આવ્યો છે.

એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. રવિવારે રાજગઢમાં ડેપ્યૂટી કલેક્ટર પ્રિયા વર્માની બીજેપી કાર્યકરો સાથે સીએએ ના સમર્થનમાં દેખાવો દરમિયાન ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન કલેક્ટર નિધિ નિવેદિતા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમની સાથે પણ અસભ્ય વર્તન કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગત પ્રમાણે રાજગઢમાં સીએએના સમર્થનમાં બીજેપીએ રેલી કાઢી હતી. આ દરમિયાન ઘટનાસ્થળે કલેક્ટર નિધિ પ્રિયા અને ડેપ્યૂટી કલેક્ટર પ્રિયા વર્મા પહોંચ્યાં હતાં. રેલી રોકવા દરમિયાન અધિકારીઓ અને દેખાવકારો વચ્ચે ઝપાઝપી થઈ હતી. આ અંગેનો એક વીડિયો પણ વાયરલ થયો છે, જેમાં અધિકારીઓ સાથે અયોગ્ય વર્તન થઈ રહ્યું હોવાનું જોઈ શકાય છે.

વીડિયોગ્રાફીના આધારે પોલીસે ૬૫૦ લોકો સામે કલમ ૧૪૪ તોડવાનો તેમજ સરકારી કર્મચારીની ફરજમાં રૂકાવટ ઉભી કરવાનો કેસ નોંધ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, જેમાંથી ૧૫૦ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે, બાકીના ૫૦૦ લોકોની હજી સુધી ઓળખ થઈ નથી.

અમેરિકાના હવાઇ ગોળીબારઃ બે પોલીસકર્મીનાં મોત

હવાઇ

અમેરિકાના હવાઇ રાજ્યમાં એક વ્યકિત દ્વારા કરાયેલા ગોળીબારમાં બે વ્યકિતઓ મૃત્યુ પામી છે. હોનોલુલુમાં ગોળીબાર દરમિયાન અસામાજિક તત્ત્વ સાથે અથડામણ સમયે આ ઘટના બની.

શહેરની મેયર ઓફિસ તરફથી બંને પોલીસકર્મીઓના મૃત્યુની વાતને સમર્થન અપાયું છે. પોલીસ પ્રવકતાએ આ ઘટના સાથે જોડાયેલી જાણકારી આપવાનો ઇનકાર કર્યો છે. યુએસ મીડિયા રિપોર્ટ મુજબ ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશને જણાવ્યું કે હોનોલુલુના વાઇકીકી વિસ્તારમાં અધિકારી ગનમેનને જડબાતોડ જવાબ આપી રહ્યા હતા.

એ ફ બી આ ઇ એ ગોળીબારમાં બે પોલીસ જવાનોના મોતને સમર્થન આપ્યું છે. ગનમેન વિરુદ્ધ પોલીસનું અભિયાન જારી છે તેથી ઘટનાસ્થળની આસપાસના મકાન ખાલી કરાવવામાં આવી રહ્યા છે.

હોનોલુલુના મેયર કાર્યાલય તરફથી જારી કરાયેલા નિવેદનમાં મૃતક પોલીસકર્મીના મિત્રો અને પરિવાર પ્રત્યે સંવેદના વ્યકત કરાઇ છે. ટ્વિટર પર જારી નિવેદનમાં હોનોલુલુના મેયર કિર્ક કોડવેલે કહ્યું કે હું બંને મૃત અધિકારીઓના પરિવાર અને મિત્રો સાથે સમગ્ર હોનોલુલુ પોલીસ વિભાગ પ્રત્યે મારી સંવેદનાઓ વ્યકત કરવા ઇચ્છું છું. આ સમગ્ર હવાઇ રાજય માટે એક મોટી ઘટના છે.

ડ્યૂટી ફ્રી સ્ટોરથી એક કાર્ટન સિગારેટ ખરીદવાની સુવિધા બંધ કરવાની સલાહ

આગામી દિવસોમાં એરપોર્ટ પર માત્ર એક જ બોટલ દારૂ મળશે

ન્યુ દિલ્હી

એરપોર્ટ ઉપર સ્થિત શુલ્ક મુકત સ્ટોર ઉપર આગામી દિવસોમાં એક બોટલ દારૂ જ ખરીદી શકાશે. સરકાર બિન જરૂરી વસ્તુઓની આયાતને ઓછી કરવા માટે આ સીમા લગાવવા માટે વિચાર કરી રહી છે. સુત્રોએ આ અંગે જાણકારી આપી છે.

સુત્રોના જણાવ્યા પ્રમાણે વાણિજય મંત્રાલયે પહેલી ફેબ્રુઆરીએ રજુ થનારા સામાન્ય બજેટને ધ્યાનમાં રાખીને નાણાંમંત્રી નિર્મલા સીતારમણને આ સલાહ આપી છે. મંત્રાલયે ડ્યૂટી ફ્રી સ્ટોરથી એક કાર્ટન સિગારેટ ખરીદવાની સુવિધા બંધ કરવાની સલાહ આપી છે. અત્યાર સુધી જે વ્યવસ્થા છે એ અંતર્ગત વિદેશથી આવનારા મુસાફરો એરપોર્ટ ઉપર સ્થિત ડ્યૂટી ફ્રી સ્ટોરથી બે લીટર દારૂ અને એક કાર્ટન સિગારેટ ખરીદી શકે છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે અનેક દેશ અત્યારે આંતરરાષ્ટ્રીય મુસાફરોને વધુમાં વધું એક લિટર દારુ ખરીદવાની મંજૂરી આપે છે. ભારત પણ આને અપનાવી શકે છે. સરકાર દેશમાં બિનજરૂરી વસ્તુઓની આયાતને ઓછી કરવાના વિવિધ ઉપાયોગ ઉપર ધ્યાન આપી રહી છે. સરકારનું માનવું છે કે, બિનજરૂરી વસ્તુઓની આયાતથી દેશનો વ્યાપાર ખાધ ઘટી શકે છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શમશેર સૂરજેવાલાનું એમ્સ હોસ્પિટલમાં નિધન

ન્યુ દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શમશેર સિંહ સુરજેવાલાએ દિલ્હી એમ્સ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા છે. શમશેર સિંહ પાંચ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. હરિયાણા કૃષક સમાજના અધ્યક્ષ પણ રહ્યા અને તેમણે ખેડૂતના અધિકારો માટે લડાઈ લડી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા રણદીપ સુરજેવાલાના પિતા શમસેર સિંહ સુરજેવાલા લાંબા સમયથી બિમાર હતા. છેલ્લા કેટલાક દિવસથી શમશેર સિંહ સુરજેવાલા દિલ્હીના એમ્સ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા.

તેઓ ૮૭ વર્ષના હતા. પાર્ટીના નેતા રણદીપ સુરજેવાલાના પિતા શમશેર સિંહે દિલ્હીની એમ્સ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. શમસેર સિંહ પ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને એક વખત રાજ્યસભા સભ્ય તરીકે પણ ચૂંટાયા હતા. હરિયાણા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ પ્રધાન પણ રહ્યા હતા. હરિયાણા કૃષક સમાજના અધ્યક્ષ હતા અને તેમણે ખેડૂતોના અધિકારો માટે લડાઈ લડી હતી.

૧ જૂનથી શરૂ થશે એક રાષ્ટ્ર,એક રાશન કાર્ડઃ રામવિલાસ પાસવાનની જાહેરાત

ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ પ્રધાન રામવિલાસ પાસવાને જણાવ્યું હતું કે 'એક રાષ્ટ્ર, એક રેશનકાર્ડ' યોજના ૧ જૂન ૨૦૨૦ થી શરૂ થશે. આ યોજનામાં જુનું રેશનકાર્ડ પણ માન્ય રહેશે. ૧ જાન્યુઆરી, ૨૦૨૦થી દેશના ૧૨ રાજ્યો આંધ્ર પ્રદેશ, તેલંગાણા, ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા, રાજસ્થાન, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, ગોવા, ઝારખંડ અને ત્રિપુરામાં એક રાષ્ટ્ર એક રેશનકાર્ડ સુવિધાની શરૂઆત થઈ ચૂકી છે.

'એક દેશ, એક રેશનકાર્ડ' યોજનાના અમલ પછી, કોઈપણ કાર્ડધારક રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (એનએફએસએ) હેઠળ કોઈપણ રાજ્યના રાશનની દુકાનમાંથી તેમનું રાશન લઈ શકશે. 'એક દેશ, એક રાશનકાર્ડ' એ મોદી સરકારની મહત્વાકાંક્ષી યોજના છે, જે અંતર્ગત દેશભરના પીડીએસ ધારકોને દેશના કોઈપણ ખૂણામાં જાહેર વિતરણ પ્રણાલીની દુકાનોમાંથી તેમના હિસ્સોનું રાશન મળશે. આ યોજના હેઠળ પીડીએસના લાભાર્થીઓને તેમના આધાર કાર્ડ પર ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ (પીઓએસ) ડિવાઈસથી કરવામાં આવશે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ કેન્દ્ર સરકાર દેશભરમાં ૮૦ કરોડથી વધુ લોકોને સસ્તા ભાવે અનાજ પ્રદાન કરે છે.

અલ્હાબાદનું નામ બદલીને પ્રયાગરાજ કરવા મામલે સુપ્રિમની યોગી સરકારને નોટિસ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે અલાહાબાદનું નામ બદલીને પ્રયાગરાજ કરવાની પડકાર ફેંકતી જાહેર હિતની અરજી પર સોમવારે ઉત્તર પ્રદેશ સરકારને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો છે. આ પીઆઈએલ અલાહાબાદ હેરિટેજ સોસાયટી દ્વારા જારી કરવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશ એસ. એ. બોબડે અને ન્યાયાધીશ બી.આર ગવઈ અને ન્યાયાધીશ સૂર્યકાંતની ખંડપીઠે રાજ્યને નોટિસ ફટકારી હતી. ગત વર્ષે ૧ જાન્યુઆરીએ કેન્દ્ર સરકારે અલાહાબાદનું નામ બદલીને પ્રયાગરાજની મંજૂરી આપી હતી. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, રાજ્ય સરકારને રેલ્વે સ્ટેશન, કેન્દ્રિય યુનિવર્સિટીનું નામ બદલવાનો અધિકાર નથી. આ અધિકાર કેન્દ્ર સરકાર પાસે છે. વર્ષ ૨૦૧૯ માં જ ઉત્તર પ્રદેશ કેબિનેટે અલાહાબાદનું નામ બદલવાની જાહેરાત કરી હતી. આ નિર્ણયને મંજૂરી મળ્યા પછી, આ સ્થાનનું સત્તાવાર નામ બદલીને પ્રયાગરાજ કરવામાં આવ્યું હતુ. સંતોએ રાજ્યનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને અલાહાબાદનું નામ બદલીને પ્રયાગરાજ કરવાની દરખાસ્ત કરી હતી. આ પછી સીએમ યોગીએ આ જાહેરાત કરી હતી. હવે અલાહાબાદને પ્રયાગરાજ નામ આપવાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવેલ છે. આ કેસની સુનાવણી કરી રહેલા બેંચનાં સભ્ય જસ્ટીસ અશોક ભૂષણે પોતાને કેસથી દૂર કરી દીધા હતા. જે બાદ હવે આ કેસ નવી બેંચ જોઇ રહી છે. આ કેસની સુનાવણી કરી રહેલા બેંચનાં સભ્ય ન્યાયાધીશ અશોક ભૂષણ પોતાને તેનાથી દૂર કરી લીધુ હતે. હવે નવી બેંચ આ મામલે સુનાવણી કરી રહી છે.

૩૦ જાન્યુઆરીના રોજ રાજતિલક વિધિ યોજાશે

રાજકોટના ૧૭માં ઠાકોર સાહેબનો રાજ્યાભિષેક : મુખ્યમંત્રી હાજર રહેશે

રાજકોટ

રાજકોટના ૧૭મા ઠાકોર સાહેબ તરીકે માંધાતાસિંહજી મનોહરસિંહજી જાડેજાના રાજ્યાભિષેક અને રાજતિલકની વિવિધ તૈયારીઓ આખરી તબક્કામાં છે. ફક્ત રાજકોટ કે ગુજરાત નહીં પરંતુ સમગ્ર દેશમાં આટલા મોટાપાયે કોઇ રાજવીનું રાજતિલક થયું હોય એવું નજીકના ભૂતકાળમાં બન્યું નથી. રાજકોટમાં યોજાનાર આ પ્રસંગ ખૂબ જ ઐતિહાસિક અને ઘણો મહત્વનો બની રહવાનો છે. સનાતન ધર્મ, રાજધર્મ, ક્ષાત્રધર્મ, અને લોકતંત્રનો એક સમન્વય આ ઉત્સવમાં રચાવાનો છે. રાજતિલકની વિધિમાં દ્વારકા તથા જ્યોર્તિમઠમાં પીઠાધીશવર સ્વામી સ્વરૂપાનંદજી સરસ્વતીજીના પ્રતિનિધિ સદાનંદ સરસ્વતી, શ્રી પરમાત્માનંદજી સરસ્વતીજી તેમજ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિતના અગ્રણીઓ હાજર રહેશે.

આ દરમિયાન રણજીત વિલાસ પેલેસ ખાતે ૭૦૦૦થી વધારે દીવડાઓ ઝગમગશે. ૨૫૦૦થી વધુ દીકરા-દીકરીઓ તલવાર રાસ દ્વારા શૌર્ય અને પરંપરાની ઝાંખી કરાવશે તેમજ ભવ્ય નગરયાત્રામાં ઠાકોર સાહેબ રાજકોટની પ્રજાનું અભિવાદન ઝીલશે. રણજીત વિલાસ પેલેસમાં યજ્ઞની આહુતિઓ આપવામાં આવશે. ત્યારબાદ ૩૦ જાન્યુઆરીના રોજ રાજતિલક વિધિ યોજાશે.

આ માટે તારીખ ૨૭થી વિવિધ કાર્યક્રમની શરૂઆત થઈ જશે. જેમાં ૨૭ તારીખે સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન દેહ શુદ્ધિ, દશવિધિ સ્નાન, વિષ્ણુ પૂજન, પ્રાયશ્ચિત વગેરે વિધિ યોજાશે. ૨૮ તારીખે સાવરે ૯ થી ૧ વાગ્યા દરમિયાન માતૃકા પૂજન, ચતુર્વેદ શાંતિ સુક્ત, અરણી મંથન દ્વારા અગ્નિ સ્થાપન અને યજ્ઞનો આરંભ થશે. ૨૮ બપોરે ૧૨ થી ૨ દરમિયામ ક્ષત્રિય દીકરા-દીકરીઓ તલવાર રાસ યોજાશે. ૨૮મીએ બપોરે ૩ થી ૬ રણજિત વિલાસ પેલેસના પરિસરમાં મહાયોગના મંત્રોનો પ્રધાન હોમ, જળયાત્રા, સાયમ પૂજન અને સાથે ૩.૩૦.થી ૬.૩૦ ઠાકોર સાહેબની નગરયાત્રા નીકળશે. શોભાયાત્રામાં વિન્ટેજ કાર, બગી, રાજવી પરિવાર, સંતો મહંતો જોડાશે.

પશુનું મારણ કરીને દીપડો ઘરમાં ઘુસી ગયો, વીડિયો વાયરલ

કચ્છ

નખત્રાણાનાં એક ગામમાં વહેલી સવારે ઘરમાં દીપડો ઘુસી જતા ભયનો માહોલ છવાઇ ગયો હતો. સદનસીબે જ્યારે દીપડો ઘરમાં આવ્યો ત્યારે ઘરનાં સભ્યો ભેંસને ચરાવવા ગયા હતા. જેથી ઘરમાં કોઇ હતુ ન હતું. જોકે, દીપડો ઘરમાં ઘૂસ્યાની જાણ ગામ લોકોને થતા તેમણે ઘરનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. મહત્વનું છે કે, આ દીપડો એક પશુનું મારણ કર્યા બાદ ઘરમાં ઘુસી ગયો હતો. જે બાદ વનવિભાગની ટીમને જાણ કરી હતી. આ ઘટનાનો વીડિયો હાલ ઘણો જ વાયરલ થઇ રહ્યો છે.

વીડિયોમાં દેખાતી ઘડિયાળ પ્રમાણે સવારનાં ૬.૩૫ કલાક થયા હતા. ત્યારે ઘરનાં લોકો ભેંસ ચરાવવા ગયા હતાં. આ દીપડાએ એક પશુનું મારણ પણ કર્યું હતું. જેના કારણે ગામ લોકોનાં જીવ તાળવે ચોંટી ગયા હતાં. જોકે, આ અંગે વનવિભાગને જાણ કરાતા તેઓએ દીપડાને પકડવાનાં ચક્રો ગતિમાન કર્યા છે. પહેલા તો ગામલોકોનાં ખેતરોમાં અને ગામનાં રસ્તા પર દીપડાની દહેશત રહેતી હતી. પરંતુ આ ઘટના બાદ લોકો પોતાના ઘરમાં જતા પહેલા પણ ચેતી જાય છે. હાલ બનાવને લઈ ફોરેસ્ટ અને પોલીસ વિભાગ બનાવ સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

ટ્રેનની વ્હીસલના ડરથી સાબરમતીમાં છલાંગ લગાવનાર યુવકનું રેસ્ક્યુ કરાયું

અમદાવાદ

મૂળ મુંબઈનો રહેવાસી અને હાલમાં સાબરમતી ડી-કેબિન વિસ્તારમાં નાનાના ઘરે આવેલો ૧૮ વર્ષનો અર્જુન આદિ નામનો યુવક રાતે ૧૦ વાગ્યે ડીકેબિનથી મુંબઈ જવા નીકળ્યો હતો. યુવક ચાલતો ચાલતો કાલુપુર રેલવે સ્ટેશન જતો હતો. મોડી રાતે ૧૨.૩૦ની આસપાસ કેશવનગર રેલવે ઓવરબ્રિજ પરથી ચાલતો જતો હતો ત્યારે બાજુમાંથી ટ્રેન નીકળી હતી. ટ્રેનની વ્હીસલ સાંભળી ડરી જતાં પગ લપસી ગયો હતો અને સાબરમતી નદીમાં પડ્યો હતો. નદીમાં પડતા જ તેણે જીવ બચાવવાના પ્રયાસ શરૂ કર્યા હતા. ધીરે ધીરે તે બ્રિજના પિલ્લર સુધી પહોંચી ગયો હતો. બ્રિજના પિલલર પર ચડી જઈ તેણે પોતાનો જીવ બચાવી લીધો હતો.

બ્રિજની વચ્ચે આવેલા પિલલર પરથી તેણે મદદ માટે અનેક બુમો પાડી હતી. પરંતુ મોડી રાત હોવાથી કોઈએ તેની બુમો સાંભળી ન હતી. એક કલાક સુધી મદદ માટે તેણે બુમો પાડી હતી પરંતુ કોઈ મદદે ન આવતા છેવટે તે થાકી આખી રાત પલળેલો ઠંડીમાં નદીની વચ્ચે પિલલર પર બેસી રહ્યો હતો. તેનો ફોન પણ પલળી ગયો હોવાથી બંધ થઈ ગયો હતો જેથી કોઈની મદદ પણ માંગી શક્યો ન હતો.

વહેલી સવારે ૬.૪૬ વાગ્યે થોડું અજવાળું થતાં રિવરફ્રન્ટના સિક્યુરિટી ગાર્ડે પિલ્લર પર યુવકને જોતાં બ્રિજ ઉપર જઈ તેને પૂછ્યું હતું. પોતે બ્રિજ પરથી પડી ગયો હોવાનું કહેતા સિક્યુરિટી ગાર્ડે ફાયરબ્રિગેડને જાણ કરી હતી. ફાયરબ્રિગેડની રેસ્ક્યૂ બોટના રમેશસિંહ રાજપુત અને ભરત મંગેલા તાત્કાલિક નદીમાં વચ્ચે પોહચી યુવકને સહી સલામત બહાર લાવ્યા હતા અને રિવરફ્રન્ટ પોલીસને સોંપ્યો હતો.

તીડના કહેરથી સરહદી તાલુકામાં ફફડાટ, ખેડૂતોના પાકોનો સફાયો

વાવ

વાવ તાલુકાના સરહદી ત્રણ ગામોમાં ચાર દિવસથી તીડોએ ધામા નાંખતા ખેડૂતોના ખેતરોમાં ઊભેલા લીલોછમ પાકનો રાતાચોળ કરી નાખ્યો છે. તીડના કારણે ખેડૂતો હવે બિસ્તરા-પોટલા લઇ ઘર ભેગા થવાના દિવસો આવી ગયા છે. તીડોએ આ ત્રણ દિવસમાં ત્રણ ગામોમાં ખેડૂતોને કરોડોનું નુકશાન કર્યું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

વાવના સરહદી રાધાનેસડા, કુંડાળીયા અને માવસરી ત્રણેય ગામોમાં ત્રણ દિવસથી તીડોનું આક્રમણ યથાવત રહ્યું છે. જેને લઇ ખેડૂતોના ઊભા પાકોનો સફાયો કરી નાખ્યો છે. રાધાનેસડા અને કુંડાળીયા કાંધીબેટમાં આવેલા ચાળક માતાજીના મંદિર નજીક કરોડો તીડ હાલ પણ ઉડી રહ્યા છે. જેઓ પર સત્વરે નિયંત્રણ કરવામાં નહીં આવે તો વધુ ખેડૂતોના ખેતરો તેમજ અન્ય ગામો પર પણ ખતરો મંડાયેલો રહેશે. માવસરી ગામે તીડોએ પાક ખાઈ જતા ખેતરમાં કાંઇ બચ્યું ન હોઈ માવસરી ગામનો ભાગીયો છગન ઠાકોર બિસ્તરા-પોટલા બાંધી ટ્રેક્ટર ભરી ખેતરેથી ઘરે ગયો હતો.

ખેતીવાડી અધિકારી રામજી દેસાઈએ જણાવ્યું હતું કે 'માવસરી, કુંડાળીયા, રાધાનેસડા સહિત ત્રણ ગામોમાં ૧૨ ટ્રેક્ટર દ્વારા ૩૪ લિટર દવાનો છંટકાવ કર્યો હતો. જ્યારે ૩ ટીમો કેન્દ્રની હતી.' કુંડાળીયાના ખેડૂત કાંનજી ધર્માજી ધાંણકે જણાવ્યું હતું કે, 'મારી ૧૧ એકરમાં જીરાનો પાકનું વાવેતર કર્યું હતું. તેમાં બિયારણ, ખાતર, દવા તેમજ નિંદામણ મજૂરી સહિતનો ખર્ચ કર્યો હતો. જેમાં તીડોએ આખો પાક ખાઈ જતા અમારે હવે ખેતરેથી ઘરે જવાના દિવસો આવ્યા છે.'

ખેડૂતોને દિવસે વીજળી આપવા સરકાર પ્રયાસ કરશેઃ સૌરભ પટેલ

રાજકોટ

કડકડતી ઠંડીને લઈને ખેડૂતોને રાત્રે પાણી વાળવામાં મુશ્કેલી થઈ રહી છે. આથી રાજકોટ ભારતીય કિસાન સંઘ દ્વારા ઉર્જા મંત્રી સૌરભ પટેલને આવેદનપત્ર પાઠવ્યું હતું. અને ખેડૂતોને દિવસ દરમિયાન પણ લાઇટ આપવાની માંગ કરી હતી.આથી સૌરભ પટેલે ખેડૂતોને દિવસે વીજળી આપવા સરકાર પ્રયાસ કરશે તેવું જણાવ્યું હતું.

ખેડૂતોને દિવસ દરમિયાન પણ લાઈટ આપવાની માંગ સાથે ભારતીય કિસાન સંઘ દ્વારા રાજકોટના સર્કિટહાઉસ ખાતે ઉર્જા મંત્રી સૌરભ પટેલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. કિસાન સંઘ દ્વારા ઉર્જા મંત્રી પાસે માંગ કરવામાં આવી હતી કે રાત્રિના સમયે જંગલી જાનવરોના ત્રાસનો ભય તથા શિયાળુ પીત સમયે ભારે ઠંડીનો ખેડૂતો સામનો કરી રહ્યા હોય છે ત્યારે ખેડૂતોને દિવસના વીજળી આપવાની કિસાન સંઘે માંગ કરી હતી. બીજી તરફ ઉર્જામંત્રી સૌરભ પટેલે આ અંગે સરકાર વિચારણા કરી રહી હોવાનો દાવો કરીને ઉર્જા ક્ષેત્રે થયેલા કામ ને આગળ કર્યા હતા અને ભવિષ્યમાં ખેડૂતોના હિતમાં સરકાર ચિંતિત હોવાનો દાવો કર્યો હતો. કિસાન સંઘે ચીમકી ઉચ્ચારી છે કે જો સરકાર દિવસે લાઈટ આપવા અંગે તાત્કાલિક ધોરણે કોઈ નિર્ણય નહીં લે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

સાબરમતી સેન્ટ્રલ જેલ બન્યું કોલ સેન્ટર... ૬ વર્ષમાં ૧૯૮ મોબાઈલ અને ૯૧ સીમકાર્ડ મળ્યા

અમદાવાદ

અમદાવાદ સાબરમતી જેલ કેદીઓ માટે જલસા અને રીતસર ધમધમતુ ખંડણીનું કોલ સેન્ટર હોવાનું સામે આવી રહ્યું છે. છેલ્લા ૬ વર્ષમાં સેન્ટ્રલ જેલમાંથી ૧૯૮ મોબાઈલ અને ૯૧ સીમકાર્ડ મળી આવ્યા છે. વિશાલ ગોસ્વામી રીતસર ખંડણીનું નેટવર્ક ચલાવતો હોવાનું સામે આવ્યું છે. આધુનિક સમયમાં કોઈનો પણ ફોન ટ્રેસ કરીને તેની સામે કાર્યવાહી કરવા માટે ગુજરાત પોલીસ વારંવાર જસ ખાટે છે. પરંતુ સાબરમતી સેન્ટ્રલ જેલમાં વિશાલ ગોસ્વામી વોઈસ ઓવર ઈન્ટરનેટ પ્રોટોકોલ ટેક્નોલોજીની મદદથી પોતાના ટાર્ગેટને ધમકી આપવા સંપર્ક કરતો હતો. સાબરમતી જેલ ઝામર અને અન્ય વસ્તુઓથી અતિસુરક્ષિત હોવાનું માનવામાં આવે છે,. પરંતુ ત્યાં ફોન નેટવર્ક નહીં પરંતુ હાઈ સ્પીડ ઈન્ટરનેટ ચાલતું હોવાનું સામે આવ્યું છે જ્યાં સમગ્ર જેલતંત્ર અને અવાર નવાર રેડ કરતી સુરક્ષા એજન્સીના દાવા પણ ખોટા સાબિત થઈ રહ્યાં છે.

સાબરમતી સેન્ટ્રલ જેલમાં કુખ્યાત ગુનેગારો આતંકવાદીઓ અને અન્ય હિસ્ટ્રીસીટરો પોતાની જરૂરિયાતની વસ્તુઓ મેળવી લેતા હોવાની ચર્ચાઓ અવાર નવાર થઈ હતી. પરંતુ વારંવાર ગુજરાત પોલીસ આ દાવાઓ ખોટા હોવાનું કહીને વાત ઉડાડી દેતી હતી. અતિસંવેદનશીલ સાબરમતી જેલ આતંકવાદીઓ દ્વારા બનાવવામાં આવેલી સુરંગના કારણે બદનામ છે. તેની સાથે ગોવા રબારી, વહાબ અને વિશાલ ગોસ્વામી જેવા ગુનેગારો જેલમાં રહીને પોતાનું ખંડણીનું નેટવર્ક ચલાવતા હતા. આ ગુનેગારો કોઈની રહેમ નજર વગર ચાલતા હોય તેવું માનવું અશક્ય છે. અમુક રૂપિયાની લાલચમાં કેટલાક જેલ સ્ટાફ કેદીઓને મોબાઈલથી લઈને તમામ વસ્તુઓ પ્રોવાઈડ કરે તેવી આશંકા છે.

ખંડણીખોર વિશાલ ગોસ્વામી સહિત ત્રણનાં ૨૭ જાન્યુ. સુધીનાં રિમાન્ડ મંજૂર

અમદાવાદ

સાબરમતી જેલમાંથી વેપારીઓ પાસેથી કરોડો રૂપિયાની ખંડણી માગવાના કેસમાં ક્રાઈમ બ્રાંચે વિશાલ ગોસ્વામી ગેંગનાં સભ્યો સામે ગુજસીટોક કાયદા હેઠળ પ્રથમ ગુનો નોંધીને તેમની ધરપકડ કરી છે. આ કેસમાં વિશાલ ગોસ્વામી, અજય ગોસ્વામી અને રિંકુ ગોસ્વામીની સાબરમતી જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી હતી. કોર્ટે આ ત્રણેયનાં ૨૭મી જાન્યુઆરી સાંજે ચાર વાગ્યા સુધીનાં રિમાન્ડ મંજૂર કર્યા છે.

વિશાલ ગોસ્વામી સહિત ૩ લોકોને કોર્ટમાં રજૂ કરીને ૩૦ દિવસનાં રિમાન્ડની માંગણી કરી હતી. આ અંગે આરોપીનાં વકીલે દલીલ કરી કે, માત્ર ઈન્ટ્રોગેશન માટે ૩૦ દિલસનાં રિમાન્ડ ન આપવામાં આવે. આ સાથે વકીલે દહેશત પણ વ્યક્ત કરી કે, આરોપીઓનું એનકાઉન્ટર પણ થઈ શકે છે. જેથી આ ત્રણેવનાં ૨૭મી તારીખનાં ચાર વાગ્યા સુધીનાં સુધીનાં રિમાન્ડ મંજૂર કર્યા છે. જેમાં જેલમાં તે કઈ રીતે અને કોની કોની સાથે વાતો કરતો હતો તે જાણવામાં આવશે.

ક્રાઈમ બ્રાંચની તપાસમાં સામે આવ્યું છે કે, સાબરમતી જેલમાંથી ખંડણીનું નેટવર્ક શરૂ કરનારા વિશાલ ગોસ્વામીએ છેલ્લા ૮ મહિનામાં વેપારીઓ પાસેથી અંદાજે ૬૦ લાખ રૂપિયાની ખંડણી વસૂલી હતી. દર મહિને બેથી પાંચ લાખની ખંડણી જેલમાંથી ધમકીઓ આપી વસૂલતો હતો. આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે વિશાલ ગોસ્વામી, તેના ભાઈ અજય અને સાળા રિંકુની સાબરમતી જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી હતી.

આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચનાં અધિકારીઓએ સાબરમતી સેન્ટ્રલ જેલમાં તપાસ કરાતા વિશાલ ગોસ્વામી તથા અજય ઉર્ફે આશુતોષ ગોસ્વામી તથા રીન્દુ ઉર્ફે રાજ ગોસ્વામી પાસેથી બે એન્ડ્રોઈડ મોબાઈલ, એક સાદો ફોન, બે સીમકાર્ડ, મોબાઈલનું ચાર્જર, સીમકાર્ડ કાઢવા માટેની પીન, બે હેન્ડ્સ ફ્રી તેમજ મોબાઈલ ફોન નંબર લખેલી ડાયરી જેવી ચીજ વસ્તુઓ મળી આવી છે. નોંધનીય છે કે, વિશાલે અમદાવાદમાં ૩ હત્યા સહિત મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને કર્ણાટકમાં મળી કુલ ૧૩ હત્યા કરી છે. જ્યારે હત્યા સહિતના ૫૦ ગુનાઓમાં વિશાલ પાંચ રાજ્યોમાં વોન્ટેડ હતો.

કાનની રસી મટતી હોવાથી ભાવિકો કરચલાથી બાધા પૂર્ણ કરે છે

શિવ મંદિરમાં ભાવિકોએ ભગવાનને જીવતા કરચલાનો અભિષેક કર્યો

સુરત

ઉમરા વિસ્તારના રામનાથ-ઘેલા મંદિરમાં દર વર્ષની જેમ પોષ એકાદશીએ અહીં મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. પોષી એકાદશીએ ઉમરા વિસ્તારમાં આવેલા રામનાથ – ઘેલા મંદિરમાં શિવજી પર જીવતા કરચલાથી અભિષેક કરવામાં આવતો હોવાથી મોટી સંખ્યામાં ભાવિકો દ્વારા જીવતા કરચલા ભગવાન શિવને ચડાવવામાં આવ્યાં હતાં. ભાવિકોને કાનની રસી મટતી હોવાથી માનતા લેવા અને પૂર્ણ કરવા ભાવિકો સવારથી મંદિરે જીવતા કરચલા લઈને પહોંચી પૂજા અર્ચના કરી હતી.

ભાવિકોની માનતા પૂર્ણ થતાં દરવર્ષની જેમ આ વર્ષે પણ જીવતા કરચલાની ખરીદી કરીને જીવતા કરચલાને એક થેલીમાં ભરી ભક્તો મંદિરમાં પ્રવેશ કરે છે. મંદિરમાં રામનાથ – ઘેલા મહાદેવ પર જીવતા કરચલાનો અભિષેક કરીને પોતાની માનતા પૂર્ણ કરતાં હોય છે. જીવતા કરચલાનો અભિષેક કરવા પાછળ લોકવાયકા જોડાયેલી છે. કહેવાય છે અહીં ભગવાન રામ વનવાસ દરમ્યાન અહીં રોકાયા હતા. જે બાદ તેમણે પોતાના કમાનથી શિવલિંગ ઉત્પન્ન કરી પૂજા – અર્ચના શરૂ કરી હતી. બાદમાં ભગવાન રામને પોતાના પિતાના અવસાનના સમાચાર મળ્યા હતા. જેથી ભગવાન રામે અહીં પિતૃ તર્પણવિધિ કરવાનો નિર્ણય કર્યો.

લોકવાયકા પ્રમાણે ભગવાન રામે તર્પણવિધિ દરમ્યાન બ્રાહ્મણ ન હોવાથી સમુદ્રદેવને બ્રાહ્મણ તરીકે પ્રગટ થવા વિનંતી કરી હતી. સમુદ્ર દેવ બ્રાહ્મણ રૂપે પ્રગટ થયા અને ભગવાન રામે પૂજા કરી. આ દરમ્યાન સમુદ્રના મોજાના કારણે ભગવાન શિવના શિવલિંગ પર અસંખ્ય જીવિત કરચલા આવી પડ્યાં. ભગવાન રામને સમુદ્રદેવે કરચલા જેવા જીવનો ઉદ્ધાર કરવા વિનંતી કરી. ભગવાન આ જોઈ ઘેલા ઘેલા બન્યા. શિવલિંગ પર કરચલા ચઢાવી કેટલાક ભક્તોએ કાનના થતાં રોગો અંગે બાધા મૂકે છે. તો કેટલાકની મનોકામના પૂર્ણ થતાં બાધા છોડી પૂજન-અર્ચન કરતા હોય છે.

મોડાસા યુવતી હત્યા કેસ...

યુવતી પર દુષ્કર્મ થયું હોવાની વાત ઉપજાવી કાઢેલી : ભાજપા ધારાસભ્ય જેઠા ભરવાડ

ગાંધીનગર

અરવલ્લી જિલ્લાના મોડાસામાં એક અનુસૂચિત જાતિના યુવતિનું અપહરણ થયું હતું. અપહરણ બાદ યુવતિની લાશ ઝાડ પરથી લટકાયેલી હાલતમાં મળી આવી હતી. આ ઘટનાના કારણે સમગ્ર ઉત્તર ગુજરાતમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. આ યુવતિની હત્યાના મામલે ત્રણ યુવકોએ પોલીસ મથકમાં આત્મસમર્પણ કર્યુ હતું. યુવકો ભરવાડ સમાજના છે ત્યારે શહેરના ધારાસભ્ય અને ભારતીય જનતા પાર્ટીના અગ્રણી જેઠા ભરવાડ આરોપી યુવકોના સમર્થનમાં આવ્યા છે. તેમણે ગાંધીનગરમાં ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાને આવેદન પત્ર આપ્યું છે અને કહ્યું છે કે 'દુષ્કર્મની ઘટના ઘટી જ નથી પડદા પાછળ કઈક જુદું રંધાયું છે.'

જેઠા ભરવાડે જણાવ્યું,' ગેંગરેપમાં અસલિયત જૂદી છે. આ સ્ટોરી ખોટી છે અને સરકાર સામે ખોટી મુસીબત ઉભી કરવામાં આવી છે. આ મામલે સુપ્રિમ કોર્ટ, સીબીઆઈ જેની તપાસ કરાવવી હોય કરાવો અને અને અમારા છોકરા ગુનેગારો હોય તો એને જાહેરમાં ગોળી મારી દેવાની કે ફાંસી આપી દે તો પણ વાંધો નથી.'

જેઠા ભરવાડે જણાવ્યું કે 'મારા મતે દીકરી સાથે જે થયું તે ખોટું થયું છે તેના માટે અમને લાગણી છે દુઃખ પણ છે પરંતુ જે સમાજની દીકરી સાથે આ ઘટના બની છે તે દીકરીના પિતા સમાજના દબાણમાં છે. આ કેસમાં હકીકત જુદી છે અને રજૂઆત જુદી છે. સમાજના પ્રેશરમાં પોલીસ દબાણમાં ન આવે તેવી અમે રજૂઆત કરી છે.'

વિદ્યાર્થીનો ઝાડ પર ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી

મહીસાગર

મહીસાગર જિલ્લાના વીરપુરના લિંબરવાડા ગામે એક ગોઝારી ઘટના ઘટી છે. સોમવારે સવારે ગામના ખેડૂતો જયારે સીમમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ૧૫ વર્ષના કિશોરની ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ જોવા મળી હતી. આ લાશે દેખા દેતા લોકોના ટોળેને ટોળા એકઠા થઈ ગયા હતા. વિદ્યાર્થીએ ગળેફાંસો ખાધો હોવાની જાણ થતા જ લોકોએ તેની ઓળખ કરી બતાવી હતી.

પ્રાપ્ત અહેવાલો મુજબ આ મૃતદેહ ૧૫ વર્ષના રાયસન ઠાકોરનો હોવાનું ખૂલ્યું હતું. રાયસન ૧૦માં ધોરણનો વિદ્યાર્થી છે. જોકે, આ મૃતદેહ મળી આવ્યા પછી પણ હત્યા હતી કે આત્મહત્યા તેનો ખુલાસો થયો નથી. રાયસનના પરિવારજનોને આ ઘટનાની જાણ કરતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને રોકકળ મચાવી દીધી હતી. જુવાનજોધ દીકરાના મોતથી પરિવારમાં માતમ છવાઈ ગયો હતો

પોલીસ વડાના નિયમોનાં લીરેલીરાં...પીસીઆર વાનમાં ચારના બદલે માત્ર બે જ કર્મીઓ..!!

રાજયમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તાજેતરમાં રાજય પોલીસ વડા શિવાનંદઝાએ પીસીઆર વાનનો મુખ્ય હેતુઓ માટે જ ઉપયોગ કરી પીસીઆર વાનમાં ડ્રાઈવર સહિત ચાર પોલીસ જવાનોનો સ્ટાફ રાખવા સત્તાવાર જાહેરાત કરી હતી. રાજય પોલીસ વડાના આ આદેશના પગલે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા નક્કી કરેલા પોઈન્ટ પર પીસીઆર ઉભી રાખવા તેમજ બેજ પોઈન્ટ અને હોલ્ટ પોઈન્ટ સિવાય બિનજરૂરી જગ્યાએ પીસીઆર ઉભી નહીં રાખવા તાકીદ કરી દેવામાં આવી છે. અગાઉ પીસીઆર વાનનો ટ્રાફિક નિયંત્રણ, વીઆઈપી મુવમેન્ટ, જુગાર દારૂના કેસો, કોર્ટમાં આરોપીઓને રજૂ કરવા જેવા કામમાં ઉપયોગ કરવામાં આવતી હતી.પરંતુ રાજય પોલીસ વડા શિવાનંદ ઝાએ મારામારી, લૂંટ, ચેન સ્નેચીંગ જેવા કિસ્સામાં કંટ્રોલના આદેશની રાહ જોયા વિના પીસીઆર ઈનચાર્જ જાતે નિર્ણય લેવા સહિત દરેક પીસીઆર વાનમાં એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ, લોકરક્ષક ડ્રાઈવર મળી ચાર જણાનો સ્ટાફ રાખી દર બે ત્રણ મહિને આ સ્ટાફ બદલી દેવા આદેશો આપવામાં આવ્યા હતા.જો કે રાજય પોલીસ વડાના આ આદેશનું પાટનગર ગાંધીનગરમાં જ અનાદર થઈ રહ્યું હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. ગાંધીનગરના પોલીસ મથકોમાં આવેલી પીસીઆર વાનને એક જ સ્થળે હોલ્ટ પર ઊભી તો રાખી દેવાઈ છે પણ હજી સુધી પીસીઆર વાનમાં સ્ટાફની ભરતી કરવામાં આવતી નથી. હાલમાં પણ ડ્રાઈવર સાથે એક એએસઆઈ કે એક હેડ કોન્સ્ટેબલ એમ બે લોકો જ ફરજ બજાવી રહ્યા છે.

એક તરફ રાજય પોલીસ વડાએ પીસીઆરમાં સ્ટાફ મૂકવાના આદેશો આપી દેવાયા છે ને બીજી તરફ ગાંધીનગરની પીસીઆર વાનમાં સ્ટાફની હજી સુધી ભરતી કરવામાં આવી નથી. જેનાં કારણે પીસીઆર વાનમાં હાલમાં ફરજ બજાવતા પોલીસ સ્ટાફની સ્થિતિ કફોડી બની જવા પામી છે. એમાય બાર-બાર કલાકની નોકરી કરી દેવામાં આવી હોવાથી પીસીઆર વાનમાં ફરજ બજાવતા પોલીસ જવાનો ઘરના કોઈ પણ સારા કે ખરાબ પ્રસંગમાં હાજરી આપી શકતા નથીપ!! આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે,હાલમાં સેક્ટર – ૨૧ પોલીસ મથકની પીસીઆર વાનમાં ત્રણ શિફ્ટથી કામગીરી લેવાઈ રહી છેપ!નિયમ મુજબ પીસીઆર વાનમાં એમ.ટી.શાખામાંથી ડ્રાઈવર ની ફાળવણી કરવાની રેહતી હોય છે પણ અત્યારે જે તે પોલીસ મથકના જવાનને જ ડ્રાઈવર તરીકે નોકરી કરવી પડી રહી છેપ!પોલીસ મથકમાં પેહલેંથી જ સ્ટાફની ઘટ હોવા છતાં પણ પીસીઆર વાનમાં જે તે પોલીસ મથકમાંથી જ ડ્રાઈવર ફાળવવામાં આવે છે.

એમાંય રાજયનું પાટનગર હોવાના કારણે ગાંધીનગર પોલીસને સક્રિય કામગીરી સિવાય બંદોબસ્તમાં જોતરાંયેલા રેહવું પડે છે. જેની સીધી અસર કાયદો અને વ્યવસ્થા પર પડી રહી છે.આઠ કલાકની નોકરી લેવાની જગ્યાએ પોલીસ જવાનો પાસે બાર બાર કલાકની કામગીરી લેવામાં આવી રહી છે.જેના કારણે પીસીઆરમાં ફરજ બજાવતો કર્મચારી તેના ઘરના જ કોઈ પ્રસંગમાં હાજરી આપી શકતો નથી અને પોલીસ જવાન માનસિક રીતે તોબા પોકારી ઉઠયા છેપ!! અત્રે ઉલ્લેખનીય છે કે એક તરફ રાજય પોલીસ વડા શિવાનંદઝા પોલીસ આધુનિકરણ માટે અથાગ પ્રયાસો કરી રહ્યા છે તેમના પ્રયાસોના ફળ સ્વરૂપે ગુજરાત પોલીસને પોતાનું એન્થમ સોંગ તેમજ અલગ લોગો પણ મળી ગયું છે ત્યારે રાજય પોલીસ વડાનો આદેશ હોવા છતાં ગાંધીનગર પોલીસ મથકની પીસીઆર વાનમાં બે જ પોલીસ સ્ટાફથી કામ ચલાવી તેમના આદેશની જ અવગણના કરવામાં આવી રહી છેપ!!

માંડવીમાં દીપડો પાંજરે પુરાતા સ્થાનિકોમાં દહેશત ઘટી

સુરત

સુરત જિલ્લામાં આદિવાસી વિસ્તાર ગણાતા માંડવી તાલુકામાં દીપડાની દહેશત યથાવત જોવા મળી છે. ગત તા-૧૪ જાન્યુઆરીના રોજ એક દીપડી પાંજરે પુરાય હતી. તે જ રાત્રિ દરમ્યાન દીપડાએ વદેશીયા ગામે ૧૧ વર્ષીય બાળક રોનક ઉપર હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત હાલતમાં રોનકને નજીકની સરકારી હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો. પાતાલ ગામની ઘટના બાદ વધુ એક બાળક પર દીપડાએ હુમલો કરતા માંડવી વન વિભાગ પણ દોડતું થયું હતું. વનવિભાગે ટીમ સાથે સ્થળ નિરીક્ષણ કરી દીપડાને પાંજરે પુરવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

દીપડાની ગતિવિધિ અંગે તપાસ શરૂ કરાઈ હતી. થોડા દિવસો અગાઉ પાતાલ ગામે માનવભક્ષી દીપડાએ ૫ વર્ષની બાળકીને મોતને ઘાટ ઉતારી હતી. વનવિભાગની ટીમે માંડવી તાલુકાના ૨૦ ગામોમાં ૨૫ જેટલા પાંજરા તેમજ ૨૨ સીસીટીવી કેમરા અને ટ્રેપ કેમેરા ગોઠવ્યા હતા. જેમાં માંડવી તાલુકાનાં કાલીબેલ ગામે જંગલ વિસ્તારમાં મૂકવામાં આવેલ પાંજરામાં સોમવારે પથી ૬ વર્ષની વયનો નર દીપડો પાંજરે પુરાયો હતો. દીપડો પાંજરે પુરાતા સ્થાનિકોમાં થોડો ડર ઓછો થયો છે. વનવિભાગની ટીમે આ દીપડાનો કબ્જો મેળવી તબીબી પરીક્ષણ કરી આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

મહિલાને જાનથી મારી નાંખવાની ધમકી આપનાર પૂર્વ પતિ સહિત ત્રણની ધરપકડ

સુરત

પાંડેસરા ગામ સ્થિત સુખસાગર રેસીડેન્સીમાં રહેતી અને અઠવા ગેટ સ્થિત એન્ડ્રોમેડા પ્રા. લિમીટેડ નામની કંપનીમાં લોન ડિસ્ટ્રીબ્યુટર તરીકે નોકરી કરતી નેહા લવભાઈ નલાવડે (ઉ.વ. ૨૭) એ વર્ષ ૨૦૧૩માં મનોજ શિવરામ નિમ્બાલકર (રહે. આર્શીવાદ ટાઉનશીપ, ગેટ નં. ૨, ઉધના) સાથે પ્રેમલગ્ન કર્યા હતા અને સંતાનમાં એક પુત્ર છે.

જો કે લગ્નનના બે-અઢી વર્ષ બાદ બંન્ને વચ્ચે મનમેળ નહિ થતા વર્ષ ૨૦૧૮માં છુટાછેડા લઈ લીધા હતા. છુટાછેડા દરમ્યાન નેહા હાલ જે ફલેટમાં રહે છે તેનો બીન અવેજી વેચાણ કરાર એટલે કે બક્ષીશ કરાર નોટોરાઈઝ કરી આપવામાં આવ્યો હતો અને ફલેટ ખરીદી માટે લીધેલી લોનના હપ્તા પણ તે ભરે છે. દરમ્યાનમાં નેહા અને તેની બહેન નોકરી પર ગયા હતા તે દરમ્યાનમાં તેનો પૂર્વ પિત મનોજ અને બે મહિલા ઘરના દરવાજાનું તાળું તોડી અંદર ઘુસી ગયા હતા અને નેહા નોકરી પરથી પરત આવતા તેને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ ઘટનામાં પાંડેસરા પોલીસે નેહાના પૂર્વ પતિ મનોજ શિવરામ નીંબાલકર (ઉ.વ.૩૧ રહે. ૨૦૪, આકાશ ભુમિ રો-હાઉસ, પાંડેસરા) અને તેની પત્ની રીંકુ મનોજ નીંબાલકર (ઉ.વ.૨૫) અને તેની બહેનપણી જુલી પરેશભાઈ લેખડીયા (ઉ.વ.૧૯ રહે બાજપાઈ આવાસ, કૈલાશ નગર, પાંડેસરા) ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈન્ટરનેશનલ મેથેમેટિક ઓલમ્પિયાડ : ધો.-૧ નો વિધાર્થી વિશ્વમાં પ્રથમ નંબરે

રાજકોટ

રાજકોટના કાવ્ય નામના ટેણિયાએ મેથેમેટિકસમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઈતિહાસ રચ્યો છે. ધોરણ ૧માં અભ્યાસ કરતા કાવ્ય કકાણીયાએ આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાયેલી મેથેમેટિકની પરીક્ષામાં પ્રથમ ક્રમાંક મેળવતા રંગીલા રાજકોટનું નામ ફરી એક વખત વિશ્વ લેવલે ઝળકયું છે. રાજકોટમાં રહેતા અને ધોરણ ૧માં અભ્યાસ કરતા કાવ્ય કકાણીયાનો વિશ્વ સ્તરે યોજાતી ઈન્ટરનેશનલ મેથેમેટિક ઓલિમ્પિયાડ પરીક્ષામાં સમગ્ર વિશ્વમાં પ્રથમ આવ્યો છે.

કાવ્યએ ગણિત વિષયમાં પરીક્ષામાં ૪૦માંથી ૪૦ માર્ક સાથે પ્રથમ રેન્ક મેળવી એક અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. દેશના અંદાજીત ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. આ વિદ્યાર્થીઓમાંથી કાવ્યએ મેથેમેટિક વિષયમાં ઈન્ટરનેશનલ લેવલે પ્રથમ ક્રમાંક મેળવી પરિવાર, શાળા, શહેર અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. ઈન્ટરનેશનલ મેથેમેટિક ઓલિમ્પિયાડ પરીક્ષાની શરૂઆત વર્ષ ૧૯૫૮થી થઈ હતી. આ પરીક્ષામાં ધોરણ ૧થી લઈને ધોરણ ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકે છે. આ વર્ષે રાજકોટમાં ધોરણ ૧માં અભ્યાસ કરતા કાવ્યએ પણ આ પરીક્ષા આપી હતી અને તેણે આ પરીક્ષામાં પ્રથમ રેન્ક મેળવીને ઈતિહાસ રચી નાખ્યો છે.

કાવ્ય ભારતનો સૌથી નાની વયનો વિદ્યાર્થી છે. તેણે આ પરીક્ષામાં પ્રથમ રેન્ક હાંસિલ કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો છે. કાવ્યના પિતા રોહિતભાઈનું માનવું છે કે કાવ્યને પહેલાથી જ ગણિત વિષય સાથે લગાવ છે અને તે મોટાભાગની ગાણિતીક ગેમ જ રમવાનું પસંદ કરે છે. ગણિત પ્રત્યેના લગાવને કારણે તેના માટે આ પરીક્ષામાં સફળતા મેળવવાનું સરળ થઈ ગયું અને મોટી સફળતા મળી શકી છે.

લોખંડની ગરમ તવી મારી પત્નીની હત્યા કરનાર પતિની ધરપકડ

છોટાઉદેપુર

નસવાડી તાલુકાના ખરેડા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી અને બે બાળકો સાથે ગઢ બોરીયાદ ગામમાં રહેતી અલ્પાબેન ઝાલાની શિક્ષક પતિએ કરપીણ હત્યા કરી હતી. નસવાડી પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી પતિ મુકેશ સોલંકીની ધરપકડ કરી છે અને તેની પૂછપરછ શરૂ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મુકેશ સોલંકી આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના ગંભીરા ગામે શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જ્યારે પત્ની અલ્પા ઝાલા નસવાડી તાલુકાના ખરેડા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી હતી. શનિવારના રોજ રાત્રે પતિ મુકેશ સોલંકી તેની પત્નીને મળવા આવ્યો હતો, ત્યારે ઝઘડો થતાં રોટલી બનાવવાની લોખંડની ગરમ તવી તેની પત્નીના ગળા પર મૂકીને ગળા અને માથાના ભાગે બેફામ માર મારીને હત્યા કરી નાખી હતી. ગઢ બોરીયાદ ખાતે રહેતી અલ્પાની નાની બહેન જયાએ રવિવારે સવારમાં અલ્પાને ફોન કરતાં સ્વિચ ઓફ આવતો હતો. જેથી તેની બહેને નજીકમાં રહેતી એક શિક્ષિકાને ફોન કરીને અલ્પા સાથે વાત કરવાનું જણાવ્યું હતું. નજીકમાં રહેતી શિક્ષિકાએ તેની છોકરીને તેના ઘરે મોકલી હતી. ત્યારે તેને અલ્પાની હત્યા થઈ હોવાની વાત જણાવતાં તે ત્યાં દોડી ગઈ અને પોલીસને જાણ કરી હતી. બાળકોને લઈને હત્યારો પતિ કડકડતી ઠંડીમાં ખાનગી વાહનમાં ભાગી છૂટ્યો હતો. બાળકોને વહેલી સવારના તેના ગામ તેના પિતાને ત્યાં મૂકી જતો રહ્યો હતો.

પૈસાની લેતી-દેતી મામલે ત્રણ શખ્શોએ હથિયાર વડે હુમલો કરતા એકનું મોત

અમદાવાદ

અમદાવાદ શહેરના સરદારનગર વિસ્તારમાં નાબલનગરમાં સુદામાપાર્કમાં હત્યાનો બનાવ બન્યો છે. મોડી રાતે એક વ્યક્તિની હત્યા કરવામાં આવી છે જ્યારે બે વ્યક્તિઓને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

સુદામાપાર્ક સોસાયટીમાં રહેતા રાજુભાઈ દેસાઈ અને તેમનો પરીવાર રહે છે. રાતે તેમની જ સોસાયટીમાં રહેતા મનોજ લાલાવાણી સહિતના ત્રણ લોકો રાજુભાઈના ઘરે હથિયારો સાથે પહોંચી ગયા હતા અને તેમની પર હુમલો કર્યો હતો જેમાં તેમને વચ્ચે છોડાવવા પડેલા તેમના ભાઈ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. બંન્નેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં જ્યાં રાજુભાઈનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. જ્યારે તેમના ભાઈની હાલત ગંભીર છે. પૈસાની લેવડદેવડ અને અંગત અદાવતમાં હત્યા કરવામા આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. સરદારનગર પોલીસે હત્યાનો ગુનો નોંધી ત્રણ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

તબીબોની બેદરકારીથી સાડા ચાર વર્ષની બાળકીનું મોત નીપજ્યું

જામનગર

જામનગરની ખાનગી હોસ્પિટલમાં તબીબોની બેદરકારીથી સાડા ચાર વર્ષની બાળકીનું મોત નીપજતાં શહેરભરમાં ખળભળાટ મચી ગયો છે. સાથળમાં રહેલા સળિયા કાઢવાનું ઓપરેશન પૂર્ણ થયા બાદ બાળકી ભાનમાં જ ન આવતા મોતને ભેટી હતી.પોલીસે બાળકીના મોત સબબ ડો.મીલીન્દ પોરેચા અને ડો.નીરવ કાચા સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધી તપાસનો ધમધામટ શરૂ કર્યો છે. મીતેશભાઈ ભંડેરીની પુત્રી મિસરીને ડાબા સાથળમાંથી સળિયા કાઢવાનું ઓપરેશન ડો.મીલીન્દ પોરેચાની હોસ્પિટલમાં જુનમાં કરાયું હતું. ડો.નીરવ કાચાએ એનેસ્થેસિયા આપ્યું હતું ઓપેરેશન પૂર્ણ થયાના ત્રણ કલાક બાદ પણ મીસરી ભાન ન આવતા ડો.મિલિન્દ પોરેચા અને ડો. નીરવ કાચાએ બાળકીનું મૃત્યુ થયાનું જાહેર કર્યું હતું આથી બાળકીના પિતાની ફરિયાદ પરથી ૬ માસ બાદ પોલીસે બન્ને તબીબો સામે ગુનો નોંધ્યો છે.

શહેરમાં થોડા દિવસો પહેલાં ટાઉનહોલ નજીક ગાયનેકોલોજીસ્ટ ડો.સાઠેયની હોસ્પિટલમાં પ્રસુતિ દરમિયાન મહિલા પોલીસકર્મીનું મોત બેદરકારીથી થયાની ફરિયાદ પણ નોંધાઈ હતી. ફરી તબીબો સામે ગુન્હો નોંધાતા તબીબી આલમમાં ચર્ચા વિષય બન્યો છે.

મોંઘવારીના મામલે ગરવી ગુજરાત પાર્ટી દ્વારા પદયાત્રા યોજાઈ

દેશની જનતાને મોંઘવારી ઓછી કરવા માટેનો આયનો બતાવનાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતાની યોજનાઓ માં ફેલ તથા જોવા મળ્યા છેપ! કારણ કે આજે દેશના દરેક નાગરિક મોંઘવારી મુદ્દે તોબા પોકારી ગયો છે. પ્રાથમિક સુવિધા માટે દેશનો નાગરિક ભટકી રહ્યો છે. ત્યારે આજે ગુજરાત સમેત દરેક રાજ્યોમાં લોકો મોંઘવારી ને લઈ સરકાર વિરુદ્ધ આખો બતાવી રહયા છે. હાલ અમદાવાદના ઠાકોર નાટવરસિંહ પોતાની પાર્ટી બેનર હેઠળ ડુંગરી, તેલ જેવી પ્રાથમિક સુવિધા મુદ્દે અમદાવાદના અસારવા વિસ્તારમાં પદયાત્રા કાઢી મોંઘવારીના નારા લગાવ્યા હતા. આ પદયાત્રામાં આસપાસના રહીશો અને મોંઘવારી તળે દબાયેલો વ્યક્તિ જોડાયો હતો.

આજે સામાન્ય વ્યક્તિની પરિસ્થિતિ એટલી કફોડી થઈ ગઈ છે કે પોતાનો ગુજરાન ચલાવામાં ફાફે ચડી ગયો છે. ત્યારે ગરવી ગુજરાત પાર્ટીએ નાગરિકના હિતમાં વિરોધ કરી સરકાર વિરુદ્ધ નારેબાજી કરી હતી. આજે સામાન્ય માણસની જરૂરિયાત રોટી,કપડાં,મકાન છે જેને મેળવવા માટે એ વ્યક્તિ દોડે છે પરંતુ આજે રોટી પણ મોંઘી, કપડાં પણ મોંઘા, અને મકાન તો વ્યક્તિના સપના થી જ બહાર છે. મોંઘવારી એટલી હદે વધી ગઈ છે કે સામાન્ય વ્યક્તિનું જીવન ચિંતા મય થઈ ગયું છે. આ ચિંતાને દૂર કરવા માટે સનગઠનો, પાર્ટીઓ, તેમજ પોતે મોંઘવારી વચ્ચે દબાયેલો માણસ પ્રયાસ કરી રહ્યો છે. ખાવા પીવાથી પહેરવા સુધીની તમામ વસ્તુ મોંઘી થઈ છે.

ગરવી ગુજરાત પાર્ટીના પ્રદેશ પ્રમુખ નટવરસિંહ ઠાકોરે જણાવ્યું કે અમદાવાદમાં આવેલ અસારવા એક મધ્યમ વર્ગ વિસ્તાર છે જ્યાં તમામ વર્ગ વસવાટ કરે છે. પરંતુ અહીંના ભાજપના ધારાસભ્ય પ્રદીપ પરમારને આ વિસ્તારની ચિંતા જ નથી. અસારવા મધ્ય વચ્ચે જો કોઈ વ્યક્તિને ફરવા જવાનો હશે તો એને કલાપીનાગર જવું પડે છે ત્યાંથી એને સરકારી બસ મળે છે. કોઈ પણ પ્રકારની સુવિધા અસારવા વિસ્તારમાં થઈ નથી. ત્યારે ભાજપ સરકાર વિકાસની વાતો કરી અસારવા ને ગ્રીન બનાવાની વાત કરી છે.

ચા થોડી મીઠી બની જતાં પત્નીને માર મારનાર પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

જુહાપુરામાં રહેતી ૨૧ વર્ષીય યુવતીના વર્ષ ૨૦૧૬માં લગ્ન થયા હતા. તેના પતિ શ્યામલ બ્રાન્ડ ફેક્ટરીમાં નોકરી કરે છે અને સંતાનમાં એક દીકરી પણ છે. લગ્ન બાદ સાસરે રહેવા ગયેલી આ યુવતીને એક વર્ષ સુધી તેના સાસરિયાઓએ સારી રીતે રાખી હતી. બાદમાં તેની સાસુ અને પતિ રસોઈ બાબતે કે અન્ય કોઈ નાના કામમાં ભૂલો કાઢી તેને ત્રાસ આપી અપમાનિત કરતા હતા. પરંતુ ઘર સંસાર ન બગડે તે માટે તે આ ત્રાસ સહન કરતી હતી.

દીકરીને જન્મ આપ્યા બાદ પણ સાસરિયાઓ મહેંણાટોંણા મારતા હતા. જો યુવતીની તબિયત બગડે તો તેને દવાખાને પણ લઈ જતા ન હતા. આટલું જ નહીં પણ યુવતીની પુત્રી જો રડે તો તેનો પતિ તેને ધમકાવતો હતો અને તેને દીકરીને રાખતા નથી આવડતું કહીને ત્રાસ આપતો હતો.

ઘર કંકાસમાં યુવતીની નણંદો પણ સાથ પુરાવતી હતી અને યુવતીનો વાંક છે તેમ કહી તેના ભાઈઓને ચઢાવતી હતી. દસેક દિવસ પહેલા યુવતીને તેના પતિએ ચા બનાવવાનું કહેતા તેનાથી ચા થોડી વધારે મીઠી બની ગઈ હતી. જેથી તેના પતિએ આવેશમાં આવીને તને એક પણ કામ આવડતું નથી તેમ કહીને બીભત્સ ગાળો બોલી તેને ગડદાપાટુનો માર માર્યો હતો. માર મારતા જ યુવતીને તેના માતાપિતાને જાણ કરી હતી. આખરે કંટાળેલી યુવતીએ તેના પતિ, સાસુ-સસરા અને નણંદો સામે વેજલપુર પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૪૯૮એ, ૩૨૩, ૨૯૪બી અને ૧૧૪ મુજબ ફરિયાદ આપતા વેજલપુર પોલીસે તપાસ હાથ ધરી છે.

ધાબે વાંચતી કિશોરીની છેડતી કરનાર વિકૃત યુવાન વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

હાલના સમયમાં યુવકોમાં વિકૃતિનું પ્રમાણ વધતું જાય છે. અને તેનો ભોગ હવે બને છે માસૂમ બાળાઓ. ક્રૂર દુનિયાથી અજાણ માસૂમ બાળાઓ પર નાની ઉંમરે જ છેડછાડ અને દુષ્કર્મની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. નાની વયે બનતાં આ અપરાધોની છાપ ભોગ બનનારાઓમાં જિંદગીભર રહેતી હોય છે. અમદાવાદમાં પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ૧૩ વર્ષની કિશોરી ધાબા પર વાંચતી હતી ત્યારે પાડોશમાં રહેતાં એક યુવકે તેની છેડતી કરી હતી.

અમદાવાદના સોલા વિસ્તારના એક ફ્લેટમાં માસૂમ બાળા કે જે એકલી ધાબા પર કોઈ ડિસ્ટર્બ ન કરે એટલા માટે વાંચતી હતી, તેવામાં પાડોશમાં રહેતાં એક વિકૃત યુવાન તેને ધાબા પર જોઈ ગયો હતો. તે સીધો અર્ધનગ્ન અવસ્થામાં ધાબા પર જઈ ચઢ્યો હતો. પાડોશમાં રહેતાં આ યુવાને કિશોરી સાથે છેડછાડ કરી હતી.

આ ઘટનાથી ડઘાઈ ગયેલી કિશોરી યુવકના સકંજામાંથી છૂટીને ચોપડીઓ ત્યાં જ ફેંકીને સીધી નીચે ઘરમાં દોડી આવી હતી. જે બાદ મહિલા પણ નીચે દોડી આવી હતી. અને આ ઘટનાની જાણકારી પોતાના પરિવારને આપી હતી. ત્યારબાદ પરિવારજનોએ વિકૃત યુવાન વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

શાહી પદવી છોડવા મામલે પ્રિન્સ હેરીએ પ્રથમવાર મૌન તોડ્યું

શાહી પદવી છોડવાનું દુ:ખ, શાંતિથી રહેવા માટે આ સિવાય કોઈ વિકલ્પ નહોતો

લંડન

બ્રિટનના રાજકુમાર પ્રિન્સ હેરીએ રાજપરિવારનો વરિષ્ઠ સભ્યનો દરજ્જો છોડવાના નિર્ણય બાદ પ્રથમ વખત નિવેદન આપ્યું છે. લંડનમાં તેમના આફ્રીકા સાથે જોડાયેલા ચેરિટી કાર્યક્રમમાં હેરીએ કહ્યું કે તેને શાહી પદવી છોડવાનું ખૂબ જ દુ:ખ છે. જોકે એક શાંતિપૂર્ણ જિંદગી માટે આ સિવાય કોઈ રસ્તો ન હતો. હેરીએ માન્યુ કે તે હમેશાંની જેમ મળનાર ફન્ડિંગ અને વૈભવી લાઈફસ્ટાઈલ છોડવા માંગતા હતા. જોકે શાહી પરિવારની જવાબદારીઓ છોડીને બીજા દેશમાં નવી જિંદગી શરૂ કરવા પર તેમને ગભરાટ થઈ.

મહરાણી તરફથી બે દિવસ પહેલા જ જાહેરાત કરવામાં આવી હતી કે પ્રિન્સ હેરી અને તેમની પત્ની મેગન શાહી ઉપાધી ઈઝ/હર રોયલ હાઈનેસનો ઉપયોગ કરી શકશે નહિ. આ સિવાય તેમને પબ્લિક ફન્ડ્સમાં પણ હિસ્સો મળશે નહિ. તે કોઈ પણ દેશમાં મહારાણી એલિઝાબેથના પ્રતિનિધી રહેશે નહિ.

હેરીએ કહ્યું કે તે પહેલેથી પબ્લિક ફન્ડિંગ પર ચાલનાર વૈભવી જિંદગી છોડવા માંગતા હતા, જોકે પોતાને મળેલી સૈન્ય પદવી અને અફઘાનિસ્તાનમાં બ્રિટિશ સૈનિકોની સાથે કામ કર્યા બાદ મળેલા સમર્થનને ગુમાવવાના પગલે તેમને ખૂબ જ દુ:ખ પહોંચ્યું છે. હેરીએ વધુમાં કહ્યું કે આ નિર્ણય લેવા માટે અમને હિમ્મત આપનાર તમામનો હું આભારી છું.

બંધારણીય મૂલ્યોની રક્ષા માટે લોકો રસ્તા પર ઉતર્યા: કેરળ મુખ્યમંત્રી

જે કાયદા પાછળ સંઘનો હાથ હશે તેવો કોઈ કાયદો રાજ્યમાં લાગુ નહિ થાય: પી.વિજયન

તિરુવનંતપુરમ્

કેરળના મુખ્યમંત્રી પિનરઈ વિજયને કહ્યું કે રાજ્યમાં એવો કોઈ કાયદો લાગુ કરવામાં આવશે નહિ, જેની પાછળ રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘનો હાથ હોય. તેમણે નાગરિકતા સંશોધન કાયદો, એનઆરસી-એનપીઆરને બંધારણીય અધિકારોની વિરુદ્ધ ગણાવ્યા હતા. સાથે જ કહ્યું કે અમે આ કાયદાની વિરુદ્ધ લડાઈ ચાલુ રાખીશું. વિજયને તિરવનંતપુરમમાં સભાને સંબોધિત કરતા કહ્યું કે વડાપ્રધાન મોદી કહે છે કે એનઆરસી સમગ્ર રાજ્યમાં લાગુ કરવામાં આવશે નહિ. ૨૦૧૪થી એનઆરસી પર કોઈ ચર્ચા કરવામાં આવી નથી. હવે ગૃહ મંત્રી અમિત શાહ કહી રહ્યાં છે કે સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે. વિજયનના જણાવ્યા મુજબ આપણા દેશમાં કોઈ પણ કામ બંધારણીય રીતે થવું જોઈએ.

મુખ્યમંત્રીએ કહ્યું કે સંઘના પૂર્વ પ્રમુખ ગોવલકરે તેમના પુસ્તકમાં દુશ્મનોને ખત્મ કરવાની રીત બતાવી છે. તે હિટલર અધારિત છે. સંઘની આવી નીતિઓને કારણે મોદી સરકાર આ પ્રકારના કાયદાઓ લાગુ કરી રહી છે. નાગરિકતા કાયદાના વિરોધમાં મહિલાઓ, વિદ્યાર્થીઓ દરેક તબક્કાના લોકો સામેલ થયા છે. આ વિરોધ બંધારણીય મૂલ્યોની રક્ષા કરવા માટે છે.

ટેકનોલોજી પહેલા પાનાથી ચાલુ

જેમ તેમની સમક્ષ આવ્યા છે, તેમનો આ દોસ્ત ફરીથી એક વાર તેમની સામે છે, તેમના આ સંબોધનને તાળીઓના ગડહડાટથી વધાવી લેવામાં આવ્યું હતું. પીએમે કહ્યુ કે જો હું આ ચર્ચા ના કરતો તો પણ મારા પીએમ પદ પર કોઈ અસર ના પડત. પરંતુ મને લાગ્યુ કે તમારો અને તમારા માતાપિતાનો બોજ હળવો કરવો જોઈએ.

નાપાસ થઈને નિરાશ થતાં છાત્રોના સંદર્ભમાં તેમણે ઈસરોના નિષ્ફળ ગયેલા મિશન ચંદ્રયાનનો દાખલો આપ્યો હતો. ચંદ્રયાન મિશનની ઘટનાનો ઉલ્લેખ કરતાં તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે તેમના કેટલાક સાથીઓએ ચંદ્રયાન મિશનના સ્થળે ન જવાની સલાહ આપી હતી, કેમ કે આ અભિયાનમાં સફળતાની કોઈ બાંયધરી નથી, મિશન નિષ્ફળ પણ જઈ શકે છે. આ હોવા છતાં, મોદીએ કહ્યું કે તેઓ ઈસરોના મુખ્ય મથક ગયા અને જ્યારે મિશન નિષ્ફળ ગયું ત્યારે વૈજ્ઞાનિકોની વચ્ચે રહીને તેમને ઘણું પ્રોત્સાહન આપ્યું હતું. અને નિરાશ ન થવાની પ્રેરણા આપી હતી..

પરીક્ષામાં ગુણના મહત્વને લગતા પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું હતું કે પરીક્ષામાં સારા ગુણ મેળવવું એ બધું જ નથી. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓએ એમ વિચાર કરીને બહાર નીકળવું જોઈએ કે પરીક્ષા એ બધું છે. આ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને રમતગમત, કલા અને સંગીત સહિત શિક્ષણ સિવાયની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અપીલ કરી હતી.

પીએમ મોદીએ કહ્યુ કે આપણે એ દિશામાં નીકળી પડ્યા છે જેમાં સફળતા-નિષ્ફળતાનુ મુખ્ય બિંદુ અમુક વિશેષ પરીક્ષાઓના ગુણ બની ગયા છે. તેના કારણે મન પર એ જ વાત પર રહે છે કે બાકી બધુ પછી કરીશ, એક વાર માર્ક્સ લઈ આવુ, પરંતુ માત્ર પરીક્ષાના માર્ક્સ જિંદગી નથી. કોઈ એક પરીક્ષા આખી જિંદગી નથી. આ એક મહત્વપૂર્ણ પડાવ છે. પરંતુ આ જ બધુ છે એવુ ન માનવુ જોઈએ. હું માતાપિતાને પણ આગ્રહ કરુ છુ કે બાળકોને એવી વાતો ન કરો કે પરીક્ષા જ બધુ છે.

પીએમે કહ્યુ કે શું ક્યારેય આપણે વિચાર્યુ છે કે મૂડ ઑફ કેમ થાય છે? પોતાના કારણે કે બહારના કોઈ કારણથી? મોટાભાગે તમે જોયુ હશે કે જ્યારે મૂડ ઑફ થાય છે, તો તેનુ કારણ મોટાભાગે બહારનુ જ હોય છે. પીએમે કહ્યુ કે આપણે નિષ્ફળતાઓમાં પણ સફળતાનુ શિક્ષણ મેળવી શકીએ છીએ. દરેક પ્રયાસમાં આપણે ઉત્સાહ ભરી શકીએ છીએ અને કોઈ વસ્તુમાં તમે નિષ્ફળ થઈ ગયા તો તેનો અર્થ એ છે કે હવે તમે સફળતા તરફ નીકળી પડ્યા છો. પીએમ મોદીએ કહ્યુ કે શું તમને ૨૦૦૧માં ભારત-ઓસ્ટ્રેલિયા ટેસ્ટ સીરિઝ યાદ છે? આપણ ક્રિકેટ ટીમને નિષ્ફળતાઓનો સામનો કરવો પડી રહ્યો હતો. મૂડ બહુ સારો નહોતો. પરંતુ એ ક્ષણોમાં શું આપણે ભૂલી શકીએ છે કે જે રાહુલ દ્રવિડ અને વીવીએસ લક્ષ્મણે કર્યુ. જેમાં તેમણે મેચને પલટી દીધી હતી.

ટેકનોલોજીના ગુલામ નહીં પણ ટેકનોલોજીને દોસ્ત બનાવો એમ કહીને પીએમ મોદીએ કહ્યુ કે સ્માર્ટફોન અને ટેકનિક આપણો સમય ચોરી કરી રહ્યા છે પરંતુ આપણે ટેકનોલોજીના કહેવા પ્રમાણે ચાલવાનું નથી પરંતુ ટેકનોલોજીને આપણા હિસાબથી ઉપયોગમાં લેવાની છે. ટેકનિકનો ઉપયોગ કરવો જરૂરી છે પરંતુ આપણે ટેકનિકના ગુલામ ન બનવુ જોઈએ, સ્માર્ટફોન તમારો જેટલો સમય ચોરી કરે છે તેમાંથી ૧૦ ટકા ઓછો કરીને તમે પોતાના મા, બાપ, દાદા, દાદી સાથે વિતાવો. પીએમ મોદીએ કહ્યુ કે હું સ્પષ્ટ કરી દેવા ઈચ્છુ છુ કે હું કોઈ પણ મા-બાપ પર વધારાનુ દબાણ નથી કરવા ઈચ્છતો અને ના કોઈના બાળકોને બગાડવા ઈચ્છુ છુ. આપણને આપણા બાળકોની ક્ષમતાનો અંદાજ હોવો જોઈએ અને તે અનુસાર તેને પ્રોત્સાહિત કરવા જોઈએ.

મેક ઈન ઈન્ડિયા' નો ઉલ્લેખ કરીને તેમણે અપીલ કરી કે શું દેશના ભલા માટે આપણે નક્કી ના કરી શકીએ કે ૨૦૨૨માં જ્યારે આઝાદીના ૭૫ વર્ષ પૂરા થશે તો હું અને મારો પરિવાર જે પણ ખરીદીશુ તે મેક ઈન ઈન્ડિયા જ ખરીદીશુ..? મને કહો કે આ ફરજ હશે કે નહિ, આનાથી દેશનુ ભલુ થશે કે નહિ અને દેશની ઈકોનૉમીને તાકાત મળશે.

તેમણે નવી પેઢીને પ્રોત્સાહિત કરતાં કહ્યું કે અરુણાચલ આ દેશનો એક એવો પ્રદેશ છે જ્યાં લોકો એકબીજાને મળે ત્યારે જય-હિન્દ બોલાય છે. ભારતમાં આવું ભાગ્યે જ થાય છે. ત્યાંના લોકોએ તેમની ભાષાના પ્રમોશન સાથે હિન્દી અને અંગ્રેજી પર સારી પકડ બનાવી છે. આપણે બધાએ પૂર્વોત્તર તરફ જવું જોઈએ.

આ કાર્યક્રમમાં કુલ ૨૦૦૦ સ્ટુડન્ટ્સ અને ટીચર્સે ભાગ લીધો. પરીક્ષા પે ચર્ચાનુ આ ત્રીજુ સંસ્કરણ હતુ, આ છાત્રોની પસંદગી એક નિબંધ સ્પર્ધા દ્વારા થઈ હતી. જ્યારે પીએમ મોદી સ્ટેડિયમ પહોંચ્યા તો છાત્રોએ ઘણા પ્રકારની પેઈન્ટીંગ બતાવી હતી. છાત્રોએ પર્યાવરણ, શિક્ષણ અને પરીક્ષાના તણાવ વિશે પેઈન્ટીંગ બતાવ્યા હતા.. છાત્રોએ દેશના મહાપુરુષોના સ્ટેચ્યુ પણ બતાવ્યા. આ દરમિયાન એક છાત્રએ પીએમ મોદી દ્વારા સમુદ્ર તટ પર કરવામાં આવેલી સફાઈની પેઈન્ટીંગ પણ બતાવી હતી. ૨૦૨૦ના દશકનુ મહત્વ પીએમે છાત્રોને ૨૦૨૦ના દશકનુ મહત્વ જણાવ્યુ. તેમણે કહ્યુ કે આ દશક હિંદુસ્તાન માટે ખૂબ જ મહત્વનુ છે. આ દશકમાં દેશ જે પણ કરશે, તેમાં ૧૦માં અને ૧૨માંના વિદ્યાર્થીઓ સૌથી વધુ યોગદાન હશે. મોદીએ કહ્યુ કે આ દશક નવી ઉંચાઈઓ મેળવનાર બને, એ સૌથી વધુ આ પેઢી પર નિર્ભર કરે છે.

ગડકરી પહેલા પાનાથી ચાલુ

કરવાનો એમનો લક્ષ્યાંક છે.

ગડકરીએ ગયા શનિવારે આઈએએસ અધિકારીઓ સાથેની બેઠકમાં થયેલી વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો. 'એક હાઈએસ્ટ ફોરમની મીટિંગ હતી. ત્યાં આઈએએસ અધિકારીઓ કહેતા હતા 'શરૂ કરીશું, શરૂ કરીશું' તો મેં એમને કહ્યું કે તમે શા માટે શરૂ કરશો? તમારામાં જો શરૂ કરવાની તાકાત હોત તો તમે આઈએએસ અધિકારી બનીને અહીંયા નોકરી શું કામ કરત?

ગડકરીએ કહ્યું કે ૨૦૨૪-૨૫ના વર્ષ સુધીમાં દેશને ૫,૦૦૦ અબજ ડોલર (૫ ટ્રિલિયન ડોલર)નું અર્થતંત્ર બનાવવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય કઠિન છે, પણ ઘરેલુ ઉત્પાદન વધારવા અને આયાત પરની નિર્ભરતા ઘટાડવા જેવા પગલાં લઈને એ હાંસલ કરી શકાય છે.

મુઝફરપુર પહેલા પાનાથી ચાલુ

આવ્યો છે.

ચાર્જશીટમાં મુકાયેલા આરોપોના કેસમાં આરોપીને ઓછામાં ઓછી દસ વર્ષની કેદ અને વધુમાં વધુ આજીવન કેદની સજા થઈ શકે છે. ભૂતકાળમાં, ચુકાદાની તારીખ ૧૪ નવેમ્બર અને ૧૨ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ નક્કી કરવામાં આવી હતી. દેશમાં હડતાલ અને ચોક્કસ કારણોને લીધે સુનાવણીની તારીખ આગળ ખસેડવામાં આવી હતી.

સીબીઆઈની તપાસમાં જાણવા મળ્યું કે, બાલિકા ગૃહમાં પીડિત મહિલાઓ સાથે ન માત્ર કર્મચારીઓ જ

બંગાળ ભાજપ અધ્યક્ષનું ફરી એકવાર વિવાદિત નિવેદન

જરૂર પડશે તો ૫૦ લાખ મુસ્લિમ ઘૂસણખોરોને દેશ બહાર કાઢીશું: દિલીપ ઘોષ

પહેલાં ઘૂસણખોરોની ઓળખ કરીને તેમના નામ મતદાર યાદીમાંથી બહાર કાઢવામાં આવશે

કોલકાત્તા

નાગરિકતા સંશોધન કાયદો અને નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝનના વિરોધમાં સમગ્ર દેશમાં વિરોધ-પ્રદર્શન થઈ રહ્યા છે. આ દરમિયાન પશ્ચિમ બંગાળના ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષે વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, જરૂર પડશે તો ૫૦ લાખ મુસ્લિમ ઘૂસણખોરોની ઓળખ કરીને તેમને દેશની બહાર કરવામાં આવશે.

બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં રવિવારે એક રેલી દરમિયાન ઘોષે મમતા બેનરજી પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, પહેલાં તો મુસ્લિમ ઘૂસણખોરોની ઓળખ કરીને તેમના નામ મતદાર યાદીમાં બહાર કાઢવામાં આવશે. ઘૂસણખોરોના નામ મતદાર યાદીમાંથી બહાર કાઢવામાં આવશે પછી ૨૦૨૧માં બંગાળમાં થનારી વિધાનસભા ચૂંટણીમાં મમતા દીદીના વોટ ઘટી જશે. તેના કારણે અમને ચૂંટણીમાં ૨૦૦ સીટ મળશે અને તેમને (મમતા બેનરજી) ૫૦ સીટો પણ નહીં મળે. ઘોષે સીએએ-એનઆરસીનો નિરોધ કરનાર પાર્ટી ઉપર પણ આકરા પ્રહાર કર્યા હતા. ગયા સમાહે પણ તેમણે કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનારાઓને ગોળી મારી દઈશું.

મેંગલુરુ એરપોર્ટ પર ૧૦ કિલો આઈઈડી લાઈવ બોમ્બ મળતા હાઈએલર્ટ

મેંગલુરુ

મંગલુરુ એરપોર્ટ પર એક લેપટોપ બેગમાંથી ૧૦ કિલો આઈઈડી લાઈવ બોમ્બવાળી બેગ મળી આવ્યા હતા .આ બન્ને શંકાસ્પદ લોકો રિક્ષામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યુ છે. બોમ્બને ડિસ્પોઝલ વાહન સાથે સવારે ૧૦ વાગ્યે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ પાસે રાખ્યો છે અને બોમ્બની વિશેષ ટીમ બેંગાલુરુથી ખાસ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દિલ્હીથી આવેલી એનઆઈએની ટીમે આ ઘટનાને લઈ મંગલુરૂ પોલીસને જાણ કરી તાત્કિલિક ઘટના સ્થળે બોલાવવામાં આવી હતી.

નિર્ભયાના નરાધમોને ૧ ફેબ્રુઆરીએ ફાંસી આપવાની નક્કી..!

ફાંસીનો માર્ગ મોકળો: સુપ્રિમે દોષિત પવનની સગીર હોવાની અરજી ફગાવી

પવનની અરજી પર સુપ્રિમ લાલઘૂમ: એકનો એક મુદ્દો કેટલી વખત ચગાવશો?

ન્યુ દિલ્હી

દિલ્હીમાં નિર્ભયા પર સામૂહિક બળાત્કાર ગુજાર્યા બાદ તેની હત્યા કરવાના આરોપમાં છ દોષિતોમાંથી એક પવન ગુપ્તાની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પૂર્ણ થઈ ચૂકી છે. બળાત્કાર કાંડના દોષિત પવનના સગીર હોવાના દાવા પર સુપ્રીમ કોર્ટે ચુકાદો સંભળાવી દીધો છે. આ મામલામાં બંને પક્ષો તરફની દલીલો કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે દોષિત પવનની અરજી ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી નિર્ભયાના દોષિતોનો ફાંસીનો માચડો વધુ નજીક આવી ગયો છે. ૧ ફેબ્રુઆરીના રોજ સવારે છ વાગ્યે નિર્ભયા કાંડના ચારેય દોષિતોને ફાંસી આપવાનું નક્કી થયું છે.

પવન ગુપ્તાની અરજી પર સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે એકનો એક મુદ્દો કેટલી વખત ચગાવશો? પવને સ્પેશિયલ લીવ પિટિશન દાખલ કરીને દાવો કર્યો છે કે ૨૦૧૨માં થયેલી આ ઘટના વખતે તે ૧૭ વર્ષનો હતો. જસ્ટિસ ભાનુમતિની આગેવાની હેઠળ ત્રણ જસ્ટિસની બેન્ચે પવનની અરજી પર સુનાવણી કરતા ચુકાદો સુરક્ષિત રાખ્યો છે.

દિલ્હી પોલીસ તરફથી એસજી તુષાર મેહતાએ દલીલ કરી હતી કે આ બળાત્કારની ઘટના વખતે પવન સગીર વયનો નહતો. પવનના જન્મનું પ્રમાણ પત્ર દાખલ કરવામાં આવ્યું હતું. તેના પરથી સ્પષ્ટ થતું હતું કે તે સગીર નથી. દોષિતોએ આ ઘટનાની તપાસ કરનારા પોલીસ અધિકારીના ૨૦૧૩ના અહેવાલનો વિરોધ કર્યો નથી. તુષાર મેહતાએ કહ્યું કે પોલીસે જાન્યુઆરી ૨૦૧૩માં એજ વેરિફિકેશન સર્ટિફિકેટ દાખલ કરાવ્યું હતું. જેની પવનના માતા-પિતાએ પણ પુષ્ટિ કરી હતી.

પવને સુપ્રીમ કોર્ટમાં કરેલી અરજીમાં કહ્યું છે કે તે દિલ્હી હાઈકોર્ટને પણ આ અંગે જાણકારી આપી ચૂક્યો છે કે ઘટના સમયે તે સગીર વયનો હતો તેમ છતા દિલ્હી હાઈકોર્ટે આ તથ્યને નજરઅંદાજ કર્યું હતું. દિલ્હી હાઈ કોર્ટે ૧૯ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સુનાવણી કરતા આ દલીલને ફગાવી દેતા પવનના વકીલ પર ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ લગાવ્યો હતો.

છત્તીસગઢમાં નક્સલવાદીઓ અને જવાનો વચ્ચે અથડામણ: એક મહિલા નક્સલવાદી ઠાર

વીજાપૂર

છત્તીસગઢમાં નક્સલવાદીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે હાલમાં ભીષણ અથડામણ ચાલી રહી છે. આ અથડામણ રાજ્યના નક્સલ પ્રભાવિત જિલ્લા વીજાપુરમાં ચાલી રહી છે. પ્રાપ્ય જાણકારી પ્રમાણે દરમિયાન સુરક્ષાકર્મીઓએ એક મહિલા નક્સલવાદીને ઠાર કરી દીધી છે. સ્થાનિક પોલીસે મહિલાની ઓળખ કરવાનું કાર્ય હાથ ધર્યું છે. વીજાપુરના બાસગુડાના ટેકલગુડેમ ગામમાં આ અથડામણ શરૂ થઈ હતી. ૨૦૪ કોબરા, ૧૬૭ બટાલિયન, સીઆરપીએફ અને છત્તીસગઢ પોલીસના આ જોઈન્ટ ઓપરેશનથી આ અથડામણમાં નક્સલવાદીઓને ભારે નુકશાન પહોંચ્યું છે.

આજે સવારે ૧૦.૩૦ વાગ્યે ભાજપ હેડક્વાર્ટરમાં ભાજપા અધ્યક્ષ પદની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. ગૃહ મંત્રી અમિત શાહ, યોગી આદિત્યનાથ છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી રમણ સિંહ, કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, કેન્દ્રીય મંત્રી પ્રહ્લાદ જોશી સહિતના નેતાઓ પાર્ટી કાર્યાલયે પહોંચ્યા હતા.

૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં વિરાટ જીત બાદ પાર્ટીની કમાન સંભાળનારા અમિત શાહની અધ્યક્ષતામાં ભાજપે અનેક ઊંચાઈઓ આંબી છે. સતત વિધાનસભાની ચૂંટણીમાં જીત, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં જીતના કારણે અમિત શાહને હાલના ચાણક્ય કહેવામાં આવે છે. એવામાં લગભગ સાડાપાંચ વર્ષનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે અને જેપી નડ્ડાની સામે ચેલેન્જ રહેશે કે તેઓ અમિત શાહની જગ્યા ભરી શકે.

જેપી નડ્ડાએ કહ્યું હતું કે હું આભારી છું પ્રદેશની એકમોનો જેમણે મને સર્વાનુમતે ચૂંટ્યો છે. સર્વાનુમતે મને જે કામ કરવાની તક આપી છે તેના માટે પ્રદેશની તમામ એકમોનો આભાર વ્યક્ત કરું છું. તેમણે કહ્યું હતું કે જે પ્રેમ, વિશ્વાસ, સહયોગ તમે મારા પર કર્યો છે તેના માટે હું આભાર વ્યક્ત કરું છું. વિશ્વની સૌથી મોટી પાર્ટીના કામ સંભાળવા અને તેને આગળ લઈ જવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી અને પાર્ટી સંગઠને જે મારા પર વિશ્વાસ મુક્યો છે તેના માટે હું બધાનો આભાર વ્યક્ત કરું છું. તેમણે પક્ષના નેતાઓને ખાતરી આપી હતી કે તેઓ ભાજપના ચૂંટણી પ્રતિક કમળને દેશના ખૂણે-ખૂણા સુધી લઈ જવા દિન-રાત મહેનત કરશે અને પક્ષમાં સૌને સાથે લઈને ચાલશે.

જેને શીર્ષ નેતૃત્વના આટલા આર્શિવાદ મળ્યા હોય, તેને જો કોઈ જવાબદારી મળે છે તો જ્યાં તમે મારી સાથે છો અને નેતૃત્વમાં મારી સાથે છો, તો હું પુરી તાકાત સાથે આગળ વધીશ. આદરણીય વડાપ્રધાનજીએ પાર્ટીની રીતિ-નીતિ વિશે ચર્ચા કરતાં જણાવ્યું હતું કે આપણે કેવી રીતે બીજી પાર્ટીઓ કરતાં અલગ છીએ. આપણે ફક્ત નીતિઓમાં અને નીતિઓની બારીકીઓમાં જ અલગ નથી પરંતુ તેના પરિણામ પણ અલગ છે.

ઉલ્લેખનીય છેકે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો કાર્યકાળ ગત વર્ષે પુરો થયો હતો. પરંતુ લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કાર્યકાળ વધારવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ સાથે જેપી નડ્ડાના નજીકના સંબંધો રહ્યા છે. નડ્ડા સામે શાહનો શાનદાર રેકોર્ડ મોટો છે ત્યાં દિલ્હી ચૂંટણી વધુ એક પડકાર બની રહેશે. અહીં નોંધનિય છે કે, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની અગાઉ કારમી હાર થઈ હતી. પાર્ટીએ માત્ર ત્રણ જ બેઠકો જીતી હતી.

પહેલા પાનાથી ચાલુ

આભારી છું પ્રદેશની એકમોનો જેમણે મને સર્વાનુમતે ચૂંટ્યો છે. સર્વાનુમતે મને જે કામ કરવાની તક આપી છે તેના માટે પ્રદેશની તમામ એકમોનો આભાર વ્યક્ત કરું છું. તેમણે કહ્યું હતું કે જે પ્રેમ, વિશ્વાસ, સહયોગ તમે મારા પર કર્યો છે તેના માટે હું આભાર વ્યક્ત કરું છું. વિશ્વની સૌથી મોટી પાર્ટીના કામ સંભાળવા અને તેને આગળ લઈ જવા માટે

જે. પી. નડ્ડા પહેલા પાનાથી ચાલુ

શુભેચ્છાઓ પાઠવી હતી.

નાણાવટમાં કોઈ પણ પ્રકારની મંજૂરી વગર પાંચ માળનું મકાન તાણી દેવાયું

ગેરકાયદે બાંધકામ કરી શરૂ કરી દેવાતા વધુ એક વખત ડીમોલીશન

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૧ (નાણાવટ), નોંધ નં.૧૯, ૨૦ તથા ૧૧૮૩/અ ના મિલ્કતદારો નયનાબેન પટેલ તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકા હસ્તક કોઈપણ પ્રકારની મંજુરી લીધા વિના બેઝમેન્ટ + ભોયતળિયા + ૦૫ માળનું ગેરકાયદેસરનું બાંધકામ શરૂ કરેલ. જે ગેરકાયદેસર બાંધકામ ૧૮/૦૧/૨૦૨૦ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી આશરે ૧૭૦૦ ચો.ફુટ સેન્ટરીંગ શટરીંગ તથા આર.સી.સી. કોલમો દુર કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સદર મિલ્કતમાં અગાઉ તા.૨૯/૦૮/૧૮ અને તા.૧૩/૧૨/૧૮ ના રોજ પણ ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ. ત્યારબાદ મિલ્કતદાર ધ્વારા ફરી સુરત મહાનગરપાલિકાની મંજુરી વિના બાંધકામ ચાલુ રાખવામાં આવતા ફરી ડિમોલીશન કરવામાં આવ્યું છે.

જિલ્લા સંકલન બેઠકમાં વિવિધ મુદ્દા ચર્ચાયા

સચીન જીઆઈડીસીમાં ભૂર્ગભ જળની ચોરી અંગે કાયદેસરની કાર્યવાહી કરાશે

ઈન્કમટેક્સમાં ઓનલાઈન ઓડર બદલી કરદાતાઓને હેરાન કરતા હોવાની ફરિયાદ

સુરત

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. કલેકટરશ્રીએ પદાધિકારીઓ દ્વારા રજુ થયેલા પ્રશ્નોનું સમયમર્યાદામાં નિકાલ કરવાની જે તે વિભાગના અધિકારીઓને તાકીદ કરી હતી.

જિલ્લા સેવા સદન-૨ ખાતે યોજાયેલી પદાધિકારીઓ સાથેની બેઠકમાં નવી સીવીલ હોસ્પીટલમાં મેડીકલ કોલેજ કેમ્પસમાં ટેન્ડ વિના ગેરકાયદેસર ચાલતી કેન્ટીન બાબતે સાસંદશ્રી પાટીલની રજુઆત સંદર્ભે સીવીલના અધિકારીએ આ બાબતે કેન્ટીનના ઈવીકશન એકટ હેઠળનો પ્રાંતની કચેરીની કોર્ટમાં કેસ ચાલે છે જેનો નિકાલ લાવવા કલેકટરશ્રીએ પ્રાંત અધિકારીને જણાવ્યું હતું. સચીન જી.આઈ.ડી.સી.વિસ્તારમાં કેટલાક ઉદ્યોગો દ્વારા ગેરકાયદેસર રીતે પાતાળ કુવામાંથી પાણીની લાઈન નાખી પાણી ચોરી કરવામાં આવે છે જે સંદર્ભે કલેકટરશ્રીએ જી. આઈ. ડી. સી. ના ચીફ ઓફીસરને આવા ચોરી કરતા એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તાકીદ કરવામાં આવી હતી. હજીરા કાંઠા વિસ્તારના એકમો દ્વારા સ્થાનિક યુવાનોને નોકરીમાં રાખવામાં ન આવતા હોવાની રજુઆત સંદર્ભે આ અંગે કંપનીઓ સાથે બેઠક કરી નિરાકરણ લાવવા અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તથા સુરત ઈન્કમટેક્ષમાં ઓનલાઈન ઓર્ડર બદલીને મધ્યમવર્ગીય પરિવારોને હેરાન કરવામાં આવતા હોવાની રજુઆત સાંસદશ્રીએ કરી હતી.

ધારાસભ્યશ્રી અરવિંદ રાણાએ જણાવ્યું હતું કે, ટાઉન પ્લાનીગ ઓફિસરો દ્વારા પ્લોટ વેલીડેશનની મંજુરી માટે અરજદારોને યેનકેન પ્રકારે એકની એક એકની અરજીમાં વાંધા-પુર્તતાની માંગણી કરીને ફરી મોકલવામાં આવે છે જે બાબતે બાંધકામની પરવાનગીમાં પારદર્શકતા, ઝડપ અને સરળીકરણ થાય તેવી રજુઆત કરી હતી. ધારાસભ્યશ્રી વિવેક પટેલે વીજ અકસ્માત નિવારણ માટે ભે?સતાન, ઉન આજુબાજુના વિસ્તારોમાં ટ્રાન્સફોર્મર સેન્ટરના એલાઈમેન્ટ કરવા તથા નમી ગયેલા વીજથાંભલા ખસેડવાની રજુઆત કરી હતી.

આ લપાડના ધારાસભ્યશ્રી પટેલે રજુઆત કરતા જણાવ્યું હતું કે, સુરત ડિસ્ટ્રીકટ ટ્રક ઓનર્સ વેલફેર એસોસીએશનના નામે હજીરા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં પસાર થતા ઓવરલોડ વાહનોને રોકી ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓને ફરિયાદ કરવાનું જણાવીને ગેરકાયદેસર રીતે ઉઘરાણા કરવામાં આવે છે. જે સંદર્ભે પોલીસ અધિકારીએ જે તે ટ્રક માલિક દ્વારા પોલીસને રજુઆત કરવામાં આવ્યેથી કાયદેસરના પગલા ભરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

કામરેજના ધારાસભ્યશ્રી ઝાલાવડીયાએ સરથાણા જકાતનાકાથી કામરેજ ચાર રસ્તા સુધીના બી.આર.ટી.એસ.ની આજુબાજુના સર્વિસ રોડના પરના દબાણો દુર કરવાની રજુઆત કરી હતી. આ ઉપરાંત તેમણે કઠોર ગામથી આંબોલી તરફ જતા નેશનલ હાઈવેને મળતા સર્વિસ રોડ પરના દબાણો તથા કામરેજ ચાર રસ્તાથી કબાડી માર્કેટ વાળા સર્વિસ રોડ ઉપરના અડચણરૂપ દબાણો દુર કરવાની રજુઆત કરી હતી. કામરેજથી ખોલવડ, લસકાણા, ખડસદ, કઠોદરા ખાતેથી પસાર થતી ખાડીની સાફ સફાઈ કરવાની રજુઆત સંદર્ભે હાઈડ્રોલિક એસ્કેવેટર જેસીબી મશીન દ્વારા કરવામાં આવી રહી હોવાનું ડ્રેનેજ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું. સણિયા હેમાદથી પસાર થતી આગળ લેન્ડમાર્ક બિલ્ડીંગ થઈ પસાર થતી ખાડીના કુદરતી વહેણને નડતરરૂપ દબાણો દુર કરવાની રજુઆત કરી હતી.

ભાગ-૧ની બેઠકમાં કલેકટરશ્રીએ વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીની વિગતો સી.એમ.ડેસબોર્ડ પર અદ્યતન કરવા જણાવ્યું હતું. સરકારના વિવિધ વિભાગોમાં નાગરિક અધિકાર પત્રની બાકી અરજીઓ, બાકી પેન્શન કેસો, ઓડીટ એ.જી.પેરાની પૂર્તતા અંગે વિસ્તૃત સમીક્ષા કરી લોકોની પડતર અરજીઓનો ઝડપભેર ઉકેલ કરી સરકારી નાણાં વસુલાતને વધુ વેગવાન બનાવવા સંબંધિત અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યસર્વશ્રી વિવેકભાઈ પટેલ, સંગીતાબેન પાટીલ, મુકેશભાઈ પટેલ, હર્ષ સંઘવી, ઝંખનાબેન પટેલ, અરવિંદ રાણા, પૂર્ણેશ મોદી, વી.ડી.ઝાલાવડીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા, પ્રાંત અધિકારીઓ તથા અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સોમનાથ મંદિર ટ્રસ્ટ સંચાલિત સાગર દર્શનમાં દીવાલ ધરાશાયી થતા એકનું મોત

વેરાવળ

સોમનાથ મંદિર ટ્રસ્ટ સંચાલિત સાગર દર્શનમાં રિનોવેશનની કામગીરી ચાલી રહી છે. દીવાલ ધરાશાયી થતા નરેન્દ્ર જાદવ નામના શ્રમિકનું દટાઇ જતા મોત નીપજ્યું છે. ઘટનાને પગલે ટ્રસ્ટના સત્તાધિશો દોડી આવ્યા હતા અને પોલીસ જાણ કરાતા મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. સાગર દર્શનની જૂની દીવાલ પડતા અકાળા ગીર ગામમાં રહેતો નરેન્દ્ર બાબુભાઈ જાદવ (ઉ.વ.૨૬) દટાઈ જતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

કરજગામમાં ભંડારી સમાજ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

ટુર્નામેન્ટમાં ૫૪ ટીમોએ ભાગ લીધો

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કરજગામ ખાતે ભંડારી સમાજ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટકમાં વન અને આદિજાતિ રાજય મંત્રી રમણલાલ પાટકરે વિશેષ ઉપસ્થિખત રહી ક્રિકેટરસિકોનો ઉત્સાનહ વધાર્યો હતો. આ ટુર્નામેન્ટમમાં બોરડીથી લઇ બારડોલી સુધીની ૫૪ ટીમોએ ભાગ લીધો હતો.

આ અવસરે આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે ક્રિકેટ ટુર્નામેન્ટેના સફળ આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, રમતગમતની સાથે સમાજમાંથી કુરિવાજો દૂર થાય, વ્યજસનમુકત થાય તે પ્રકારની જનજાગૃતિ ફેલાવવાનો ઉદેશ પણ રાખવો જરૂરી છે. રમતોત્સિવ થકી એકતા જળવાય છે, તેમ જણાવી દરેક સમજે આવી ટુર્નામેન્ટોશની આયોજન કરી તેમાં વધુમાં વધુ ટીમોને સામેલ કરવી જોઈએ.

આ અવસરે અગ્રણી મુકેશભાઈ પટેલ, દિલીપભાઈ ભંડારી, ક્રિકેટપ્રેમીઓ, રમતવીરો હાજર રહયા હતા.

તા.૧ ફેબ્રુઆરીથી પુસ્તક, બાગાયત, શિલ્પમેળો યોજાશે

પાંચ દિવસના મેળામાં વિવિધ સ્પર્ધાઓ પણ યોજાશે

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૦૨/૨૦૨૦ થી તા.૦૫/૦૨/૨૦૨૦ ના રોજ ૧૭(સત્તર) મો હોર્ટીકલ્ચર ફેર અને ફલાવર શો નું આયોજન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ છે. સદર મેળાના સમયગાળા દરમ્યાન વિવિધ સ્પર્ધાઓ જેવી કે, તાજા ફુલોની ગોઠવણી (Flower Arrangment), ઔષધિય વનસ્પતિના કુંડા, સુકા ફુલોની ગોઠવણી, વેજીટેબલ પ્લાન્ટસ, ફુલોના ગજરા, બુકે, ફુલોની વેણી, ફુલોના હાર, ફુલોના તોરણ, સલાડ ડેકોરેશન, વિગેરે સ્પર્ધાઓ રાખવામાં આવેલ છે. તમામ સ્પધાઓ સ્પર્ધકોના ૨ (બે) ગ્રુપ બનાવી કરવામાં આવશે. જેના પ્રથમ ગ્રુપમાં ૧૮ વર્ષ સુધીની ઉમરના તમામ સ્પર્ધકો અને દ્વિતીય ગૃપમાં ૧૮ વર્ષથી વધુ ઉમરના તમામ સ્પર્ધકો ભાગ લઈ શકશે. પ્રવેશ ફોર્મ વિના મુલ્ય ગાર્ડન ખાતાની ગાંધીબાગ કચેરી ખાતેથી રજાના દિવસો સિવાય દરરોજ ઓફિસ સમય દરમ્યાન (સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૫:૦૦ કલાકે) મળી શકશે. ભરેલ પ્રવેશ ફોર્મ તા.૨૯/૦૧/૨૦૨૦ સુધી સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે ગાર્ડન ખાતાની ગાંધીબાગ કચેરીમાં રૂબરૂ અથવા ફોન ૦૨૬૧-૨૪૭૩૬૩૩ થી સંપર્ક કરવા વિનંતી.

કારખાનામાં પડી જતા કારીગરનું મોત

સુરત

સચીન જીઆઈઢીસી વિસ્તારમાં આવેલા એક લુમ્સના કારખાનામાં કામ કરતો એક આધેડ લુમ્સ મશીન પરથી પડી જતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કતારગામ જનતા નગર ખાતે ૫૪ વર્ષના રાજેન્દ્ર મેવાલાલ પટેલ રહે છે. તેઓ સચીન જીઆઈડીસી ખાતે આવેલી મુરલીધર કંપનીમાં નોકરી કરે છે. ગતરોજ બપોરના સુમારે લુમ્સના મશીન પરથી તેઓ પડી જતા સારવાર માટે સમર્પણ હોસ્પિટલમાં કસેડવામાં આવ્યા હતા. જ્યાં તેનું મોત નીપજતા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

કંપની દ્વારા શોષણને લઈને ૫૦૦ કર્મચારી અચોક્કસ મુદ્દતની હડતાલ પર

વડોદરા

વાઘોડિયાની શંકર પેકેજિંગ લિમીટેડના યુનિટમાં પોતાના માનીતા યુનિયનને કાયમી કરવાની મનમાની સામે કામદારોમાં નારાજગી ફેલાઈ ગઇ હતી. જેને પગલે ૫૦૦થી વધુ કામદારો કંપની મેનેજમેન્ટ સામે શોષણને લઈને અચોક્કસ મુદ્દતની હડતાલ ઉપર ઉતર્યા છે.

વડોદરા જિલ્લાના વાઘોડિયા નજીક આવેલી શંકર પેકેજિંગ લિમીટેડના યુનિટના કામદારોની અચોક્કસ મુદ્દતની હડતાલને પગલે કંપનીની બહાર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સુત્રોના જનાવ્યા પ્રમાણે શંકર પેકેજીંગ લિમિટેડના તમામ યુનિટના ૩૫૦૦ જેટલા હળતાળમાં જોડાશે. કામદારોના હિતની વાત કરે તેવા જ યુનિયનને કંપનીમાં લાવવાની કામદારોની માંગ છે. બીજી તરફ કંપની મેનેજમેન્ટે વાટાઘાટો કરવાનો ઈકાર કરી દીધો છે. જેને પગલે કામદારોમાં રોષ ફેલાયો છે.

કપરાડામાં ૨૧ અનાથ યુગલોનો સમૂહ લગ્ન મહોત્સવ યોજાયો

અનાથ નવ દંપતિઓને આશીર્વાદ આપતા આદિજાતિ મંત્રી પાટકર

વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા ગવટકા ફળિયા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત શ્રી મહેંદીપુર બાલાજીધામ સૂરત દ્વારા વનવાસી ગ્રામીણ વિકાસ મંડળ કરંજવેરી આયોજિત અનાથ દીકરા-દીકરી સમૂહલગ્ન અવસરે વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરે નવદંપતિઓને સુખી લગ્નજીવનના આશિર્વાદ પાઠવ્યા હતા. નવદંપતિઓને મંત્રીશ્રી, દાતાઓ અને મહાનુભાવોના હસ્તેગ કન્યાવદાન આપવામાં આવ્યું હતું.

આ અવસરે આદિજાતિ વિકાસ રાજયકમંત્રી રમણલાલ પાટકરે સમૂહ લગ્નના આયોજકોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, સંસ્થાસએ અનાથ દીકરા-દીકરીઓની ચિંતા કરી સમાજની મદદે આવી લોકપયોગી સેવાકીય કાર્ય કર્યું છે, જે સરાહનીય છે. સમૂહલગ્નમાં જોડાવાથી મોટા ખર્ચાઓમાંથી મુક્તિક મળવાની સાથે રાજયં સરકારની કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ બાવીસ હજાર રૂપિયા સુધીની સહાય મળે છે, જે ધ્યાયને લઈ સૌ સમૂહલગ્નમાં જોડાય તેવું સૂચન મંત્રીશ્રીએ કર્યું હતું. આપણા પાયાના પ્રશ્નોને ધ્યા ને રાખી, વ્યલસનોનો ત્યાસગ કરી સુખી સંપન્ન જીવન જીવવા જણાવ્યુંહ હતું. આદિવાસીઓએ દેશના વિકાસ માટે દેશની સ્વ તંત્રતા માટે મોટું યોગદાન આપ્યુંો છે. આપણી સંસ્કૃવતિની જાળવણી કરવી એ સૌની જવાબદારી છે, અને આદિવાસી વિસ્તાંરોમાં તે જળવાઇ રહી છે. આદિવાસીઓના વિકાસ માટે રાજયી સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે, જેનો સૌને લાભ લેવા અનુરોધ કર્યો હતો. પ્રજાજનોને પાયાની સુવિધાઓ મળે તે માટે રાજયા સરકાર કટિબધ્ધન છે, ત્યાઆરે પોતાના વિસ્તાકરોમાં સારું કરવાની ભાવના રાખી પ્રજાની સમસ્યા ઓનું નિરાકરણ કરવા સંબંધિત વિસ્તોરના સરપંચો, પદાધિકારીઓ તકેદારી રાખે તે જરૂરી છે.

આ અવસરે જિલ્લા પંચાયત સભ્ય દક્ષાબેન, ગાયકવાડ, ધાકલભાઈ જાંજર, મનોજભાઈ ચૌધરી, રાશેભભાઈ રાણા, મગનભાઈ રાઠોડ, અજિતભાઈ સોલંરી, પિયુષ શાહ, આયોજક સંસ્થાચઓના સંચાલકો, કપરાડા, ચાંદવેગણ ગામના સરપંચ, નવદંપતિઓ, તેમના પરિવારજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

ચેમ્બરમાં 'હાઉ ટુ ટ્રેડ ઈન ધ ન્યુ ડીકેટ' વિષય ઉપર અવેરનેસ સેશન યોજાયું

ગુજરાત અને મહારાષ્ટ્રના પાંચ ટકા લોકો શેરબજારમાં રોકાણ કરે છેઃ રાજા વેંકટ રમન

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે શનિવારે, તા. ૧૮ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ બપોરે ૨:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'હાઉ ટુ ટ્રેડ ઈન ધ ન્યુ ડીકેટ' વિષય ઉપર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ચાર્ટ એડવાઈઝના ફાઉન્ડર અને ચીફ ટેકનીકલ એનાલિસ્ટ શ્રી રાજા વેંકટરામન દ્વારા હેતુલક્ષી વકતવ્ય રજૂ કરી રોકાણકારોને મહત્વનુ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, ચેમ્બર કરન્ટ અફેર્સ અને ઈન્ડસ્ટ્રીના ઈશ્યુ વિશે એકટીવ રહીને કામ કરે છે. સાથે જ નિષ્ણાત વકતાઓને આમંત્રિત કરી ઉદ્યોગકારો તેમજ રોકાણકારોને માર્ગદર્શન મળે તેના માટે અવેરનેસ સેશન યોજે છે. આજના સેશનમાં પણ નિષ્ણાંત વકતા રોકાણકારોને યોગ્ય દિશામાં રોકાણ કરવા માટેનું માર્ગદર્શન આપશે.

વકતા શ્રી રાજા વેંકટરામને જણાવ્યુ હતુ કે, શેર બજારમાં ઈઝી મની કયારેય બનતા નથી. રોકાણકારોને માર્કેટમાં કામ કરવુ જ પડે છે. એના માટે રોકાણકારોને ટ્રેડીગ નોલેજ મેળવવુ પડે છે. રૂપિયા બનાવવા માટે રોકાણકારોને ચાર્ટ એનાલિસિસનું જ્ઞાન હોવુ જોઈએ. કારણ કે દર વખતે બદલાતા માર્કેટમાં ટકી રહેવા માટે માર્કેટની સમજણ હોવી જરૂરી છે. જેથી કરીને સામાન્ય રોકાણકાર પણ ટ્રેડીગ કરી શકે છે. તેમણે સામાન્ય રોકાણકાર પણ ચાર્ટ એનાલિસિસ કઈ રીતે કરી શકે તે અંગે પ્રેઝન્ટેશન થકી વિસ્તૃતપણે માહિતી આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ગુજરાત અને મહારાષ્ટ્રમાં પ ટકા લોકો શેર બજારમાં રોકાણ કરી પૈસા કમાવવા માટે ભાગ લઇ રહયા છે. દેશમાં આ સંખ્યા જેટલી વધશે એટલું માર્કેટ ઉચું જશે. રોકાણકારોને એન્ટ્રાટ્રેડ ટ્રેડીગ વિશે માહિતી આપી ટર્બો સ્ટ્રેટેજીમાં બાય અને સેલના ચાર્ટ અંગે સમજણ આપી હતી. આ ચાર્ટમાં બ્રેકડાઉન અથવા બ્રેકઆઉટ જોઈને કામ કરવાનુ હોય છે. બીજી સ્ટ્રેટેજી સ્પ્રીન્ટ કે જે લોન્ગ બોડી કેન્ડલ તરીકે ઓળખાય છે તેના વિશે માહિતી આપી હતી. મોમેન્ટમ ઈન્ડીકેટર વિશે સમજણ આપતા જણાવ્યુ હતુ કે રોકાણકારોએ હંમેશા પ્રાઈઝની સાથે મોમેન્ટમ જોવુ જરૂરી છે.

શ્રી વેંકટરામને વધુમાં કહયુ કે માર્કેટમાં સારો માહોલ ઉભો થનાર છે. જો કે, એના માટે કયા સેકટરમાં કામ થઇ રહયુ છે તેનો અભ્યાસ કરીને રોકાણ કરી રૂપિયા બનાવવા પડશે. તેમણે એલ્ગોજ અને આર્ટિફિશીયલ ઈન્ટેલીજન્સ વિશે પણ માહિતી આપી હતી.

ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડીટી માર્કેટ કમિટીના ચેરમેન શ્રી કેતન દલાલે સેશનનું સંચાલન કર્યુ હતુ. જયારે કમિટીના સભ્ય શ્રી દિપેશ પરીખે પ્રાસંગિક વિધી કરી હતી.

સ્ટેજ ડાન્સ કરનાર યુવાને ગળે ફાંસો ખાઈને આપઘાત કરતા ખળભળાટ

વડોદરા

વડોદરા શહેરના વાઘોડિયા રોડ ઉપર આવેલી શાંતિ નિકેતન સોસાયટીમાં રહેતા સ્ટેજ ડાન્સ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા આશાસ્પદ યુવાને મોડી રાત્રે ફાંસો ખાઈને જીવાદોરી ટુંકાવી લીધી હતી. લગ્ન પ્રસંગમાંથી પરત ફરેલા પરિવારે પુત્રને ફાંસો ખાધેલી હાલતમાં ચોંકી ઉઠ્યા હતા.

વડોદરા શહેરના વાઘોડિયા રોડ રેવા પાર્ક ગરબા ગ્રાઉન્ડ પાસે આવેલી શાંતિ નિકેતન સોસાયટીમાં ૨૧ વર્ષિય રવિ રાજેશ રાજપુત પરિવાર સાથે રહેતો હતો. રવિ ડાન્સર હતો. તે સ્ટેજ પ્રોગ્રામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રવિવારે પરિવારજનો લગ્ન પ્રસંગમાં બહાર ગામ ગયા હતા. દરમિયાન કોઈક કારણસર રવિએ ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી લીધી હતી. આ બનાવ અંગેની જાણ પાણીગેટ પોલીસને થતાં સ્ટાફ દોડી ગયો હતો. અને લાશનો કબજો લઈ પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપી હતી. આ સાથે પાણીગેટ પોલીસે આપઘાતનો ગુનો નોંધી કાર્યાવાહી હાથ ધરી છે.

નાનાપોંઢામાં જિલ્લા કક્ષાનો મેગા પશુ સારવાર કેમ્પ યોજાયો

માંદા પશુની સારવાર, સોનોગ્રાફી, પ્રજનન, સર્જરીની નિઃશુલ્ક સેવા

વલસાડ

મુખ્યતમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા પ્રેરિત કરૂણા અભિયાનને વધુ વિસ્તૃ ત કરવાના આશયથી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કપરાડા તાલુકાના નાનાપોંઢા ખાતે યોજાયેલા નિઃશુલ્કર મેગા પશુ કલ્યાકણ સારવાર કેમ્પટને વન અને આદિજાતિ વિકાસ રાજયેમંત્રી રમણલાલ પાટકર, જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, કપરાડા ધારાસભ્ય જીતુભાઇ ચૌધરી સહિત મહાનુભાવોના હસ્તે રિબીન કાપી તેમજ મંગલદીપ પ્રગટાવી ખુલ્લો મૂકાયો હતો.

આ અવસરે આદિજાતિ વિકાસ રાજયરમંત્રી રમણલાલ પાટકરે પશુ કલ્યામણ સારવાર કેમ્પ ની સફળતા માટે શુભકામના પાઠવતાં જણાવ્યું હતું કે, અબોલ પશુઓની સેવા આપવા માટે આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટપ તેમજ પશુઓ પ્રત્યેટ દયા ભાવના રાખવી દાન આપનારા પ્રયાસો અભિનંદનીય છે. રાજયચ સરકારે પક્ષીઓની ચિંતા કરી કરૂણા અભિયાન થકી ઘવાયેલા પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે સ્વૈકચ્છિચક સંસ્થાઅઓના સહયોગથી હજારો પક્ષીઓનો જીવ બચાવાના ભગીરથ પ્રયાસો હાથ ધરાયા છે. દરેક જીવ પ્રત્યેછ પ્રેમભાવ રાખવા માટે જૈન સમાજ ઉચ્ચ દષ્ટિર રાખીને કામગીરી કરી રહયા છે, જે સરાહનીય છે. આદિજાતિ વિસ્તાવરના વિકાસ માટે રાજ્યી સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. પશુપાલન વિભાગ દ્વારા દૂધાળા પશુઓ માટે સહાય આપવામાં આવે છે, જેનો ધરમપુર-કપરાડા વિસ્તા રના હજારો આદિજાતિ લોકોએ લાભ લીધો છે.

પશુ સારવાર કેમ્પત દરમિયાન પશુપાલન શિબિર અને પ્રદર્શન દ્વારા પશુપાલકો અને ખેડૂતોને પશુ સારવાર ઉપરાંત તજજ્ઞો દ્વારા જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

આ અવસરે પશુપાલન ખાતાની વિવિધ યોજનાકીય લાભોનું મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તેર વિતરણ કરાયું હતું. મંત્રીશ્રી અને મહાનુભાવોએ પશુસારવાર કેમ્પત, સંકર વાછરડી હરિફાઇ સહિત વિવિધ સ્ટોલ્સકની મુલાકાત લીધી હતી.

કેમ્પો દરમ્યાન માંદા પશુની સારવાર, પ્રજનન સંબંધી બીમારીની સારવાર, કૃમિનાશક ઉપચાર(ડી-વોર્મિંગ), રકત પરિક્ષણ, સોનોગ્રાફી, શષાક્રિયા (સર્જરી-કોઇ પણ પ્રકારની ગાંઠ, હરણીયા, પ્લારસ્ટિદક કોથળી, આંખ, શીંગડાનું કેન્સોર, હાડકાનું ફ્રેકચર) વગેરે નિઃશુલ્કક સેવાનો ત્રણ હજાર કરતાં વધુ પશુપાલકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

ઘર વેચવાનું હોવાનું જણાવી મહિલા પાસેથી ૧૦.૧૧ લાખ પડાવી લેવાયા

અવેજ વસૂલતી વખતે દંપતિએ બાહેંધરી કરાર પણ લખી આપ્યો હતો

સુરત

ડીંડોલી ઓમનગર ખરવાસા રોડ આવેલી એક ખુલ્લી જગ્યામાં આવેલા મકાનનું વેચાણ કરી આપવાનું નક્કી કરી રૂા.૧૦.૧૧ લાખ લઈ બાંહેધરી કરાર લખી આપી પાછળથી નાણાં નહીં ચૂકવી પરિણીતા સાથે વિશ્વાસઘાત કરી દંપતિ ફરાર થઈ ગયું હોવાનો બનાવ ડીંડોલી પોલીસ મથકમાં નોંધાયો હતો.

મૂળ મહેસાણા જિલ્લાના ઉજા તાલુકાના વતની અને હાલમાં ડીંડોલી ખરવાસા રોડ મિલેનિયમ પાર્ક ખાતે રહેતા વિણાબેન પટેલને ડીંડોલી પ્લોટ નં.૧૪૩૨માં આવેલુ મકાન વેચાણ આપવાનું નક્કી આરોપી રમેશ પટેલ તથા આનંદી પટેલે કર્યું હતું અને તે પેટે પરિણીતા પાસેથી રૂા.૧૦.૧૧ લાખ લીધા હતા. ગત તા.૧૧મી ઓક્ટોબર ૨૦૧૯ના રોજ રમેશ પટેલે વિણાબેનને સાટાખત કરી આપી બાંહેધરી કરાર લખી આપી રૂા.૧૦.૧૧ લાખ ચૂકવી આપવાની ખાતરી આપ્યા બાદ આરોપીઓએ નેશનલ કો.ઓ. બેંકનો ચેક લખી આપ્યો હતો. પરંતુ પાછળથી આરોપીઓએ બેંકમાં આ ચેક સ્ટોપ પેમેન્ટ કરાવી વીણાબેનને નાણાં નહીં ચૂકવી દંપતિ ફરાર થઈ ગયું હતું. ડીંડોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બજાજ ફાયનાન્સ કંપનીના નામે ૧૯.૩૯ લાખની ઠગાઈ

લોન અપાવવાની લાલચમાં છેતરપિંડી

સુરત

બજાજ ફાયનાન્સ કંપનીના નામે રૂપિયા ૧૯.૩૯ લાખની ઠગાઈ કરનાર વિરૂદ્ધ સિંગણપોર ગામના વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

સાયબર કાઈમ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સિંગણપોર ગામ નેન્સી રેસીડેન્સીમાં રહેતાં વેપારી જતીન નરેન્દ્ર મુંજબરાએ આરોપી મોબાઈલ ફોન નંબર ધારક સાવન મિત્રા, દિપ્તજીત સરકાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ફરિયાદીને ફોન કરી બજાજ ફાયનાન્સમાંથી બોલતા હોવાનું જણાવી ૪૫ લાખ રૂપિયાની લોન અપાવવાની વાત કરી અલગ અલગ ચાર્જ પેટે ફરિયાદી પાસે યુકો બેંકમાં રૂપિયા ૧૯,૩૯,૯૭૯ ભરાવી બોગસ ઈ-મેઈલ મોકલી ફરિયાદી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. સાયબર કાઈમ પોલીસે વેપારી જતીન મુંજપરાની ફરિયાદ નોંધી પો.ઈ. એ.કે. ચૌહાણે તપાસ હાથ ધરી છે.

આરોગ્ય વિભાગ દ્વારા વધુ એક ડ્રાય ડે ઉજવાયો

સુરત

સુરત મહાનગર પાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ડેંગ્યુ, ચિકનગુનિયા, મેલેરિયા જેવા રોગ ફેલાવતા મચ્છરોનાં નિયંત્રણ માટે સમગ્ર શહેરમાં 'માસ ડ્રાય ડે કેમ્પઈન' નું આજરોજ આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત ડે... તેમજ ચિકનગુનિયા રોગ માટે હાઈરીસ્ક એવા સ્લમ વિસ્તારો, સ્લમલાઈક વિસ્તારો તથા સોસાયટીઓમાં લોકોને પોતાના ઘરોમાં ડેંગ્યુ, ચિકનગુનિયા જેવા રોગો માટે જવાબદાર એડિસ મચ્છરો ની ઉત્પતિ અટકાવવા માટે પાણી ભરવાના પાત્રો જેવા કે પીપ, કેરબા, ડ્રમ, પવાલી, ડોલ, મની પ્લાન્ટ, ફોજની ટ્રે. એરકલરની ટુ, પક્ષીકુંજ, ફૂલ-છોડનાં કુંડામાં ભરાય રહેલ વધારાનું પાણી તથા ફુલ-છોડનાં કંડાની નીચે મુકવામાં આવેલ ડીસ વિગેરે દર શનિવારે સંપૂર્ણ ખાલી કરી પાત્રોની અંદરની સપાટીને કાથાની દોરી વડે ઘસી, સુકવીને ત્યારબાદ જ પાણી ભરે અને પાણી ભરવાના તમામ પાત્રો ઢાંકીને રાખવા સમજ આપવામાં આવી હતી.

રિક્ષામાં મુસાફરના રૂા.૭૩ હજાર ચોરાયા

સુરત

લીંબાયતમાં રિક્ષામાં બેઠેલા કારખાનેદારના ખિસ્સામાંથી રોકડા રૂપિયા ૭૩૦૦૦ ચોરાઈ ગયા હતા.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગોવિંદનગરમાં કારખાનું ધરાવતા અબ્દુલ મજીત સમીઉલ્લા અન્સારી ગોવિંદનગર રેલવે ગરનાળા પાસેથી રિક્ષામાં બેઠેલા હતા. ત્યારે અજાણ્યા ત્રણથી ચાર ઈસમોએ ફરિયાદીના ખિસ્સામાંથી રોકડા રૂપિયા ૭૩૦૦૦ની ચોરી કરી લીધી હતી. લીંબાયત પોલીસે ફરિયાદ દર્જ કરી હતી.

કતારગામ અને પાંડેસરાના ચાર સ્થળેથી ૨૭ જુગારી પકડાયા

સુરત

પીસીબી, કતારગામ અને પાંડેસરા પોલીસે જુગારધારા અન્વયે દરોડા પાડી ૨૭ જુગારીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પીસીબી પોલીસે વેડરોડ બહુચરનગર પ્લોટ નં.૩૦/બી ત્રીજા માળે રૂમ નં.૧માં ચાલતી જુગારની ક્લબ પર દરોડા પાડી જુગાર રમતા રાહુલ મગન પટેલ, ભરત રામા, ભગા હીરા, વિપુલ રામા, પરેશ રામજી, જીતેન્દ્ર દવા પટેલ, રમેશ પરમારની ધરપકડ કરી છ મોબાઈલ ફોન, રોકડા મળી કુલ રૂા.૩૭,૯૭૦ની મતા કબજે કરી હતી.

કતારગામ પોલીસે ધ્રુવતારક સોસાયટી અમર એપાર્ટમેન્ટ રૂમ નં.૪ના દરોડા પાડ્યા હતા. જુગારની ક્લબ ચલાવનાર રમીલાબેન ઘનશ્યામ વાઘેલાની સાથે રમીલાબેન નરેન્દ્ર ચોથાણી, કિશન પ્રજાપતિ, દિનેશ પ્રજાપતિ, અરજણ જેઠવા, પારસ ખુમાજીની ધરપકડ કરી રોકડા રૂપિયા ૨૪,૩૭૦ કબજે કર્યા હતા.

પાંડેસરા પોલીસે ભેસ્તાન એસએમસી આવાસ પાસે અને આશાપુરી સોસાયટીમાં બે સ્થળે દરોડા પાડ્યા હતા. આ બંને સ્થળેથી પોલીસે જુગાર રમતા ૧૪ જુગારીઓની ધરપકડ કરી ૧૦ મોબાઈલ ફોન અને રોકડા રૂપિયા મળી કુલ રૂા.૫૦,૪૩૦ની મતા કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આહવાની વિજ્ઞાન કોલેજમાં ૬૨ વિદ્યાર્થીઓને ટેબ્લેટનું વિતરણ

માત્ર રૂ. એક હજરમાં ટેબ્લેટ અપાયા

આહવા

સરકારી વિજ્ઞાન કોલેજ આહવા(સેમીનાર હોલ) ખાતે તા.૧૬-૦૧-૨૦૨૦ ના રોજ આચાર્ય શ્રી એન.એમ.ટંડેલ ના અધ્યક્ષ સ્થાને શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માં પ્રવેશ મેળવેલ એફ.વાય.બી.એસ.સી ના કુલ-૬૨ વિદ્યાર્થીઓને ના ટેબ્લેટ વિતરણ કરાયા હતા. સરકારશ્રીની ટેબ્લેટ પુરા પાડવાની યોજના અંતર્ગત રૂા.૧૦૦૦/- ટોકન ફી સાથે વિદ્યાર્થીઓએ ટેબ્લેટ મેળવવા અરજી કરેલ હતી. જે પૈકી તમામ વિદ્યાર્થીઓની અરજી મંજૂર થયેલ હતી.

આચાર્ય શ્રી એન.એમ.ટંડેલે સમારંભમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે ટેકનોલોજીની ઉપયોગિતા અને ટેકનોલોજીના વિકાસ સાથે કદમ મિલાવવા માટે વિદ્યાર્થીઓને સરકારશ્રીની આ યોજના અંતર્ગત ટેબ્લેટ પુરા પાડવા અને વિદ્યાર્થીઓ પોતાની ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દીના ઘડતર માટે ટેકનોલોજીનો હાથવગો ઉપયોગ કરી શકે તેવા સરકારશ્રી ના અભિગમને સાર્થક બનાવવા અનુરોધ કર્યો હતો.વધુમાં ટેકનોલોજીનો સુચારૂ ઉપયોગ કરી વિશાળ જ્ઞાન પ્રાપ્ત કરી પોતાની શૈક્ષણિક સજજતા વધારી,કારકિર્દી ના ઘડતરથી યોજના ફળદાયી બની રહેશે. ત્યારે જ સરકારશ્રીની યોજના ચરિતાર્થ થઈ ગણાશે.

ટેબ્લેટ વિતરણના આ પ્રસંગે કોલેજ સ્ટાફ,અધ્યાપકો અને તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.આ કાર્યક્રમને સફળ બનાવવા સિ.કલાર્ક કમલેશભાઈ સી.ગામીત અને અધ્યાપકોએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ અંગ્રેજી વિષયના મદદ.પ્રાધ્યાપક શ્રી નિકુંજભાઈ લાડે કરી હતી.

સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા કાર કેનાલમાં ખાબકી, ૩ વર્ષની બાળકી સહિત ૨નો બચાવ

નડિયાદ

ખેડા જિલ્લાના નડિયાદ પાસે નડિયાદ કોલેજ રોડ પર આવેલ મહિ કેનાલ પરથી એક કાર પસાર થઈ રહી હતી. ત્યારે અચાનક કાર ચલાવી રહેલ વ્યક્તિએ સ્ટીયરીંગ પરથી બેલેન્સ ગુમાવતા મોટી હોનારત સર્જાઈ હતી. સ્ટ્રેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર સીધી કેનાલમાં ગબડી પડી હતી. કારમાં એક બાળકી સહિત બે લોકો સવાર હતા.

આ ઘટના જ્યારે બની ત્યારે સ્થાનિક લોકોએ કેનાલમાં કૂદીને કારનો દરવાજો ખોલીને બાળકી સહિત બન્ને લોકોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. ત્યારબાદ ઘટનાની જાણકારી નડિયાદ ફાયરને કરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતા નડિયાળ ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. છેલ્લે મળતી માહિતી પ્રમાણે, કારને કેનાલમાંથી ક્રેનની મદદથી બહાર કાઢવાની મથામણ ચાલી રહી છે.

જનપ્રતિનિધિઓના પ્રશ્નોનો ત્વરીત નિકાલ કરોઃ કલેક્ટર ગર્ગની સૂચના

નવસારી જિલ્લા સંકલન બેઠક મળી

નવસારી

જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક કલેક્ટર ડો.વિપિન ગર્ગના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. બેઠકમાં જનપ્રતિનિધિ તરફથી રજૂ થયેલા પ્રશ્નોના યોગ્ય અને હકારાત્મક નિરાકરણ માટે સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના અને જરૂરી માર્ગદર્શન તેમજ ત્વરાથી પ્રશ્નોનુ નિરાકરણ કરવા ઉપર કલેક્ટર ડો.વિપિન ગર્ગે ભાર મૂક્યો હતો.

કલેકટર ડો.ગર્ગે વિવિધ કચેરીઓમાં રહેલા પેન્ડીંગ પ્રશ્નોના નિકાલ માટે જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરી ઘટતું કરવા અને સરકારી લેણાની વસૂલાતની કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી હતી. સાંસદશ્રી સી.આર.પાટીલ તરફથી રજૂ થયેલા વિવિધ પ્રશ્નોનાં સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવા, થયેલા કામનો વિગતવાર રિપોર્ટ રજૂ કરવા તેમજ કામગીરી ઝડપભેર કરવા જિલ્લા કલેકટરશ્રીએ અધિકારીઓને સૂચના આપી હતી. ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈએ નવસારીમાં રીવરફ્રન્ટ અંગે કરવામાં આવેલી કામગીરી અંગેના પ્રશ્નો અંગે થયેલ કામગીરીથી વાકેફ કરાયા હતા. મા કાર્ડના લાભાર્થી યોજનાના લાભથી વંચિત ન રહે તેની તકેદારી રાખવા અને આરોગ્યની વિવિધ યોજનાઓનો લાભ લોકોને મળે તે પરેત્વની રજૂઆત અંગે સંબંધિત અધિકારીઓ સંકલન કરીને યોગ્ય નિરાકરણ કરવા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું.આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી કે.જે.રાઠોડ, પ્રાંત અધિકારીશ્રીઓ સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા.

કલેકટર આર.જે.હાલાણીની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

વ્યારા

તાપી જિલ્લા કલેકટર આર.જે.હાલાણીની અધ્યક્ષતામાં આજે કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિ બેઠક યોજાઇ હતી.

બેઠકમાં લોકોની લાગણી અને માંગણીને ધ્યાને લઈ પ્રાથમિક જરૂરિયાતના કામોને પ્રાધાન્ય આપી યોજનાકિય લાભો જરૂરિયાતમંદોને સરળતાથી મળી રહે તેવો અભિગમ કેળવી કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. તદઉપરાંત નિવૃત થયેલા કર્મચારીઓને નિવૃતિ લાભો સમયમર્યાદામાં મળી જાય તે જોવા તથા સરકારી લેણા વસુલાત બાબત કામગીરીને ગંભીરતાથી લેવા તાકીદ કરી હતી.

બેઠક દરમિયાન નાગરિક અધિકારપત્ર અન્વયે મળેલી અરજીઓના નિકાલ, નિવૃત થતા કર્મચારીઓના પેન્શન કેસો, એ.જી.ઓડિટના બાકી પેરાઓ, નિકાલ માટેના બાકી કાગળો, વસુલાત, ખાતાકિય તપાસ, સી.એમ. ડેશબોર્ડ યોજનાઓની કામગીરી, વસ્તી ગણતરી-૨૦૨૧ કામગીરીની વિગતે સમીક્ષા કરવામાં આવી હતી. તદઉપરાંત વાલોડ તાલુકામાં કરવામાં આવનાર આગામી જિલ્લા કક્ષાના પ્રજાસતાક પર્વ ઉજવણીના આયોજન બાબતે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરીને કેટલાક રચનાત્મક સુચનો કલેક્ટરશ્રીએ કર્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન અધિક નિવાસી કલેકટર બી.બી.વહોનિયાએ કર્યું હતું.

બેઠકમાં આગામી તા.૩૧મી જાન્યુઆરીના રોજ નિવૃત થતા નાયબ જિલ્લા વિકાસ અધિકારી વસાવા અને લીડબેંક ઓફિસર જોટલીયાને કલેક્ટરશ્રીએ પુષ્પગુચ્છ અર્પણ કરી વિદાયમાન આપી નિવૃતિમય જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. બેઠકમાં નાયબ વનસંરક્ષક આનંદકુમાર, જિ.ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નીનામા, પ્રાંત અધિકારી હિતેન્દ્ર જોશી, પ્રા.વહીવટદાર વિજય પટેલ, કાર્યપાલક ઈજનેર અજીત વસાવા સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાંધકામ સ્થળે શ્રમિકો માટે પ્રાથમિક સુવિધાઓ ફરજીયાત

સુરત

સૂરત શહેરમાં બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, પથ્થરની ખાણ જેવી જગ્યાઓ પર કામ કરતી મહિલા મજુરોની સુરક્ષા અર્થે મદદનીશ પોલીસ કમિશનર(વિશેષ શાખા) શ્રી પી.એલ.ચૌધરીએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામા અનુસાર શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ચાલતા માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, ખાણો ખાતે મજૂરી કરતા મહિલા મજૂરો તેમજ તેમના બાળકો માટે લેબર કોન્ટ્રાકટર દ્વારા પાણી, વીજળી, રહેણાંક અને શૌચાલયને લગતી પ્રાથમિક સુવિધાઓ ફરજીયાત પૂરી પાડવાની રહેશે. જાહેરમાનાનો અમલ તા.૧૦/૦૩/૨૦૨૦ સુધી રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

ગોપી તળાવ પાસેનું રવિવારી બજાર ચાલુ રાખવા રજૂઆત

સલાબતપુરા પોલીસે બજાર બંધ કરાવી દેતા પોલીસ મથકમાં રજૂઆત

સુરત

સલાબતપુરા પોલીસ સ્ટેશનની હદમાં ઐતિહાસિક નવસારી બજારમાં દર રવિવારે ગોપી તળાવની દિવાલ(વોલ)થી ટ્રાફિકને કોઈપણ પ્રકારે નડતરરૂપ નથી એવા સ્થળ પર સવારે ૬.૦૦ કલાક થી બપોરે ૨.૦૦ કલાક સુધી 'રવિવારી બજાર' ભરાય છે.આ બજારમાં ગરીબ-શ્રમજીવી ઉપરાંત વિધવા/ત્યકતા બહેનો સહિત આશરે ૧૦૦૦ લોકો લારી-પાથરણાં પર છૂટક ઘર-વખરીનો સામન, કાપડ અને શાક-ભાજી વેચી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.આ બજારમાં વેચાણ કરનારા ઘણાં એવા વ્યક્તિઓ છે કે,જેમનું ગુજરાન માત્ર ને માત્ર આ બજાર પર જ નિર્ભર છે.

આ બજારને છેલ્લા ૨ અઠવાડિયાથી સલાબતપુરા પોલીસ સ્ટાફ બંધ કરાવી દે છે જેનું કારણ એટલુંજ છે કે,આ બજારમાં ખરીદી કરનાર વ્યક્તિઓના મોબાઈલની ચોરી થવાની ફરિયાદો થઈ છે.આ કારણસર ગરીબ-શ્રમજીવી સહિત વિધવા/ત્યકતા બહેનો સાથે અસંખ્ય લોકોને રોજી-રોટી અને પરિવારનું ગુજરાન ચલાવવાની મુશ્કેલી ઉભી થઈ રહી છે.

જેથી'રવિવારી બજાર' ના લોકો સાથે સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રી અસલમ સાયકલવાલાની આગેવાની હેઠળ સલાબતપુરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ.શ્રી પનારાને રૂબરૂમાં તેમજ ત્યારબાદ પોલીસ કમિશ્નરશ્રી આર.બી.બ્રહ્મભટ્ટ સાહેબ અને ડીસીપી ઝોન-૨ શ્રી પાંડોર સાહેબને ટેલીફોનિક આ બાબતે માનવતાના ધોરણે આ 'રવિવારી બજાર' બંધ નહીં કરવાની વિનંતી સાથેની રજુઆત કરવામાં આવેલ.

નળ સરોવર, ઈંટોના ભઠ્ઠા, ખેતર, કન્સ્ટ્રક્શન સાઈટ જેવા દુર્ગમ વિસ્તારોમાં પોલીયો રસીકરણ કરાયુ



વિરમગામ તાલુકામાં અમદાવાદ જીલ્લા તથા તાલુકા ટીમ દ્વારા પોલીયોની કામગીરીનું ક્રોસ વેરીફીકેશન કરાયુ

વિરમગામ તાલુકામાં પલ્સ પોલીયો નાબુદી અભિયાન અંતર્ગત નવજાત શિશુ થી ૫ વર્ષ સુધીના બાળકોને બુથ પર પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. પરંતુ પ્રથમ દિવસે પોલીયો બુથ પર રસી પીવાથી વંચીત રહી ગયેલા બાળકોને આરોગ્ય વિભાગની વિવિધ ટીમો દ્વારા બીજા તથા ત્રીજા દિવસે હાઉસ ટુ હાઉસ કામગીરી કરીને પોલીયોની રસી પીવડાવવામાં આવી રહી છે. અમદાવાદ જીલ્લા પંચાયત આરોગ્ય વિભાગના અધીકારીઓ અને તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામની ટીમ દ્વારા પોલીયોની હાઉસ ટુ હાઉસ કામગીરીનું ક્રોસ વેરીફીકેશન કરવામાં આવ્યુ હતુ. નળ સરોવર વિસ્તાર, ઈંટોના ભઠ્ઠાઓ, કન્સ્ટ્રક્શન સાઈટ, ખેતરો જેવા અંતરીયાળ તથા દુર્ગમ વિસ્તારોમાં કુલ ૧૪ મોબાઈલ ટીમ દ્વારા બાળકોને પોલીયો વિરોધી રસી પીવડાવીને રક્ષીત કરવામાં આવ્યા હતા. નળસરોવર આવેલા પ્રવાસીઓના બાળકોને બોટમાં પોલીયો પીવડાવવામાં આવ્યો હતો અને નળસોરવરના બેટ પર પણ બાળકોને પોલીયોથી રક્ષીત કરાયા હતા. આ કામગીરીનું અમદાવાદ જીલ્લા રોગચાળો નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઈ, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.વિરલ વાઘેલા, નીલકંઠ વાસુકિયા, ગૌરીબેન મકવાણા, જયેશ પાવરા, વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરો, અર્બન હેલ્થ ઓફિસર, આરબીએસકે મેડીકલ ઓફિસર, આયુષ મેડીકલ ઓફિસર, સુપરવાઈઝરો સહિત આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા સુપરવીઝન કરવામાં આવી રહ્યુ છે.

તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, વિરમગામ તાલુકામાં પોલીયો અભિયાનના બીજા દિવસે હાઉસ ટુ હાઉસ કામગીરી કરવામાં આવી હતી અને પ્રથમ દિવસે પોલીયો બુથ પર પોલીયોની રસી ન પીધી હોય તેવા નવજાત શિશુ થી ૫ વર્ષના બાળકો શોધવામાં આવ્યા હતા અને આ બાળકોને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઘરે જઈને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, નેશનલ હાઈવે જેવા સ્થળો પર ટ્રાન્ઝીટ બુથ ઉભા કરીને મુસાફરી કરી રહેલા નવજાત શિશુ થી ૫ વર્ષના બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસની ટીમ, વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, આયુષ મેડિકલ ઓફિસર સહિત કુલ ૨૮ સુપરવાઈઝરો દ્વારા પોલીયો અભિયાનની કામગીરીનું સુપરવીઝન કરવામાં આવ્યુ હતુ.

મોહંમદ પયગંબર સાહેબના જન્મ દિનને ગરીબો સાથે ઉજવવાનો ઉત્તમ સંદેશો આપનાર સૈયદ હસન અસ્કરી મિયાં રાજપીપળા પધારશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ખાતે ફરજંદે મોહદ્દીસે આજમે હિન્દ સૈયદ અરબીમીયા સાહબ ફરજંદે આગૌસી હુજુર સૈયદ શેખુલ ઈસ્લામ મદની મીયા સૈયદ હસન અસ્કરી મિયાં રાજપીપળામાં બે દિવસના પ્રવાસે આવશે.આ કાર્યક્રમ મોહદ્દીશે આઝમ મિશન રાજપીપળા દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે.



સૈયદ હસન અસ્કરી મિયાં આવનાર હોય એ સંદર્ભે તારીખ ૨૪ જાન્યુઅરીને શુક્રવારે નિઝામશાહા નાંદોદી (ર.અ) ની દરગાહ પરથી સવારે ૧૦ વાગે ઝુલુસ નીકળશે એ રાજપીપળાના મુખ્ય માર્ગ પર ફરીને કસબાવાડ મદ્રેસા જશે અને ત્યાં મુરીદોને મુલાકાત આપશે. ત્યાર બાદ રાજપીપળાની જામા મસ્જિદમાં જુમ્માની નમાજ અદા કરાવ્યા બાદ તણખલા ગામ જવા નીકળશે ત્યાં મગરીબ ની નમાઝ અદા કરાવશે તા.૨૫ જાન્યુઆરી એ ચાણોદ , સિસોદ્રા,ગામની મુલાકાત લઈ ત્યારબાદ મગરીબની નમાજ નિજામી મસ્જિદ રાજપીપળામાં અદા કરાવશે. અને પછી તોરણા ગામની મુલાકાત પણ લઈ પાદરા જવા રવાના થશે.

કેનાલની પાઈપમાં ૨૦ ફૂટ અંદર ફસાયેલ આધેડનું મોત નીપજ્યું

સુરત

ખડસદ ગામેથી પસાર થતી કેનાલના પાઈપમાં ૫૦ વર્ષિય મનહરભાઈ ઉકરભાઈ રાઠોડ(રહે.ખડસદ)ના કેનાલમાં પાણી છોડ્યું હોવાથી સાળા અને અન્ય શ્રમિકો સાથે સફાઈ માટે ઉતર્યા હતાં. આ દરમિયાન મનહરભાઈ પાઈપમાં અંદર જતાં રહ્યાં હતાં. જેથી મનહરભાઈના સાળા અને અન્ય લોકોએ તેને બહાર કાઢવા પ્રયાસો હાથ ધર્યા હતાં. પરંતુ તેમાં સફળતા ન મળતાં ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

ફાયરબ્રિગેડના ઓફિસર વિનોદભાઈએ જણાવ્યું હતું કે, કોલ મળતાં જ તેઓ તાત્કાલિક ઘટનાસ્થળએ પહોંચી ગયાં હતાં. પાઈપની અંદર આધેડ હોવાનું જાણ થતાં કેનાલનું પાણી બંધ કરાવવામાં આવ્યું હતું. બાદમાં પાઈપમાં પાણી હોવાથી ફાયરબ્રિગેડના જવાનો ઓક્સિજન બોટલ સાથે રાખી પાઈપમાં જઈ શકે તેમ ન હોવાથી ટ્રોલીબીએ સેટનો ઉપયોગ કર્યો હતો. ઓક્સિજન પાઈપ છેક સુધી લંબાઈને આધેડને બહાર કઢાયા હતાં. જો કે, આધેડનું મોત થઈ ચુક્યું હતું.

ખડસદ ગામમાં રહેતા અને મજૂરીકામ કરી ગુજરાન ચલાવતાં મનહરભાઈ ઉકરભાઈ રાઠોડના મોતને પગલે ત્રણ દીકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવવાની ફરજ પડી હતી. મનહરભાઈના મોતથી તેમની પત્ની અને દીકરીઓએ હૈયાફાટ રૂદન કર્યું હતું.

રાંદેરમાં કિશોરી અને પુણામાં કિશોરે કરેલી આત્મહત્યા

વરાછામાં નેપાળી યુવકે ગળે ફાંસો ખાધો

સુરત

શહેરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કર્યાના ત્રણ બનાવ સ્થાનિક પોલીસ સ્ટેશને નોંધાયા હતા.

પ્રથમ બનાવમાં વરાછા ઘનશ્યામનગરમાં રહેતા અરૂણ મનોજ ચૌધરી (નેપાળી)એ ટેમ્પાની પાછળ એંગલ સાથે કાપડનો પટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

બીજા બનાવમાં પુણાની એક સોસાયટીમાં રહેતાં ૧૪ વર્ષીય એક કિશોરે પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

ત્રીજા બનાવમાં રાંદેર રામનગર આનંદ મંગલ સોસાયટીમાં રહેતી મયુરીકાબેન જગદીશભાઈ ડાભી (ઉ.વ.૧૩)એ અગમ્ય કારણસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. સુરત શહેરમાં પ્રતિદિન સરેરાશ ત્રણ-ચાર આપઘાતના બનાવો બની રહ્યા છે અને આત્મહત્યા કરનાર કિશોર વયના છોકરા અને છોકરીઓનું ઉંચુ પ્રમાણ ખરેખર ચિંતાજનક છે. ઉક્ત ત્રણેય આપઘાતના બનાવો અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

દક્ષિણ ગુજરાતમાં શીત લહેર યથાવત નવસારીમાં ૧૧, વલસાડમાં ૧૨ ડીગ્રી

તાપમાનમાં બે ડીગ્રી જેટલો વધારો થયો : સુરતનું લઘુત્તમ ૧૪ ડીગ્રી તાપમાન નોંધાયું

સુરત

ઉત્તર ભારતમાં ગત સપ્તાહ દરમ્યાન થયેલ હિમવર્ષા બાદ શીત લહેરની અસર આજથી ઓછી થઈ છે. દક્ષિણ ગુજરાતમાં ઠંડો પવન ફુંકાતો બંધ થતાં તાપમાનમાં નજીવો વધારો થતા ઠંડીથી હંગામી રાહત મલી રહી છે. આગામી સપ્તાહ બાદ ફરી ઠંડીનું મોજુ જામે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે નોંધાયેલ વિગત અનુસાર શહેરનું અધિકતમ તાપમાન ૨૯.૮ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૪.૨ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૬ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજ શહેરનું ન્યુનતમ તાપમાન ૧૨.૮ ડીગ્રી નોંધાયું હતું. જેમાં આજે દોઢ ડીગ્રી જેટલો વધારો નોંધાયો છે.

વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૨.૫ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૨ ડીગ્રી નોંધાયું હતું.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૧.૫ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૦.૭ ડીગ્રી નોંધાયું હતું. ગતરોજની સરખામણીમાં આજે તાપમાનમાં નજીવો વધારો થયો છે. ઉત્તર દિશાથી ફુંકાઈ રહેલ શીત લહેરની અસર ઓછી થતા નવસારીવાસીઓને કાતિલ ઠંડીથી રાહત મળી છે. હજી પણ સવારના સમયે ફુલગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાય છે. આગામી સપ્તાહથી ફરી ઠંડીનું મોજુ ફરી વળે તેવી શક્યતા છે.

ધોડીપાડામાં ઘાટાળ કુળ પરિવારનું ૧૫મું વાર્ષિક સ્નેહ સંમેલન યોજાયું

સામાજિક સમેલનો થકી કૌટુંબિક ભાવના વિકસે છે : મંત્રી પાટકર

સુરત, તા.૨૦

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ધોડીપાડા સ્થિપત સાંસ્કૃતિક હોલ ખાતે મહારાષ્ટ્રસ, ગુજરાત અને દાદરા નગર હવેલીના ઘાટાળ કુળ પરિવાર આયોજિત ૧૫મું વાર્ષિક સ્નેહ સંમેલન અવસરે વન અને આદિજાતિ વિકાસ રાજયળમંત્રી રમણલાલ પાટકર વિશેષ ઉપસ્થિષત રહયા હતા.

આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વારલી સમાજે આ દેશના વિકાસ માટે ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યોત છે. સામાજિક સંગઠન આપણા સૌના માટે અગત્યેનું છે. આદિવાસી સમાજના વાલિયો લુંટારો, એકલવ્યળ અને શબરીબાઈના ઉદાહરણ આપી દેશની સ્વુતંત્રતા માટે બિરસા મુંડા સહિત અનેક આદિજાતિ સમાજના વ્યકિતઓનું યોગદાન રહયું હોવાનું તેમણે જણાવ્યું હતું.. વિવિધ સમાજ દ્વારા યોજાતા સંમેલનો થકી કૌટુંબિક ભાવના વિકસે છે, એકબીજા સાથે ઓળખાણ થાય છે, સંબધો જળવાય છે. સમાજના વિકાસ માટે સૌ પોતાનું યોગદાન આપે તે જરૂરી છે. સમાજમાં રહેલા કુરિવાજો દૂર કરવા, વ્યાસનમુક્તન બનવા સૌને અનુરોધ કરી લગ્નમાં થતા ખોટા ખર્ચાઓ ટાળવા માટે સમૂહલગ્નમાં ભાગ લેવા જણાવ્યું હતું.

આ અવસરે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે ધોરણ-૧૨ના તેજસ્વીસ તારલાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનનિત કરાયા હતા. આ અવસરે પ્રમુખ દેવરામભાઈ ઘાટાળ, શિવરામભાઈ ઘાટાળ, ગજુભાઈ ઘાટાળ, અશોકભાઈ ઘાટાળ, લક્ષ્મણભાઈ ઘાટાળ, જીગરભાઈ ઘાટાળ, મહેશભાઈ ભટ્ટ સહિત ઘાટાળ પરિવારના અગ્રણીઓ, પરિવારજનો મોટી સંખ્યામમાં હાજર રહયા હતા.

ગોડાદરા ખાડી બ્રીજ પાસે ગરમ વસ્ત્રોના સ્ટોલમાં આગ લાગી

સુરત

પરવત પાટીયા વિસ્તારમાં ગરમ કપડાના સ્ટોલ્સમાં અચાનક આગ ફાટી નીકળતા ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા ફાયર વિભાગની ૧૦ જેટલી ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી ભારે જહેમતે આગ પર કાબૂ મેળવ્યો હતો. પરવત પાટીયા વિસ્તારમાં આવેલા ગોડાદરા ખાડી બ્રિજ નજીક ગરમ કપડાના સ્ટોલ્સ બનાવવામાં આવ્યા છે. જેમાં રાત્રે અચાનક આગ ફાટી નીકળી હતી. જેના પગલે ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા ફાયર વિભાગની ૧૦ જેટલી ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જોકે, સ્ટોલ્સ પ્લાસ્ટીકના બનેલા હોવાથી ફાયરના જવાનોએ આગને કાબૂમાં લેવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. આગના પગલે ઘણા સ્ટોલ્સ સાથે ગરમ કપડા પણ બળીને ખાખ થઈ ગયા હતા. સંખ્યાબંધ ગરમ વસ્ત્રોના સ્ટોલ સળગી જતા ધંધો-રોજગાર કરતા લોકોને મોટો આર્થિક ફટકો પડ્યો છે.

મિલ્કતનું ડીમોલીશન કરાવી દેવાની અદાવતમાં હુમલો : ચાર સામે ફરિયાદ

વરિયાવી બજારમાં હુમલો કરાયો હતો

સુરત

ગેરકાયદે બાંધકામનું ડીમોલીશન કરાવવાની અદાવત રાખી ચાર જણાએ ઘાતક હથિયારથી એક વ્યક્તિ ઉપર હુમલો કર્યો હતો.

લાલગેટ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરિયાવી બજાર મરઝાન સામી મસ્જિદ સામે રહેતા હબીબુર રહેમાન અબ્દુલ ગની સૈયદે આરિફ બાબાની મિલ્કતનું ડીમોલીશન કરાવ્યું હતું. જેની અદાવત રાખી ચાર જણાએ લોખંડની પાઈપ, તિક્ષ્ણ હથિયાર સાથે ફરિયાદી હબીબુર સૈયદ (ઉ.વ.૪૮) ઉપર જીવલેણ હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા. બનાવ સંદર્ભે લાલગેટ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પબ્જી કે બ્લ્યુ વ્હેલ જેવી ગેમ રમવા પર પ્રતિબંધ યથાવત

સુરત

સુરત શહેરમાં જાહેર સલામતી અને સુરક્ષાની જળવાય રહે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બરકરાર રહે તેવા આશયથી સુરત શહેરના સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરીએ એક જાહેરનામા દ્વારા કોઈ પણ પ્લેટફોર્મ મારફતે કયુરેટરના એડમિનિસ્ટ્રેટરના રોલ પ્લે કરવા આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરીત કરતી બ્લ્યુ વ્હેલ/બ્લ્યુ વ્હેલ ચેલેન્જ જેવી ગેમ રમવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. સાથોસાથ જે પણ વ્યકિતને કોઈપણ અન્ય વ્યકિત એવી ગતિવિધિમાં ભાગ લે છે તેવું ધ્યાને આવે તો નજીકના પો.સ્ટેશમાં અથવા પોલીસ કંટ્રોલ રૂમમાં મૌખીક કે લેખિત જાણ કરવા જણાવ્યું છે.

જાહેર જનતાના તથા બાળકોના હિત માટે ઈન્ટરનેટ પ્રોવાઈડ કરતી તમામ મોબાઈલ કંપનીઓ તથા ગુગલ ઈન્ડિયા, ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, માઈક્રોસોફ્ટ જેવી તમામ કંપનીઓએ બ્લ્યુ બ્લ્યુ વ્હેલ ચેલેન્જ ગેમ તથા તેના નામે મળતી આવતી અન્ય રમતોની કોઈ પણ લિંક પોતાની કંપની મારફતે ઉપયોગમાં લેવાતી હોય તો તે હટાવી દેવાની રહેશે. અપવાદ તરીકે ગુનાની તપાસની કામગીરી તથા શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ લાગુ પડશે નહી. આ હુકમ તા.૧૨/૦૩/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

ઉધનામાં યુવક પર પથ્થર વડે હુમલો

સુરત

ઉધના હનુમાન મંદિર કોમ્યુનિટી હોલ પાસે એક યુવક પર પથ્થર વડે હુમલો કરી માર મારી પાટીલ પરિવારના ચાર ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ઉધના પોલીસ મથકમાં નોંધાયો હતો. ઉધના બીઆરસી ગાંધી કુટીર ખાતે મોતીલાલ ચૌહાણ રહે છે. ગતરોજ કલ્યાણ કુટીર ઉધના ખાતે રહેતા યુવરાજ પાટીલ, પત્ની, રાકેશ (પુત્ર), જ્ઞાનેશ્વર (પુત્ર) વગેરેઓને મોનીલાલ ચૌહાણે તુ મારા ઘરે આવીને કેમ હેરાન પરેશાન કરે છે ? તેવુ કહેતા ચારેય ઈસમોએ ભેગા મળી મોતીલાલને માર મારી પથ્થર વડે હુમલો કરી માથાના ભાગે તથા શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઉધના પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

લિંબાયત ઝોને બાકી વેરો વસુલ કરવા ૨૦૫ મિલ્કતોને સીલ કરી

સ્થળ પર રૂ. ૪૩.૨૫ લાખના બાકી વેરાની વસુલાત

સુરત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના મે. આસી. કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ રીગરોડ માર્કેટ એરીયા, આંજણા તેમજ ભાઠેના વિસ્તારમાં આવેલ કોર્મશીયલ અને ઈન્ડસ્ટ્રીયલ મિલકતોમાં વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં ૨૦૫ મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવેલ છે.

આથી ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ રૂ.૪૩,૨૫,૩૯૧-૨કમની વસુલાત કરી દીધેલ છે. વધુમાં, આગામી દિવસોમાં પણ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે.આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ૩નાં મોત, ૧૫ ઘાયલ



બે દિવસમાં રાજ્યમાં ૧૩ અકસ્માત, એનઆરઆઈ સહિત ૩૧નાં મોત

બે દિવસ ગુજરાત માટે કપરા રહ્યા છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં અંદાજે ૧૫થી વધુ અકસ્માત થયા છે. આ દુર્ઘટનાઓમાં એનઆરઆઈ સહિત ૩૧થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જેમાં રવિવારે ૨૮ના જ્યારે ૩ લોકોના મોત થયા છે. જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થતા આસપાસની હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. અકસ્માત પાછળ ધુમ્મસભર્યું વાતાવરણ, રસ્તાઓ તેમજ ચાલકની બેદરકારી મુખ્ય કારણ જણાય રહ્યું છે. દુર્ઘટનામાં કોઈએ આખો પરિવાર તો કોઈએ માતા-પિતા કે ભાઈ-બહેન ગુમાવતા રવિવારનો દિવસ શોકમય બન્યો હતો. રાજ્યનો ભાગ્યે જ કોઈ જિલ્લો બાકી હશે જ્યાં આકસ્મિક ઘટના નહી ઘટી હોય.

ભરૂચ

ગુજરાતમાં ફરી એકવાર હાઈવે રકત રંજીત બન્યો છે. રવિવારે બગોદરા લીંબડી હાઈવે પર બે અકસ્માતમાં ૮ લોકોનાં મોત નિપજ્યા હતા. ત્યારે સોમવારે ભરૂચ હાઈવે પર ખાનગી લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૩ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજયાં હતા. જયારે ૧૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ મામલે પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

પ્રાથમિક માહિતી અનુસાર આ ખાનગી લક્ઝરી બસ સુરતથી અમદાવાદ તરફ જઈ રહી હતી. ત્યારે ને.હા ૪૮ પર લુવારા નજીક લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને કારણે હાઈવે પર લોકોની કિકિયારીઓ ગુંજી ઉઠી હતી. તાત્કાલિક સ્થાનિકોએ દોડી આવીને બસમાં ફસાયેલાં લોકોને બહાર કાઢ્યા હતા. પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

સ્થાનિક લોકો અને પોલીસે ઈજાગ્રસ્ત લોકોને બસમાંથી બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક જાણકારી પ્રમાણે આ અકસ્માતમાં ૧૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અને લોકોનાં જણાવ્યા અનુસાર ટ્રક યુ ટર્ન લઈ રહ્યો હતો ત્યારે બસ સાથે તેની ટક્કર થઈ હતી. હાલ આ મામલે પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

જીતનગરની રાજપીપળા જિલ્લા જેલમાં શિયાળાની આકરી ઠંડીમાં ગરમ ધાબળાનું વિતરણ







નર્મદા ગ્રાહક સહકારી મંડળી રાજપીપળા દ્વારા જેલના ૫૧ કેદીઓને ધાબળા આપી ઠંડી સામે રક્ષણ આપાયું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

જીતનગર ખાતે આવેલી રાજપીપળા ની જિલ્લા જેલના કેદીઓને હાલ પડી રહેલી આકરી ઠંડીમાં રાહત મળે તેવા ઉમદા હેતુ થી નર્મદા ગ્રાહક સહકારી મંડળી રાજપીપળાના પ્રમુખ ઐયાઝભાઈ આરબ દ્વારા ગરમ ધાબળા આપી માનવતા દેખાડાઈ હતી.જેલ ખાતે ધાબળા વિતરણ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ઐયાઝભાઈ આરબ સાથે જેલ સુપ્રીટેન્ડન્ડ ગમારા,જેલનો વહીવટી સ્ટાફ અને કેદીઓ હાજર રહ્યા હતા.હાલની આકરી ઠંડી માં આ સંસ્થા દ્વારા વિનામૂલ્યે ગરમ ધાબળા નું વિતરણ થતા કેદી ભાઈઓમાં આનંદ જોવા મળ્યો હતો.

રાજપીપળા રેંજ ફોરેસ્ટ કોલેજ ખાતે પર્યાવરણ બચાવ અભિયાન હેઠળ રાજ્ય કક્ષાની તાલીમ





- સરકાર દ્વારા ૧૦૦ જેટલા તજજ્ઞો તૈયાર કરી રાજ્યમાં જાગૃતિ લાવવા પ્રયાસ
- ગુજરાતને હરિયાળું બનાવવા અને પ્રદુષણ ઘટાડવા કેન્દ્રીય સાયન્સ અને ટેક્નોલોજી વિભાગની પહેલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

દેશના તમામ શહેરોમાં સિમેન્ટના જંગલો ઉભા થઈ રહ્યા છે અને વૃક્ષો નાશ પામી રહ્યા છે ત્યારે દુનિયાને ગ્લોબલ વોર્મિંગથી બચાવવા જંગલ વિસ્તારો છે જેને એકદમ ઘાઢ હરિયાળો બનાવવો જરૂરી છે અને જો પર્યાવરણ ના પ્રદુષણ ને અટકાવીશું નહિ તો પૃથ્વી પર મોટો ખતરો છે જેને લઈને કેન્દ્રના સાયન્સ એન્ડ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા એક જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું છે. જેનો વિષય 'કુદરતી વાતાવરણ અને પ્રદુષણ' નો છે.જેના પર દેશના વિશિષ્ટ તજજ્ઞો દ્વારા ગુજરાતના તમામ જિલ્લાઓ માંથી એકલવ્ય મોડલ રેસિડેન્ટલ સ્કૂલ અને કોલેજના ગણિત વિજ્ઞાનના શિક્ષકો ને પાંચ દિવસની તાલીમ આપવામાં આવનાર છે આ તાલીમનો રાજપીપળા રેંજ ફોરેસ્ટ કોલેજ ખાતે પ્રારંભ થઈ ગયો છે.

વિજ્ઞાન પ્રસારણ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ, ભારત સરકાર, ગુજકો, વન વિભાગ અને આદિજાતિ વિભાગના સંયુક્ત ઉપક્રમે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં IFS એસ. એન. ત્યાગી, ગુજ કોસ્ટના ડો. નરોત્તમ સહુ, પ્રિન્સિપાલ નીરજ કુમાર સહીત મંથન લોકવિજ્ઞાન કેન્દ્રના અધિકારીઓ હાજર રહ્યા હતા. જેમણે વિવિધ પ્રદુષણ બાબતે માહિતી આપી હતી. અને પર્યાવરણ બચાવવા હવાનું પ્રદુષણ,અવાજ પ્રદુષણ ઓછું કરવા સાથે જરૂરી જાગૃતિ લાવવા તાલીમમાં જણાવ્યું હતું.

આ શિબિરમાં તાલીમ મેળવનાર તમામ શિક્ષક ગ્રુપ શાળાઓ અને તાલુકા કક્ષાએ શિબિરો લેશે અને જેમણે મેળવેલું જ્ઞાન અન્ય શિક્ષકોમાં ફેલાવશે. આમ આ તાલીમ સમગ્ર જિલ્લામાંઓમાં થઈ રાજ્યોમાં અને પુરા ભારત વર્ષમાં જાગૃતિ લાવવાનો સરકાર દ્વારા એક પ્રયાસ કરવામાં આવ્યો છે.

સુરત-ભુવનેશ્વર વચ્ચે હવાઈ સેવાનો થયેલો શુભારંભ

બેંગ્લુરુથી ઉપડેલી ફ્લાઈટ વાયા ભુવનેશ્વર થઈ સુરત આવી

સુરત

શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વસતા ઓરિસ્સાવાસીઓની લાંબા સમયની માંગણી બાદ આજથી એર ઈન્ડિયાએ સુરતને સપ્તાહમાં બે દિવસ ભુવનેશ્વર અને બેંગ્લોરની ડાયરેક્ટ નવી ફ્લાઈટ શરૂ કરી છે. સુરત એરપોર્ટ ખાતે આજે સવારે નવી ફ્લાઈટને ભવ્ય આવકાર આપવામાં આવ્યો હતો.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ એર ઈન્ડિયા દ્વારા સુરતથી ભુવનેશ્વર-બેંગ્લોરની નવી ફ્લાઈટનું આજે સવારે સુરત એરપોર્ટ ઉપર આગમન થયું હતું. રાબેતા મુજબ નવી ફ્લાઈટને વોટર શાવરથી સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટ ખાતે સુરતના સાંસદો, ઓરિસ્સા સમાજના આગેવાનો અને એરપોર્ટના અધિકારીઓએ એકબીજાને શુભેચ્છા આપી હતી. આજે ૨૦ જાન્યુઆરીથી સુરતથી ભુવનેશ્વર-બેંગ્લોરની ફ્લાઈટ શરૂ થઈ છે. આ ફ્લાઈટ સોમવાર, ગુરૂવાર, શુક્રવાર અને રવિવારના રોજ ઓપરેટ થશે. સપ્તાહમાં બે દિવસ અલગ-અલગ રોટેશન મુજબ ભુવનેશ્વર-બેંગ્લોરની ડાયરેક્ટ કનેક્ટીવિટી મળશે.

શુક્રવાર અને રવિવારના રોજ ફ્લાઈટ બેંગ્લોર-સુરત-ભુવનેશ્વર-બેંગ્લોરની રહેશે. જયારે સોમવાર અને ગુરૂવારના રોજ ફ્લાઈટ બેંગ્લોર-ભુવનેશ્વર-સુરત-બેંગ્લોરની રહેશે. સુરતથી ડાયરેક્ટ ભુવનેશ્વર જવા માંગતા ઓરિસ્સાવાસીઓને સપ્તાહમાં બે દિવસ શુક્રવાર અને રવિવારના રોજ ડાયરેક્ટ ફ્લાઈટ મળશે. તેવી જ રીતે ભુવનેશ્વરથી સુરત આવનારા પ્રવાસીઓને સોમવારે અને ગુરૂવારે ડાયરેક્ટ ફ્લાઈટ મળશે. બેંગ્લોરની સુરત સાથે નવી ફ્લાઈટમાં ચારે દિવસ કનેક્ટીવિટી મળશે. સોમવાર-ગુરૂવારની ડાયરેક્ટ બેંગ્લોરની તથા શુક્રવાર રવિવારે વાયા ભુવનેશ્વર થઈ બેંગ્લોરની કનેક્ટીવિટી મળશે.

બેંગ્લોર-ભુવનેશ્વર-સુરત-બેંગ્લોર ફ્લાઈટ સોમવાર ગુરૂવારે સવારે ૮.૪૦ કલાકે ભુવનેશ્વરથી ઉપડશે અને સવારે ૧૦.૪૦ કલાકે સુરત આવશે અને ૧૧ કલાકે બેંગ્લોર જવા રવાના થશે. બેંગ્લોર-સુરત-ભુવનેશ્વર-બેંગ્લોર ફ્લાઈટ શુક્રવાર અને રવિવારે ૬.૧૦ કલાકે બેંગ્લોરથી ઉપડશે ૮ કલાકે સુરત આવશે. ૮.૩૦ કલાકે સુરતથી ભુવનેશ્વર માટે ઉપડશે. ૧૦.૩૦ કલાકે ભુવનેશ્વર પહોંચશે.

અમરોલીમાં પિતા-બે બહેનો પર ભાઈ દ્વારા પાઈપ વડે હુમલો

ઘર કંકાસમાં ઝઘડો વધી પડતા મારામારી

સુરત

અમરોલી ગણેશપુરા ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે રહેતી એક મહિલા, પિતા અને બહેનને લોખંડની પાઈપ વડે હુમલો કરી એક આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ભાવનગર જિલ્લાના વતની અને હાલમાં અમરોલી ગણેશપુરા ગુ.હા. બોર્ડમાં વર્ષાબેન ગિરીશભાઈ સોંધરવા રહે છે. ગતરોજ રાત્રિના સુમારે આરોપી કિશનભાઈ ગિરીશભાઈ સોંધરવાએ નજીવી બાબતમાં ઉશ્કેરાઈ જઈ બહેન વર્ષાબેન, પિતા ગિરીશભાઈ તથા અન્ય એક બહેનને લોખંડની પાઈપ વડે માર મારી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. અમરોલી પોલીસ મથકમાં સગીબેને ભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નાસ્તાની લારી ચલાવતા પિતા અને પુત્ર પર હુમલો કરાયો

નાસ્તો આપવામાં મોડુ થતાં કાર ચાલક ઉશ્કેરાયો

સુરત

કાપોદ્રામાં નાસ્તાની લારી ચલાવનાર પિતા-પુત્ર ઉપર કારમાં આવેલા વ્યક્તિએ ઝઘડો કરી પથ્થર મારી ઈજા પહોંચાડ્યાની ઘટના કાપોદ્રા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી.

ભગવતી સોસાયટીના ખૂણા પાસે નાસ્તાની લારી ધરાવતા જીગ્નેશકુમાર જયંતિલાલ લક્કડે આરોપી કાર ચાલક (ગાડી નં.જીજે-૦૫-જેક્યુ-૧૯૨૯) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી કાર ચાલકને નાસ્તો આપવામાં મોડુ થતા આરોપીએ ફરિયાદી જીગ્નેશકુમાર અને તેના પિતા સાથે ઝઘડો કરી ઝપાઝપી કરી પથ્થરથી હુમલો કરી ઈજા પહોંચાડી નાસી ગયો હતો. કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મિલમાં કામ કરતા યુવકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી

સુરત

પાંડેસરા વિસ્તારમાં આવિર્ભાવ સોસાયટીમાં બજરંગ સિંધાલ નામના યુવકની હત્યા કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. હાલ હત્યાને લઈને એક શંકાસ્પદ યુવકની અટકાયત પૂછપરછ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પાંડેસરા વિસ્તારમાં મૂળ રાજસ્થાનનો વતની બજરંગ સિંધાલ(ઉ.વ.૪૫) રહેતો હતો અને નજીકમાં જ આવેલી મિલમાં કામ કરતો હતો. બજરંગનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. એક શંકાસ્પદ યુવકની પોલીસે અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા પ્રવાસીઓ પ્રશાસનની સરાહનીય કામગીરી જોઈ ખુશ થયા

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવેલા પ્રવાસીઓ માટે પહેલી વખત પોલિયો રસીકરણ યોજાયું જેમાં ૪૯૧ પ્રવાસીઓના બાળકોને ટીપાં પીવડાવાયા

નર્મદામાં પોલિયો રસીકરણ અભિયાન હેઠળ ૫૨,૬૦૦ બાળકોને પોલિયો રસી પીવડાવવાનો લક્ષ્યાંક : ૩૭૬ બુથો પર થઈ કામગીરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



દેશમાંથી પોલિયો નાબૂદ કરવા ફરી એકવાર પોલિયો રવિવારના રસીકરણ નો કાર્યક્રમ થયો જેમાં આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર નર્મદા જિલ્લામાં પોલિયો અભિયાન ચલાવામાં આવ્યું અને આરોગ્યની ટીમે દર વર્ષની માફક શાળાઓ, આંગણ વાડી ખાતે પોલિયોના બુથ બનાવી બાળકોને પોલિયોના ટીપા પીવડાવ્યા હતા.જોકે આ વખતે મુખ્ય વહીવટદાર અને જિલ્લા કલેકટર મનોજ કોઠારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના જોઈન્ટ સીઈઓ નિલેશ દુબેના પ્રયાસથી પ્રથમવાર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પોલિયો રસિકરણનું આયોજન થયું જેમાં ૪૯૧ થી વધુ પ્રવાસીઓના બાળકોએ રસીકરણનો લાભ લીધો.

જિલ્લા આરોગ્ય અધિકારી કે. પી. પટેલ, એડીએચઓ ડો.વિપુલ ગામીતના માર્ગદર્શન હેઠળ નર્મદા જિલ્લાના ૧૬૭૪ જેટલા કર્મચારીઓની ટિમોં એ જિલ્લામાં ૩૭૬ જેટલા બુથો બનાવી બાળકોને રસીકરણ પીવડાવવાની કામગીરી કરી જેમાં ૧૯ જેટલા અલગ અલગ બુથોમાં એસ.ટી.બસ સ્ટેન્ડ સહિતના જાહેર સ્થળ પર પોલિયોની રસી પીવડાવી હતી.સાથે સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પહેલીવાર બુથ ઉભું કરી ત્યાં ફરવા આવતા પ્રવાસીઓના બાળકોને પોલિયો રસી પીવડાવાઈ હતી.જેમાં ૪૯૧ જેટલા ઓરવસીઓના બાળકોએ લાભ લીધો હતો.

સ્ટેચ્યું ઓફ યુનિટી પ્રશાસનની સરાહનીય કામગીરીને કારણે પ્રવાસીઓ ખુશ થયા જેમાં સ્મિતાબેન નામના પ્રવાસીએ જણાવ્યું હતું કે સાચા અર્થમાં યુનિટી પ્રશાસન અહીંયા આવતા પ્રવાસીઓ અને તેમના બાળકોની ખાસ કાળજી રાખે છે એ ખૂબ સારી બાબત છે.